અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 03 જુલાઈ 2026 શુક્રવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 3 | અંક : 04 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  ખામેનીના અંતિમ સંસ્કારમાં પુત્ર મુજતબા સામેલ નહીં થાય: ઈઝરાયલી હુમલાનો ખતરો

4  યુરોપમાં બે દાયકામાં ગરમી 200 ગણી વધી ગઈ!

6  ટીમ ઈન્ડિયાનો નવો સિક્સર કિંગ: ઈંગ્લેન્ડમાં અભિષેક શર્માએ બનાવ્યા બે ઐતિહાસિક રેકોર્ડ

7  સેન્સેક્સમાં 400 પોઈન્ટની તેજી: 77,300 પર કારોબાર કરી રહ્યો છે, નિફ્ટીમાં પણ 100 પોઈન્ટનો ઉછાળો.....


### મંદિર અને પોલીસ સ્ટેશનના વીડિયો મોકલતા હતા પાકિસ્તાન

# દિલ્હીને ધ્રુજાવવાનું કાવતરું નિષ્ફળ: 4 આતંકીઓની ધરપકડ

## પોલીસે કેસમાં પંજાબ અને દિલ્હીથી ચાર આતંકીઓની ધરપકડ કરી, જેઓ પાકિસ્તાની હેન્ડલરના ઈશારે દિલ્હીને હચમચાવી નાખવાનું કાવતરું ઘડી રહ્યા હતા

**નવી દિલ્હી, તા.02**

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે એક મોટા આંતરરાજ્યીય ઓપરેશનમાં પાકિસ્તાનની એજન્સી ISI સમર્થિત આતંકવાદી અને હથિયાર તસ્કરી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે આ કેસમાં પંજાબ અને દિલ્હીથી ચાર આતંકીઓની ધરપકડ કરી છે, જેઓ પાકિસ્તાની હેન્ડલરના ઈશારે રાજધાની દિલ્હીને હચમચાવી નાખવાનું કાવતરું ઘડી રહ્યા હતા. પકડાયેલા આતંકીઓ પાસેથી તુર્કી મેડ જિગાના પિસ્તોલ સહિત બે વિદેશી પિસ્તોલ, નવ કારતૂસ અને પાંચ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે.

સ્પેશિયલ સેલના ડીસીપી પ્રવીણ કુમાર ત્રિપાઠીના



જણાવ્યા અનુસાર, એસીપી વિવેક કુમાર ત્યાગી, ઈન્સ્પેક્ટર સતીશ રાણા અને ઈન્સ્પેક્ટર અશોકની ટીમને ટેક્નિકલ અને ખુફિયા ઈનપુટ મળ્યા હતા કે પાકિસ્તાનમાં બેઠેલો ISI હેન્ડલર શાહઝાદ ભટ્ટી પોતાના સાથીઓ સાથે મળીને દિલ્હી-NCRમાં કોઈ મોટી આતંકી ઘટના અંજામ આપવાની તૈયારીમાં હતો. આ માટે તેણે પંજાબના સ્થાનિક યુવાનોને પોતાના જાળમાં ફસાવ્યા હતા.

પ્રારંભિક તપાસ બાદ સ્પેશિયલ સેલે ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી. ત્યારબાદ દિલ્હી અને પંજાબમાં અનેક સ્થળોએ તાબડતોડ દરોડા પાડવામાં આવ્યા. સૌથી પહેલા પંજાબના અમૃતસર (મજીઠા રોડ)થી શુભદીપ સિંહ ઉર્ફે વિશાલની ધરપકડ કરવામાં આવી. તેની પાસેથી એક સેમી-ઓટોમેટિક પિસ્તોલ, પાંચ કારતૂસ અને બે મોબાઈલ મળ્યા. પૂછપરછમાં તેણે કબૂલ્યું કે, તે શાહઝાદ ભટ્ટી નેટવર્કના પાકિસ્તાની હેન્ડલર્સ સાથે સીધા સંપર્કમાં હતો અને ડ્રોનના માધ્યમથી હથિયાર તેમજ ડ્રગ્સની ખેપ મેળવતો હતો.

શુભદીપ પાસેથી મળેલી માહિતીના આધારે પંજાબમાંથી તેના બે અન્ય સાથીઓ ગુરજંત સિંહ ઉર્ફે ઋષિ અને સાજન સિંહ ઉર્ફે હનીને પકડી પાડવામાં આવ્યા. તેમની પાસેથી 'જિગાના પિસ્તોલ' અને ચાર કારતૂસ જપ્ત કરવામાં આવ્યા. ત્યારબાદ આગળ કાર્યવાહી કરતાં પોલીસે ગગનપ્રીત નામના ચોથા આતંકીની દિલ્હીથી ધરપકડ કરી. તેના મોબાઈલમાંથી અનેક આપત્તિજનક પુરાવા મળ્યા છે.

પકડાયેલા આરોપીઓમાંથી ગગનપ્રીતને પાકિસ્તાની હેન્ડલર્સે અત્યંત જોખમી કામ સોંપ્યું હતું. તેણે દિલ્હીમાં પોલીસ સ્ટેશનો, પોલીસ ચોકીઓ અને મુખ્ય ધાર્મિક સ્થળોની રેકી કરી લીધી હતી અને તેના વીડિયો બનાવીને પાકિસ્તાન મોકલ્યા હતા. તેને દિલ્હીમાં કોઈ સ્થળે તાબડતોડ ફાયરિંગ કરીને આતંક ફેલાવવાનું પણ ટાસ્ક આપવામાં આવ્યું હતું.

# અયોધ્યા રામ મંદિર દાન ચોરી કૌભાંડમાં સુપ્રીમ કોર્ટની દેખરેખમાં તપાસની માંગ: કોંગ્રેસનો PM મોદીને પત્ર

**નવી દિલ્હી, તા.02**

કોંગ્રેસે અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરી મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે આજે વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે, જેમાં તેમણે દાન ચોરીના મામલાની તપાસ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ કરવાની માંગ કરી છે.

વેણુગોપાલે પત્રમાં લખ્યું છે કે, રામ મંદિરમાં દાનની ચોરી થવાની ઘટનાએ આખા દેશને હચમચાવી નાખ્યો છે. કરોડો શ્રદ્ધાળુઓએ પોતાની મહેનતની કમાણી ભગવાન શ્રી રામના નામે દાન કરી હતી, પરંતુ આ આસ્થા સાથે વિશ્વાસઘાત થયો છે.

તેમણે એવું પણ કહ્યું કે, સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સાર્વજનિક ભૂમિ પર અયોધ્યા રામ મંદિરનું નિર્માણ કરાયું છે. મંદિરના સંચાલન માટે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર ટ્રસ્ટની પણ રચના કરવામાં આવી છે. આવી સ્થિતિમાં મંદિર વહીવટીતંત્ર અને તેની સંપૂર્ણ જવાબદારી કેન્દ્ર સરકારના દાયરામાં આવે છે.



કોંગ્રેસ મહાસચિવે આક્ષેપ કર્યો છે કે, કથિત ચોરીને લઈને અગાઉ અનેક વખત ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તેને નજરઅંદાજ કરવામાં આવી. તેમણે દાવો કર્યો છે, જવાબદાર લોકોએ જાણીજોઈને કોઈ કાર્યવાહી કરી નથી, જેના કારણે કરોડો રૂપિયાનો કથિત ગોટાળો કરવાની તક મળી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi)ને લખાયેલા પત્રમાં કોંગ્રેસે SIT દ્વારા થઈ રહેલી તપાસ પર પણ સવાલ ઉઠાવ્યા છે. વેણુગોપાલે કહ્યું કે, SIT દ્વારા અત્યાર સુધીમાં જે કાર્યવાહી કરવામાં આવી છે, તે આંખોમાં ધૂળ નાખવા જેવી છે. એવું લાગી રહ્યું છે કે, મોટા આરોપીઓને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

કોંગ્રેસે દાવો કર્યો છે કે, દાન ચોરીની ઘટના માત્ર નાણાંકીય ગેરરીતિનો મામલો જ નહીં, ધાર્મિક આસ્થાના રાજકીય અને આર્થિક ઉપયોગનો ગંભીર મુદ્દો છે. કોંગ્રેસે વડાપ્રધાનને માંગ કરી છે કે, દાન ચોરીની તપાસ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ, તાત્કાલીક અને નિષ્પક્ષ થવી જોઈએ, જેથી સત્ય સામે આવે અને આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી થાય.

### ભારત પાસે ર મહિના પહેલાં ઊંચા ભાવે ખરીદેલો જૂનો સ્ટોક હોવાથી તત્કાલ રાહત નહીં

# આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઘટવા છતાં દેશમાં હાલ પેટ્રોલ-ડીઝલ સસ્તું થવાના કોઈ એંધાણ નહીં: કેન્દ્રીય મંત્રી હરદીપ પુરી

**નવી દિલ્હી, તા.02**

અમેરિકા અને ઈરાન વચ્ચે MoU થઈ ગયા પછી હોર્મુઝની કટોકટી પણ ટળી ગઈ છે. આ પછી ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટવાની આશા રાખવામાં આવી રહી છે. જો કે, આ અંગે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરીનું કહેવું છે કે જો આગામી 2-3 મહિના સુધી ઘટાડો ચાલુ રહેશે તો કિંમતો ઘટી શકે છે. જેનો સીધો મતલબ છે કે વર્તમાનમાં ઈંધણમાં ભાવ ઘટાડવાનો સરકારનો કોઈ મૂડ નથી. તેમણે દાવો કર્યો હતો કે પશ્ચિમ એશિયાની કટોકટીના કારણે વિશ્વભરમાં પેટ્રોલના ભાવમાં 35 ટકા સુધીનો વધારો થયો છે, જ્યારે ભારતમાં માત્ર 5.58% નો વધારો થયો છે.

અમે આજે એ સ્ટોકનો ઉપયોગ કરી રહ્યા છીએ, જે અમે બે મહિના પહેલા ખરીદ્યો હતો. જો આ ઘટાડો 2-3 મહિના સુધી ચાલુ રહેશે તો અમે જોઈશું, પરંતુ આ એક કાલ્પનિક સ્થિતિ છે. 30 જૂન સુધી પેટ્રોલ-ડીઝલ અને એલપીજીને પડતર કિંમત કરતાં ઓછી કિંમતે વેચવાને કારણે ક્રૂડ કંપનીઓને 74,781 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવ ઘટ્યા છે, પરંતુ કંપનીઓ હજી પણ એ ક્રૂડ ઓઈલની પ્રક્રિયા (પ્રોસેસ) કરી રહી છે, જે પશ્ચિમ એશિયાની કટોકટી દરમિયાન ખરીદવામાં આવ્યું હતું.



કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ કેટલાક આંકડા રજૂ કરતા જણાવ્યું કે વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘણો ઓછો વધારો થયો છે. ચાર મહિનામાં પેટ્રોલના ભાવ ફ્રાન્સમાં 17.74%, જર્મનીમાં 19.05% અને ઈટાલીમાં 18.39% વધ્યા છે. આપણા પડોશી દેશોની વાત કરીએ તો પાકિસ્તાનમાં 39.77%, શ્રીલંકામાં 36.66%, નેપાળમાં 20.3% અને બાંગ્લાદેશમાં 42.69% કિંમત વધી છે. વિકસિત દેશોમાં પેટ્રોલની કિંમતમાં લગભગ 20% અને ભારતના પડોશી દેશોમાં લગભગ 35% નો વધારો થયો છે, પરંતુ ભારતમાં પેટ્રોલની કિંમતમાં માત્ર 5.58% નો વધારો થયો છે. જૂન 2022 થી જૂન 2026 વચ્ચે દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં 5.58% અને ડીઝલની કિંમતમાં 6.23% નો વધારો થયો છે.

હોર્મુઝ કટોકટીની ભારત પર કોઈ અસર જોવા મળી નથી. અમે આટલું સારું પ્રદર્શન કેવી રીતે કર્યું અને કોઈપણ શટડાઉન કે ઈંધણની અછત વિના કટોકટીમાંથી કેવી રીતે બહાર નીકળ્યા? માર્ચ, એપ્રિલ, મે અને જૂનના આખા સમયગાળા દરમિયાન ક્યાંય પણ ઈંધણની અછત થઈ નથી. એકંદરે, ન તો કોઈ અવરોધ આવ્યો, ન કોઈ અછત થઈ અને ન તો લાંબી લાઈનો લાગી. લોકોને હંમેશા કહેતો આવ્યો છું કે ભારત જેવો દેશ પોતાનામાં અનોખો છે. તમે અમારી ક્ષમતાને માત્ર SPR (સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ)માં રહેલા ભંડારના આધારે માપી શકતા નથી.

હોર્મુઝ કટોકટીના કારણે ભારતમાં ઘણી વખત પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવામાં આવ્યા હતા. હવે જ્યારે કટોકટી ટળી ગઈ છે, ત્યારે આશા છે કે ટૂંક સમયમાં જ કિંમતો ક્યારે ઓછી થઈ શકે છે? આ અંગે જ્યારે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે હરદીપ પુરીએ કહ્યું કે-છેલ્લા ચાર વર્ષમાં દિલ્હીમાં પેટ્રોલની કિંમત લગભગ 96 રૂપિયા પ્રતિ લીટરથી વધીને 102 રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે એક્સાઈઝ ડ્યુટી ઘટાડીને ગ્રાહકો પરનો બોજ ઓછો કરવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલા આ નિર્ણય લીધો હતો, ત્યારે સરકારે પેટ્રોલ પર 10 રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ પર 10 રૂપિયા પ્રતિ લીટર એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી, જેનાથી સરકારને લગભગ 1 લાખ કરોડના મહેસૂલનું નુકસાન થયું હતું.

ખાનગી ક્ષેત્રની કંપનીઓ અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પાસે અત્યારે જે સ્ટોક છે, તે બે થી અઢી મહિના પહેલા ખરીદવામાં આવ્યો હતો, જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા હતા. જ્યાં સુધી તમારા એ સવાલની વાત છે કે કિંમતો વધુ ક્યારે ઓછી થઈ શકે છે, તો જો કિંમતો વર્તમાન સ્તરે જળવાઈ રહેશે, તો આવનારા સમયમાં સ્થિતિ વધુ સ્પષ્ટ થશે. મારા માટે આ અંગે કોઈ અંદાજ લગાવવો યોગ્ય રહેશે નહીં.

# મોદીએ જાપાનના PMને નાની બહેન કહ્યા: જાપાનની મદદથી દેશમાં ખાતરના 1000 કારખાના લાગશે....

**નવી દિલ્હી, તા.02**

ભારત અને જાપાને આર્થિક ભાગીદારીને નવી ગતિ આપવાનો નિર્ણય કર્યો છે. ભારત-જાપાન જોઈન્ટ ઈકોનોમિક ફોરમમાં વડાપ્રધાન મોદીએ જાપાની કંપનીઓની મુશ્કેલીઓ દૂર કરવા માટે 'જાપાન બિઝનેસ વીક' શરૂ કરવાની જાહેરાત કરી. આ અંતર્ગત PMOના વરિષ્ઠ અધિકારીઓ સીધા જાપાની રોકાણકારો સાથે વાતચીત કરશે.

મોદીએ કહ્યું કે આજે દુનિયામાં વેચાતી સુઝુકીની બે તૃતીયાંશ કારો ભારતમાં બની રહી છે અને તેને 100થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે જાપાનના સહયોગથી દેશમાં લગભગ 1000 ખાતર (ફર્ટિલાઈઝર) કારખાના સ્થાપિત કરવામાં આવશે.

બંને દેશોએ આગામી 10 વર્ષમાં ભારતમાં 10 ટ્રિલિયન યેનના જાપાની રોકાણનું લક્ષ્ય પણ રાખ્યું છે. પીએમ મોદી અને જાપાનના વડાપ્રધાન સાને તાકાઈચીએ હરિયાણાના ખરખોડામાં મારુતિ સુઝુકીના ચોથા વાહન નિર્માણ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.

પોતાના સંબોધનની શરૂઆતમાં પીએમ મોદીએ સાને તાકાઈચીને પોતાની 'નાની બહેન' કહીને સંબોધિત કર્યા. તેમણે કહ્યું કે ભારત અને જાપાનની ટેકનોલોજી, રોકાણ અને ઉત્પાદન ક્ષમતાનું મિશ્રણ બંને દેશો તેમજ સમગ્ર વિશ્વ માટે પણ ફાયદાકારક સાબિત થશે.

જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચી સાથેની મુલાકાત દરમિયાન, વડાપ્રધાન મોદીએ તેમને પોતાની નાની બહેન તરીકે સંબોધ્યા હતા. બંને નેતાઓ દ્વારા યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદમાં, મોદીએ ભારતની તેમની પ્રથમ મુલાકાત બદલ તાકાઈચીનું સ્વાગત કર્યું હતું.



તેમણે ઉલ્લેખ કર્યો હતો કે ભારત અને જાપાન વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. ભારત-જાપાન જોઈન્ટ ઈકોનોમિક ફોરમમાં 129 સમજૂતી કરારોની જાહેરાત કરવામાં આવી છે. આ કરારોનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે રોકાણ, ઉદ્યોગ, મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજી, સ્કિલ ડેવલપમેન્ટ અને સપ્લાય ચેઈન સહયોગને વધુ મજબૂત કરવાનો છે.

આ સાથે જ, ભારતમાં 2 ટ્રિલિયન જાપાની યેન (1.18 લાખ કરોડ રૂપિયા)થી વધુના ભારે રોકાણની પણ જાહેરાત કરવામાં આવી છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ આશરે 2 લાખ કરોડ છે. તેમાંથી લગભગ 88 હજાર કરોડ જાપાન આપી રહ્યું છે.

આ પૈસા જાપાનની સરકારી એજન્સી JICA ખૂબ જ સસ્તી શરતો પર આપી રહી છે. આ લોન પર માત્ર 0.1% વાર્ષિક વ્યાજ લાગશે, તેને ચૂકવવા માટે 50 વર્ષ મળશે અને પહેલા 15 વર્ષ સુધી હપ્તો ચૂકવવો પડશે નહીં.

જાપાને અત્યાર સુધી આ પ્રોજેક્ટ માટે 1,150 અબજ યેન (લગભગ 55 હજાર કરોડ) મંજૂર કર્યા છે. આ ઉપરાંત, તે બુલેટ ટ્રેનની શિંકનસેન ટેકનોલોજી, તાલીમ અને તકનીકી કુશળતા પણ ભારતને ઉપલબ્ધ કરાવી રહ્યું છે.

રાજસ્થાનના અલવર જિલ્લાના નીમરાણાને ભારતનું 'મિની જાપાન' અથવા 'જાપાની ટાઉન' કહેવામાં આવે છે. તેનું સૌથી મોટું કારણ અહીં બનેલો દેશનો પ્રથમ જાપાની ઔદ્યોગિક ઝોન છે. તેને રાજસ્થાન સરકારની એજન્સી RIICO અને જાપાનની વ્યાપાર સંસ્થા JETRO એ મળીને વિકસાવ્યો હતો. તેનો હેતુ જાપાની કંપનીઓને ભારતમાં રોકાણ અને વ્યવસાય માટે વધુ સારું વાતાવરણ પૂરું પાડવાનો હતો.

લગભગ 1,160 એકરમાં ફેલાયેલા આ ઔદ્યોગિક ક્ષેત્રમાં આજે 50થી વધુ જાપાની કંપનીઓ કાર્યરત છે. અહીં ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, એર કંડિશનર, મશીનરી અને ઓટો પાર્ટ્સ બનાવતી ઘણી મોટી કંપનીઓના પ્લાન્ટ છે. આ કંપનીઓએ હજારો કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે અને 26 હજારથી વધુ લોકોને રોજગાર મળ્યો છે.

નીમરાણાની ઓળખ માત્ર ફેક્ટરીઓ પૂરતી મર્યાદિત નથી. અહીં રહેતા જાપાની લોકો માટે જાપાની રેસ્ટોરન્ટ, હોટલ, સુપરમાર્કેટ અને અન્ય સુવિધાઓ પણ છે. ઘણી જગ્યાએ જાપાની ભાષામાં સેવાઓ પણ મળે છે. આનાથી અહીં કામ કરતા જાપાની લોકોને પોતાના દેશ જેવું વાતાવરણ મળે છે.

દિલ્હી-જયપુર હાઈવે પર હોવાને કારણે નીમરાણાની કનેક્ટિવિટી પણ સારી છે. આ જ કારણ છે કે તેને ભારત-જાપાન ઔદ્યોગિક સહયોગનું સૌથી સફળ મોડેલ માનવામાં આવે છે. હવે અહીં ઉદ્યોગો માટે જગ્યા ઓછી પડવા લાગી છે. તેથી રાજસ્થાન સરકાર નજીકના ઘીલોટમાં પણ જાપાની કંપનીઓ માટે નવો ઔદ્યોગિક ક્ષેત્ર વિકસાવી રહી છે.




# નાસિરનગર ડિમોલિશનમાં રાજ્ય સરકાર કેમ એક્ટિવ નથી? હાઈકોર્ટ

## તપાસ કમિટીનો રિપોર્ટ ભીનું સંકેલવાનો પ્રયાસ, એક મહિના પછી પણ પોલીસ ફરિયાદ કેમ નથી લેતી? ગંભીરતા ક્યાં?

અમદાવાદ, તા.02

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલીશન મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી થયા બાદ આજે (2 જુલાઈ) સુનાવણી યોજાઈ હતી. વિવાદિત ડિમોલીશન સમયે પોલીસ અધિકારીઓ અને સુરત મનપાના અધિકારીઓની હાજરીને લઈ કોર્ટે આકરી ટીપ્પણી કરી હતી. સાથે રાજ્ય સરકારની જવાબદારીને લઈ પણ સવાલ ઉઠાવતા કહ્યું કે, આમાં રાજ્ય કેમ એક્ટિવ નથી. વિવાદિત ડિમોલીશનની તપાસ માટે ડેપ્યુટી કમિશનર કક્ષાના અધિકારી હેઠળ રચાયેલી તપાસ કમિટીને લઈ પણ સવાલ ઉઠાવ્યો હતો.

પોલીસની કામગીરીને લઈ કોર્ટે કહ્યું હતું કે, ડીસીપી કક્ષાના અધિકારી ઘટનાસ્થળે હાજર હતા તો તેને ડિમાર્કેશન અને ડિમોલીશનના ભેદની ખબર ન પડી? ડિમોલીશન થયાના એક મહિના બાદ પણ પોલીસે ફરિયાદ કેમ નથી લીધી?DCP બોલ્યા હશે કે હાઈકોર્ટમાં જવું હોય તો જાવ તે સાબિત થશે તો કાર્યવાહી થશે. સાથે સવાલ કરતા કહ્યું કે, લોકોનું ઘર તોડી નાખવું એ ફોજદારી ગુનો નથી?

હાઈકોર્ટે ટોરેન્ટ પાવરને પૂછ્યું હતું કે, વીજળી કનેક્શન ડિમોલિશન પહેલા કાપ્યું કે ત્યાં પહોંચ્યા પછી ? ટોરેન્ટ પાવરે જણાવ્યું હતું કે, SMC સેન્ટ્રલ ઝોનમાંથી શૈલેષભાઈ નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. કોર્ટે પૂછ્યું હતું કે, SMCના જે 5 કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા તેમાં આનું નામ છે ? જેનો જવાબ નકારમાં મળ્યો હતો. કોર્ટે આ શૈલેષભાઈની ઓળખ અંગે પૃચ્છા કરી હતી. તેમની પાસે તેઓનો મોબાઈલ નંબર છે, ટોરેન્ટ પહોંચી ત્યારે ડિમોલિશન ચાલુ હતું, વીજ પ્રવાહ પણ ચાલુ હતો. પછી મુખ્ય જંક્શન બોક્ષમાંથી વીજ પ્રવાહ બંધ કરાયો હતો. ટોરેન્ટ પહોંચ્યું ત્યારે 18 મીટર તૂટેલા હતા, 11 યોગ્ય પરિસ્થિતિમાં નહોતા, 4 મીટર ચાલુ કરાયા અને 07 વીજ કનેક્શન ચાલુ થઈ શક્યું નહોતું.

કોર્ટે પૂછ્યું હતું કે આ ઘટનામાં ટોરેન્ટ અગાઉથી વીજ સપ્લાય કાપ્યો નથી ,તો આવી ઘટનાઓમાં પ્રોટોકોલ શું હોય છે ? લેખિત પરવાનગી વગર ફક્ત ફોન ઉપરની સૂચનાથી વીજ પાવર કાપી શકાય ? ટોરેન્ટ જણાવ્યું હતું કે, આ સંદર્ભે કોઈ પ્રોટોકોલ નથી, ડિમોલિશન ખોટું હોય તો પણ વીજ પ્રવાહથી અકસ્માત સર્જાઈ શકે એટલે જાણ થતા વીજ પ્રવાહ કાપવો પડે.

અરજદારે જણાવ્યું હતું કે, બે શૈલેષ ભાઈ છે એક SMC કર્મચારી અને બીજા બિલ્ડર. એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં SMCએ સેન્ટ્રલ ઝોન જુનિયર ઈજનેર, આસિસ્ટન્ટ એન્જિનિયર, ડેપ્યુટી એન્જિનિયર અને બે કાર્યપાલક એન્જિનિયરના નિવેદન લીધા હતા. તેઓ ડિમોલિશન સમયે ઘટનાસ્થળે હાજર હોવા ડિમોલિશન અંગે તેઓને માહિતી નહીં હોવાનું જણાવ્યું હતું. તેઓએ તપાસમાં સહકાર આપ્યો નથી, જેથી આ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હવે આગળ ઊંડાણપૂર્ણક કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

કોર્ટે પૂછ્યું હતું કે, ડિમોલિશન થયું તે વિસ્તાર SMCના કયા ઝોનમાં આવે છે સેન્ટ્રલ કે નોર્થ ઝોનમાં ? એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે તેઓએ SMCની સૂચના મેળવી છે અને તે વિસ્તાર સેન્ટ્રલ ઝોનમાં આવે છે. જ્યારે અરજદારના વકીલે જણાવ્યું હતું કે, અસરગ્રસ્તોના પ્રોપર્ટી ટેક્સ બિલમાં નોર્થ ઝોન લખેલું છે.

મુખ્ય સરકારી વકીલે જણાવ્યું હતું કે, રાજ્ય આ બાબતમાં પોલીસ સિવાય ક્યાંય સંકળાયેલું નથી. જેથી કોર્ટે પૂછ્યું હતું કે, કેમ રાજ્યની નાગરિકો પ્રત્યે જવાબદારી નથી ? શા માટે રાજ્ય કહેતું નથી કે, આ ગેરકાનૂની પ્રવૃતિ હતી. શા માટે રાજ્યે કોઈ પગલાં લીધા નહીં ? તમે આ બાબતને લોકલ ગણતા હોવ તો કોર્ટ તેવી રીતે જોશે. તપાસ કમિટી Dymcના અધ્યક્ષ



પદે કેમ બનાવાઈ ? આટલી મોટી ઘટનામાં રાજ્ય સરકાર કેમ એક્ટિવ થઈ નહીં ? આવું મોટું કામ લોકલ અધિકારી કરી શકે નહીં ,કોઈનો ટેકો હોવો જ જોઈએ.

SMCનો પ્રાથમિક તપાસ અહેવાલ પણ ગોળ ગોળ છે. જો SMC ડિમાર્કેશન માટે નાસિરનગર ગયું હતું તો જોડે JCB જેવી હેવી મશીનરી કેમ હતી ? આમ આ આખું એક ડિમોલિશનનું આયોજન હતું. આટલું સમજતા SMCને વાર લાગે ? આટલો જલ્દી રિપોર્ટ આવી ગયો ? આ ભીનું સંકેલવાનો પ્રયાસ છે. 100 જેટલા કુટુંબ ઘરવિહોણા બની ગયા છે. સસ્પેન્ડ કરાયેલ કર્મચારીઓ તો ઘરે આરામ કરશે અને તપાસ વર્ષો સુધી ચાલશે. રાજ્ય સરકારે જાતે કહેવું જોઈએ કે SMCના કેટલાક અધિકારીઓએ એકલા આવું કર્યું તે માની શકાય તેમ નથી. સૌથી ખરાબ ભાગ એ કે, SMC કમિશ્નર કહે છે કે, તેઓને અનઓફિશિયલ ખાનગી વ્યક્તિ ડિમાર્કેશન માટે રજૂઆત કરે છે. આ સંપૂર્ણ ગેરકાનૂની રીત છે. કમિશ્નર કરતા ઊંચા લેવલના અધિકારીની આ કેસમાં તપાસની જરૂર છે. કોર્પોરેશન આવી રીતે ચાલે છે ? આવું કેટલુંય અનધિકૃત કાર્ય કોર્પોરેશનમાં થતું હશે ! આ તો અસરગ્રસ્ત લોકો વધારે લોકો હતા એટલે કોર્ટ સમક્ષ આવ્યા. કર્મચારીઓને સસ્પેન્ડ કરવા એ કોઈ કડક પગલાં નથી. લોકો ફરિયાદ કરવા ગયા તો પોલીસે કેમ કશું ના કર્યું ? ડિમોલિશન ગેરકાનૂની છે જ વળી ડીમાર્કેશન વિશે પણ કોઈ અધિકૃત અરજી નથી ! એક મહિનો કરતા વધુ સમય વિત્યો પણ પોલીસ ફરિયાદ કેમ થઈ નથી ? તમે હજુ તપાસ જ કરો છો, ગંભીરતા ક્યાં છે ? લોકોનું ઘર તોડી નાખવું એ ફોજદારી ગુન્હો નથી?

સરકારી વકીલે જણાવ્યું હતું કે, પોલીસનું કામ ત્યાં માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું હતું. બાકી મુખ્ય કાર્ય SMCનું હતું. જેથી કોર્ટે કહ્યું હતું કે, પોલીસ પાસે કોર્પોરેશનનો પાવર ના હોય એ સ્વાભાવિક છે. પરંતુ આટલું મોટું ડિમોલિશન થયું, પોલીસને જાણ કરાઈ તો સંગ્નાંન કેમ લીધું નહીં ? કેમ પગલા લીધા નહીં ? DCP જેવા સિનિયર અધિકારી ડિમોલિશન સ્થળે હતા. તેઓને ડી માર્કેશન અને ડિમોલિશનમાં ખબર ના પડે ? પોલીસના સહકાર વગર આ ડિમોલિશન શક્ય નથી.

મુખ્ય સરકારી વકીલે જણાવ્યું હતું કે, નાસીર નગરમાં અસમાજિક તત્વોનો અહેવાલ છે. ઘર્ષણને ટાળવા પોલીસ ત્યાં હતી. આ રાષ્ટ્રીય સુરક્ષાના પ્રશ્ન પણ છે. 26 ગંભીર ગુન્હેગારો ત્યાં રહે છે. અગાઉ અહીંથી ગેરકાનૂની રીતે રહેતા 44 બાંગ્લાદેશી ઝડપાયા છે, એટલે એ પ્રમાણે પોલીસ બંદોબસ્ત રાખવો પડે. પરંતુ અહીં અમે ડિમોલિશનને જસ્ટિફાઈ કરતા નથી. આવ કેટલાય બંદોબસ્ત અપાયા છે. મીડિયા રિપોર્ટ અનુસાર આ વિવાદિત ડિમોલિશન હતું. જ્યારે બીજા અહેવાલોમાં અહીં અનેક ઘર ગેરકાનૂની બન્યા હતા. પોલીસ કમિશનરનું માનવું છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરતો પોલીસનો અહીં રોલ હતો. જો કંઈ ખોટું થાય તો ઉચ્ચ અધિકારીને જાણ કરવી જોઈએ.

કોર્ટે કહ્યું હતું કે, તમને ખબર હતી કે, ત્યાં ડીમાર્કેશનનો બંદોબસ્ત અપાયો છે. ત્યાં પોલીસની હાજરીમાં અનધિકૃત ડિમોલિશન થયું તો મહિનો શું કર્યું ? પોલીસ પ્રોએક્ટિવ કેમ ના થઈ ? ડિમોલિશન પછી પોલીસ કમિશ્નરે ફરિયાદ કેમ ના નોધી ? તમને પોલીસની ક્ષમતા વિશે ડાઉટ છે ? કોર્ટે સરકારી વકીલને સમજાવવા યુટ્યુબ લાઈવ સ્ટ્રીમિંગનું માઈક થોડીક વખત બંધ કરાવી દીધું હતું.

ત્યારબાદ આકરી ટિપ્પણી કરી હતી કે, પોલીસ અંધ કે મૂક બધિર નથી. SOGના DCP હોવું મતલબ બીજા સમકક્ષ પોલીસ અધિકારીઓ કરતા શ્રેષ્ઠ હતા. પોલીસ પ્રો એક્ટિવ હોવી જોઈએ. જેટલો સમય આ ઘટનાની તપાસમાં લેવાશે તેટલો ઢાંક પીછોડો કરવાની શક્યતા વધુ રહેશે. મીડિયા બધું જુએ છે, સોશિયલ મીડિયા એક્ટિવ છે. આટલું મોટું ગેરકાનૂની કામ કરીને લોકો છટકી જશે ? 112 નંબર ઉપર ફોન કરાયો તો પણ પોલીસ એક્ટિવ થઈ નહીં.

મુખ્ય સરકારી વકીલે કહ્યું હતું કે, ઓથોરિટી આ ઘટનાની મૂળમાં જશે. આ દરમિયાન અરજદારના વકીલે જણાવ્યું હતું કે, DCP રાજદીપસિંહ નકુમે ડિમોલિશન સમયે અસરગ્રસ્તોને જણાવ્યું હતું કે, તમારે હાઈકોર્ટમાં જવું હોય તો જાઓ. જેથી કોર્ટે કહ્યું હતું કે, DCPના શબ્દો જો આવા હશે તો તેની વીડિયોની વોઈસ સ્પેક્ટોગ્રાફી માટે તેને FSLમાં મોકલીને DCP સામે કાર્યવાહી કરાશે. અરજદારે વધુમાં જણાવ્યું હતું કે 30મે જ નહીં પણ પરંતુ ઓથોરિટીને રજૂઆત કર્યા છત્તા 1 જૂને પણ ડિમોલિશન થયું હતું. આ સમગ્ર ઘટનામાં બિલ્ડરની રોલ છે, બધું બિલ્ડર વતી થયું છે.

કોર્ટે અરજદારને અરજીમાં ચોક્કસ આક્ષેપ સાથે આવવા કહ્યું છે અને અત્યારે પોતાની સિમ સરકારી મશીનરીના રોલ જોવા પૂરતી સીમિત રાખી છે. કોર્ટે કહ્યું હતું કે તપાસમાં જે કાઈ પણ સામે આવશે તો કોર્ટ પોતાના પાવરનો ઉપયોગ કરતા ખચકાશે નહીં. પ્રાથમિક દ્રષ્ટિએ આ ડીમોલિશન ગેરકાયદેસર છે. અસરગ્રસ્તોને ત્યાં અથવા યોગ્ય જગ્યાએ વસાવવાનો પ્લાન રજૂ કરો.આ અરજી ઉપર કોર્ટમાં વધુ કાર્યવાહી 09 જુલાઈએ યોજાશે.

# ફોટોગ્રાફર સાથે 41 હજારની છેતરપિંડી: સાયબર ઠગોએ 25 વેડિંગમાં ફોટોગ્રાફીના ઓર્ડરની લાલચ આપી સબ્સ્ક્રિપ્શન ફીના બહાને રૂપિયા ખંખેર્યાં

અમદાવાદ, તા.02

સાયબર ઠગ લોકો પાસેથી રૂપિયા પડાવવા માટે રોજ નવી-નવી તરકીબો અપનાવી રહ્યા છે. હવે અમદાવાદના એક ફોટોગ્રાફરને ShaadiDukaan.com નામની વેબસાઈટના નામે વર્ષે 24થી 25 વેડિંગ ફોટોગ્રાફીના ઓર્ડર અપાવવાની લાલચ આપી કંપનીનું સબ્સ્ક્રિપ્શન લેવાનું કહી 41 હજાર પડાવી લેવાયા હોવાની ફરિયાદ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ છે.



સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ન્યૂ રાણીપમાં રહેતા ધર્મેશ ઝવેરી ફોટોગ્રાફીનો વ્યવસાય કરે છે. 9 જૂનના રોજ તેમના વોટ્સએપ પર એક મેસેજ આવ્યો હતો. ત્યારબાદ તેમને એક કોલ આવ્યો, જેમાં સામેવાળાએ પોતાની ઓળખ ShaadiDukaan.comના સચિન પંડિત તરીકે આપી હતી. ધર્મેશભાઈને જણાવ્યું હતું કે, તેમની કંપની લગ્ન પ્રસંગ માટે લોકેશન, મેહંદી, મેકઅપ, ફોટોગ્રાફી સહિતની તમામ સેવાઓ પૂરી પાડે છે અને અમદાવાદ માટે તેમની પસંદગી કરવામાં આવી છે.

કંપની દ્વારા તેમને વર્ષે 24થી 25 વેડિંગ ફોટોગ્રાફીના ઓર્ડર અપાવવામાં આવશે તેવી લાલચ આપવામાં આવી હતી. સચિન પંડિતની વાતમાં વિશ્વાસ રાખી ધર્મેશભાઈએ તેમની સાથે કામ કરવાની તૈયારી દર્શાવી હતી. ત્યારબાદ તેમને દિલ્હીના એક કથિત ગ્રાહક સાથે કોન્ફરન્સ કોલ પર વાત કરાવવામાં આવી હતી. કથિત ગ્રાહકે 25 અને 26 જૂનના રોજ અમદાવાદમાં લગ્ન હોવાનું જણાવી ફોટોગ્રાફી અને લોકેશન અંગે ચર્ચા કરી હતી.

ત્યારબાદ સચિન પંડિતે જણાવ્યું હતું કે, કંપની સાથે જોડાવા માટે પહેલા 59 હજારનું સબ્સ્ક્રિપ્શન લેવું પડશે, ત્યારબાદ જ ઓર્ડર મળશે. જોકે ધર્મેશભાઈએ આટલી મોટી રકમ ચૂકવવાની ના પાડી હતી. ત્યારબાદ આરોપીએ લાલચ આપી હતી કે પ્રથમ ઓર્ડરના બદલામાં 1.60 લાખનો ચેક મળશે, જેથી સબ્સ્ક્રિપ્શનની રકમ સરળતાથી નીકળી જશે. સચિન પંડિત, કથિત ગ્રાહક અને કંપનીના અન્ય લોકોની વાતોમાં આવીને ધર્મેશભાઈએ અંતે 41 હજાર જમા કરાવ્યા હતા.

જોકે, રૂપિયા જમા થયા બાદ તમામ લોકોના ફોન બંધ થઈ ગયા હતા અને કોઈ સંપર્ક થયો નહોતો. ત્યારબાદ પોતાની સાથે સાયબર ઠગાઈ થઈ હોવાનું સમજાતાં ધર્મેશ ઝવેરીએ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# મેનેજરે પુત્ર અને પુત્રવધૂ સાથે મળીને ઠગાઈ આચરી

## પાણીની બોટલના ધંધામાં 50 ટકા નફાની લાલચ આપી વૃદ્ધ વેપારી સાથે 1.55 કરોડની છેતરપિંડી

અમદાવાદ, તા.02

અમદાવાદમાં રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા વૃદ્ધ વેપારીને પાણીની બોટલ બનાવવાનો નવો ધંધો શરૂ કરવા અને તેમાં 50 ટકા નફાની ભાગીદારીની લાલચ આપી 1.55 કરોડથી વધુની રકમ પડાવી છે. આ છેતરપિંડી આચરનાર અન્ય કોઈ નહીં પરંતુ વેપારીની જ ઓફિસના કોમ્પ્લેક્ષમાં છેલ્લા 10 વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતા શખ્સે પોતાના પુત્ર અને પત્ની સાથે મળીને કરી હતી જે અંગે EOWએ ફરિયાદ નોધી તપાસ હાથ ધરી છે.

શેલામાં રહેતા અને રિયલ એસ્ટેટનો ધંધો કરતા 60 વર્ષીય પરેશભાઈ પ્રમુખભાઈ પટેલ સાથે આ છેતરપિંડી થઈ છે. તેમની સાથે છેતરપિંડી કરનાર અન્ય કોઈ નહીં પણ તેમની જ ઓફિસના કોમ્પ્લેક્ષમાં છેલ્લા 10 વર્ષથી મેનેજર તરીકે નોકરી કરતા સંદીપભાઈ ચંદ્રકાંતભાઈ પરીખ, તેમનો પુત્ર ઉજાસ સંદીપભાઈ પરીખ અને ઉજાસની પત્ની અમીબેન પરીખ છે. સંદીપભાઈ અને તેમના પુત્ર ઉજાસે પરેશભાઈને સારસ ફૂડ




એન્ડ બેવરેજીસ નામના પાણીની બોટલો બનાવવાના ધંધામાં રોકાણ કરવા લાલચ આપી હતી.

તેમણે સીડલ કંપનીનું 1,14,60,000નું નવું પેટ બ્લોઈંગ મશીન ખરીદવાની વાત કરી, 50 ટકા નફાની ભાગીદારી નક્કી કરી હતી. ત્યારબાદ એપ્રિલ 2023થી જુલાઈ 2024 દરમિયાન પરેશભાઈ અને તેમના પત્ની પાસેથી ચેક અને બેંક ટ્રાન્સફર મારફતે રૂપિયા 1,47,00,000 અને ફેક્ટરીના મેઈન્ટેનન્સ પેટે રોકડા 8,12,394 સહિત કુલ 1.55 કરોડ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી.

આરોપી ઉજાસે મશીન ખરીદવા માટે સીડલ કંપનીનું ખોટું ક્વોટેશન અને ટેક્સ ઈનવોઈસ બતાવ્યું હતું અને તેની પત્ની અમીના યસ બેંકના ખાતામાંથી મશીન કંપનીને પેમેન્ટ કર્યાનું ખોટું સ્ટેટમેન્ટ પણ ઊભું કર્યું હતું.

# પાડોશીએ જ સગીરા પર દુષ્કર્મ આચર્યું: ઘરે કોઈ નથી ચા બનાવવા મોકલો કહી સગીરાને બોલાવી, આરોપીની ધરપકડ

અમદાવાદ, તા.02

અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં સગીરા પર દુષ્કર્મની ઘટના બની હતી. વટવાના ચાર માળિયા વિસ્તારમાં પડોશીએ જ સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી હતી. આરોપીએ ઘરે કોઈ નથી દીકરીને ચા બનાવવા મોકલો કહીને સગીરાને ઘરે બોલાવી હતી. ત્યારબાદ બહારથી નાસ્તો મંગાવીને જ્યારે પરત આવી ત્યારે તેને શરીરે અડપલા કરીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ગભરાયા બાદ સગીરાએ આ અંગે માતાને જાણ કરી હતી. વટવા પોલીસે 34 વર્ષીય આરોપીની ધરપકડ કરી છે.



મળતી માહિતી મુજબ શહેરના વટવા ચાર માળિયા વિસ્તારમાં 13 વર્ષીય સગીરા તેના પરિવાર સાથે રહે છે. પાડોશમાં રહેતા ઈમ્તિયાઝ નામના શખ્સે સગીરાની માતાને ઘરે કોઈ નથી તો તમારી દીકરીને ચા બનાવવા મોકલો એમ કહીને ઘરે બોલાવી હતી. સગીરા આરોપીના ઘરે પહોંચી ત્યારે નરાધમે પહેલા તેની પાસે ચા બનાવડાવી હતી. ચા બનાવ્યા બાદ આરોપીએ સગીરાને બહારથી નાસ્તો લેવા માટે મોકલી હતી.

સગીરા નાસ્તો લઈને પરત ફરી ત્યારે આરોપીએ શારીરિક અડપલાં કરી બળાત્કાર ગુજાર્યો હતો. દુષ્કર્મ આચર્યા બાદ આરોપીએ સગીરાને કોઈને પણ આ અંગે જાણ ન કરવા ધમકી આપી હતી. દીકરી લાંબા સમય સુધી પરત ન ફરતા માતાને શંકા ગઈ અને તપાસ કરવા આરોપીના ઘરે પહોંચી. ઘરમાં શંકાસ્પદ સ્થિતિ જોયા બાદ પૂછપરછ કરતા ગભરાયેલી સગીરાએ પહેલા કંઈ જણાવ્યું ન હતું.

જોકે બીજે દિવસે એટલે કે 1 જુલાઈએ સગીરાએ પોતાની માતાને સમગ્ર આપવીતી જણાવી દીધી હતી. જે બાદ વટવા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે 34 વર્ષીય આરોપી ઈમ્તિયાઝ શેખની ધરપકડ કરી છે. આરોપી પરણિત છે અને 4 બાળકોનો પિતા છે. મળતી માહિતી મુજબ શહેરના વટવા ચાર માળિયા વિસ્તારમાં 13 વર્ષીય સગીરા તેના પરિવાર સાથે રહે છે. પાડોશમાં રહેતા ઈમ્તિયાઝ નામના શખ્સે સગીરાની માતાને ઘરે કોઈ નથી તો તમારી દીકરીને ચા બનાવવા મોકલો એમ કહીને ઘરે બોલાવી હતી. સગીરા આરોપીના ઘરે પહોંચી ત્યારે નરાધમે પહેલા તેની પાસે ચા બનાવડાવી હતી. ચા બનાવ્યા બાદ આરોપીએ સગીરાને બહારથી નાસ્તો લેવા માટે મોકલી હતી.

# ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં હરિયાળી છવાઈ જશે

## એક દિવસમાં 1 કરોડ વૃક્ષ વવાશે, ગૃહમંત્રી અમિત શાહ 12 જુલાઈએ કરાવશે કેમ્પેઇનનો પ્રારંભ, રોપા મેળવવા આ નંબર પર સંપર્ક કરો

અમદાવાદ, તા.02

દેશ અને દુનિયામાં ગ્લોબલ વોર્મિંગ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. શહેરીકરણ સાથે પ્રદૂષણની માત્રામાં પણ વધારો થઈ રહ્યો છે, ત્યારે પર્યાવરણ પર ગંભીર અસરો ઊભી થઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણની સામે લડત લડવા માટે એકમાત્ર વૃક્ષારોપણ ઉપાય હોવાને લઈને દેશના ગૃહ અને સહકારીતા મંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદ અમિત શાહ દ્વારા વૃક્ષારોપણનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવવાના અભિયાન અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં 12 જુલાઈના રોજ અમદાવાદના સાયન્સ સિટી ખાતે વિશાળ વૃક્ષારોપણ સમારોહ યોજાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઐતિહાસિક વૃક્ષારોપણની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. દરેક કાર્યકર્તાથી લઈને નેતાઓને વૃક્ષના રોપણથી લઈને મોટું થાય ત્યાં સુધીની જવાબદારી સોંપવામાં આવી છે.

અમદાવાદના મેયર હિતેશ બારોટે જણાવ્યું હતું કે, હરિયાળી લોકસભા ગાંધીનગર લોકસભા અભિયાન અંતર્ગત 12 જુલાઈના રોજ એક સાથે એક કરોડ જેટલા વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. છેલ્લા 4 વર્ષમાં 100થી વધુ ઓક્સિજન પાર્ક બનાવવામાં આવ્યા છે જેને ખુલ્લા મુકવામાં આવશે.

આ સાથે ગાંધીનગર લોકસભામાં મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવશે, જેમાં ધાર્મિક સંસ્થાઓ, NGO, બિલ્ડરો, સ્વામિનારાયણ સંસ્થા, ભાગવત વિદ્યાપીઠ જેવી અલગ અલગ સંસ્થાઓ દ્વારા પણ જવાબદારી લેવામાં આવશે. કલેક્ટરના પ્લોટ ગૌચરની જમીન તેમજ જે ખાલી પ્લોટ પડ્યા છે ત્યાં તમામ જગ્યાએ વૃક્ષારોપણ કરવામાં આવશે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા વર્ષ 2019થી ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવવા માટે વૃક્ષારોપણ અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગત દર વર્ષે લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવે છે, જેના કારણે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં આવતા વિસ્તારોમાં ગ્રીન કવરમાં પણ વધારો થયો છે. 11.25 ટકા ગ્રીન કવરમાં વધારો થયો છે.

એક પેડ મા કે નામ અને વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત અમિત શાહ દ્વારા ચાલુ વર્ષે ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવવા માટે એક કરોડ વૃક્ષો વાવવાનો અને તેના જતન કરવા માટેનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. અંદાજિત 400 જેટલા પ્લોટ શોધવામાં આવ્યા છે, જેમાં



અમદાવાદમાં જ 38 પ્લોટ શોધવામાં આવ્યા છે અને ત્યાં મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવશે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા અભિયાન અંતર્ગત અમદાવાદમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે. દરેક કાર્યકર્તાને પ્લોટની જવાબદારી સોંપવામાં આવી છે અને દરરોજ આ વૃક્ષોની માવજત કરવામાં આવે છે કે નહીં અને તેની સાર સંભાળ અંગે પણ મોનિટરિંગ કરવાની જવાબદારી આપવામાં આવી છે.

ગાંધીનગર લોકસભામાં આવતી તમામ સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓને કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા પત્ર લખીને સોસાયટી-ફ્લેટોની આસપાસ ઓછામાં ઓછા 11 અને ગ્રામ્ય વિસ્તારોમાં ઓછામાં ઓછા 50 જેટલા ઓક્સિજન આપે એવા લાંબુ આયુષ્ય ધરાવતા વડ, પીપળો, લીમડો, જાંબુ, બોરસલી જેવા છોડ રોપીને જતન કરવાની જવાબદારી લેવા માટે અપીલ કરાઈ છે.

ગૃહમંત્રીએ વૃક્ષારોપણ અભિયાનમાં વધુમાં વધુ યુવાનોને જોડાવવા માટે પણ જણાવ્યું છે. જેનાથી આવનારી પેઢીને પણ વધુમાં વધુ લાભ મળશે. જે પત્ર લખવામાં આવ્યો છે તેમાં ભાજપના પદાધિકારીઓ અને સંલગ્ન વિભાગના અધિકારીઓના મોબાઈલ નંબર આપ્યા છે. જે નંબર પર સંપર્ક કરીને નાગરિકો વૃક્ષ અને રોપા મેળવી શકશે.

ગાંધીનગર લોકસભામાં વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તેના માટે https://www.gandhinagarloksabha.in પરથી રજિસ્ટ્રેશન કરાવી શકાય છે. મોબાઈલ નંબર અને શહેર પંસદ કરીને વ્યક્તિગત અથવા કઈ સંસ્થા હોય તો તે સિલેક્ટ કરવાનું રહેશે. ત્યારબાદ તેમનો વિસ્તાર લખવાનો રહેશે અને સંપૂર્ણ નામ સરનામાં અને તેમની પાસે વૃક્ષ વાવવાની જગ્યા છે કે નહીં તે લખીને સબમીટ કરી શકાશે.

ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ડોર ટુ ડોર રજિસ્ટ્રેશન કરાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અજય બ્રહ્મભટ્ટ, શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ અને મહામંત્રી દર્શક ઠાકર સહિતના સંગઠનના હોદ્દેદારો અને ઘાટલોડિયા વોર્ડના કોર્પોરેટરો દ્વારા ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી ગોકુલ સોસાયટી ખાતે લોકોના ઘરે જઈને વૃક્ષારોપણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

સોસાયટીમાં જગ્યા હોય તો સોસાયટીમાં વૃક્ષારોપણ અથવા તો અન્ય કોઈ જગ્યાએ વૃક્ષારોપણ કરે તેના માટે સમજાવવામાં આવ્યા હતા. પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, દરેક નાગરિક એક વૃક્ષ વાવે તેના માટે ઘરે-ઘરે ભાજપનો કાર્યકર્તા અને આગેવાન સમજાવવા જશે જેમ ચૂંટણીમાં મત માંગવા જાય છે તેમ ઘરે ઘરે વૃક્ષારોપણ કરે તેવી સમજાવટ કરશે.

જેમાં વૃક્ષનો પ્રકાર, તેના RFID કોડ અને તેના સ્વાસ્થ્યની સ્થિતિ જેવી પાયાની માહિતી ઉમેરવામાં આવશે. આ ઉપરાંત વૃક્ષનું સરનામું, તેનું ચોક્કસ ભૌગોલિક સ્થાન , ઊંચાઈ, વ્યાસ(ડાયામીટર) અને ઉંમર જેવી વધુ વિગતો પણ એડ કરાશે.. તેની સાથે સાથે વૃક્ષના ફોટો પણ અપલોડ કરી તમામ જાણકારી રાખવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ખામેનીના અંતિમ સંસ્કારમાં પુત્ર મુજતબા સામેલ નહીં થાય: ઇઝરાયલી હુમલાનો ખતરો

**તેહરાન, તા.02**

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયતુલ્લાહ અલી ખામેનીના પુત્ર મુજતબા ખામેની સુરક્ષાના કારણોસર તેમના પિતાની અંતિમવિધિમાં સામેલ નહીં થાય. આ માહિતી ઈરાનના સુપ્રીમ લીડરના એક પ્રતિનિધિના હવાલાથી સામે આવી છે.

અહેવાલો અનુસાર, સુરક્ષા એજન્સીઓને ઈઝરાયલી હુમલાનો ડર છે, તેથી તેમણે મુજતબાને અંતિમ સંસ્કાર સમારોહથી દૂર રહેવાની સલાહ આપી છે. જોકે, આ અંગે હજુ સત્તાવાર રીતે વધુ માહિતી શેર કરી નથી.



ભારત સરકાર તરફથી વિદેશ રાજ્ય મંત્રી પબિત્ર માર્ગેરિટા અને બિહારના રાજ્યપાલ સૈયદ અતા હસનૈન અંતિમ સંસ્કારમાં સામેલ થશે. ઈરાનનું અનુમાન છે કે આ અંતિમયાત્રામાં 1.5 થી 2 કરોડ લોકો સામેલ થઈ શકે છે, જે દેશના ઈતિહાસના સૌથી મોટા રાજકીય અંતિમ સંસ્કાર હશે.

ટ્રમ્પ બોલ્યા- ઈરાન પર વાતચીત સાચી દિશામાં આગળ વધી રહી છે: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે દોહામાં થયેલી પરોક્ષ વાટાઘાટોમાં સારી પ્રગતિ થઈ છે. તેમણે દાવો કર્યો કે ઈરાનના પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવાની દિશામાં વાતચીત આગળ વધી રહી છે.

ઈઝરાયલની જાહેરાત- લેબનોન, સીરિયા અને ગાઝામાંથી સેના નહીં હટે: ઈઝરાયલના રક્ષા મંત્રી ઈઝરાયલ કાટ્ઝે કહ્યું કે લેબનોન, સીરિયા અને ગાઝામાં સેનાની તૈનાતી ચાલુ રહેશે. જ્યાં સુધી સુરક્ષા ખતરો સંપૂર્ણપણે સમાપ્ત ન થાય અને હિઝબુલ્લાહ હથિયાર ન છોડે ત્યાં સુધી સૈનિકોને પાછા બોલાવવામાં આવશે નહીં.

ઈરાનનો દાવો- ખામેનીના અંતિમ સંસ્કારમાં 2 કરોડ લોકો પહોંચશે: ઈરાને કહ્યું કે અંતિમ સંસ્કારમાં 2 કરોડ સુધીના લોકો સામેલ થવાની અપેક્ષા છે. 30 દેશોના પ્રતિનિધિઓ પણ પહોંચશે અને તેહરાનમાં સુરક્ષાના કડક બંદોબસ્ત કરવામાં આવ્યા છે.

હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર સામાન્ય થઈ: દરિયાઈ દેખરેખ કંપની કેપ્લર અનુસાર મંગળવારે હોર્મુઝ સ્ટ્રેટમાંથી 34 જહાજો પસાર થયા. તેનાથી સંકેત મળ્યો કે યુદ્ધ પછી પણ આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પર ઓઈલ અને વ્યાપારિક જહાજોની અવરજવર સામાન્ય બની રહી છે.

અમેરિકા-ઈરાન સમજૂતીની 5 શરતો પર હજુ પણ અટકી વાત: MoU પર હસ્તાક્ષરના બે અઠવાડિયા પછી પણ ફ્રીઝ ફંડ જાહેર થવા, ઓઈલ નિકાસમાં રાહત, હોર્મુઝમાં સામાન્ય અવરજવર, લેબનોનમાં યુદ્ધવિરામ અને પરમાણુ મુદ્દા જેવા મહત્વપૂર્ણ મામલાઓ પર બંને દેશો વચ્ચે સહમતિ બની શકી નથી.

ઈરાનની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલિબાફે દેશવાસીઓને પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં સામેલ થવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે લોકોની હાજરી દુનિયાને એ સંદેશ આપશે કે ખામેનીના લોહીનો બદલો લેવામાં આવશે.

અલ જઝીરાના જણાવ્યા અનુસાર, ગાલિબાફે કહ્યું કે આખી દુનિયાને આપણા બદલાનો અવાજ સંભળાવવો જોઈએ. તેમણે ખાસ કરીને યુવાનો, શહીદોના પરિવારો, યુદ્ધમાં ઘાયલ થયેલા લોકો અને મહિલાઓ-પુરુષોને અંતિમ સંસ્કારમાં પહોંચવાની અપીલ કરી હતી.

ભારત સરકારે ગુરુવારે જણાવ્યું કે ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં ભારત તરફથી કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી પબિત્ર માર્ગેરિટા અને બિહારના રાજ્યપાલ સૈયદ અતા હસનૈન સામેલ થશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને નેતાઓ 3 જુલાઈએ ઈરાન રવાના થશે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસુદ પઝશકિયાનએ દેશવાસીઓને અયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં સામેલ થવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે ખામેનીનું અવસાન એ અંત નથી, પરંતુ ઈરાન માટે એક નવા અધ્યાયની શરૂઆત છે.

ન્યૂઝ એજન્સી તસ્નીમ અનુસાર, રાષ્ટ્રપતિ પઝશકિયાનએ ગુરુવારે જાહેર કરેલા સંદેશમાં જણાવ્યું હતું કે ખામેનીના અવસાને સાબિત કર્યું છે કે ઈરાનની વ્યવસ્થા આસ્થા, આદર્શો અને દેશની જનતાની મજબૂત ઈચ્છાશક્તિ પર ટકેલી છે.

તેમણે તમામ ઈરાનીઓને, ભલે તેમના વંશીય, ધાર્મિક કે રાજકીય મતભેદો ગમે તે હોય, અંતિમ સંસ્કારમાં સામેલ થવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે દુનિયા સમક્ષ ઈરાનની એકતા દર્શાવવી જરૂરી છે.

અંતિમ સંસ્કારની તૈયારીઓના ભાગરૂપે તેહરાનમાં સુરક્ષા ચુસ્ત કરી દેવામાં આવી છે. ગ્રાન્ડ મોસલ્લા પરિસરની આસપાસ ખામેનીના મોટા-મોટા પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. કેટલીક સડકો આંશિક રીતે બંધ કરવામાં આવી છે. સરકારી ટીવીએ લોકોને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની અપીલ કરી છે. ગરમીને ધ્યાનમાં રાખીને લોકો માટે વિશેષ માર્ગદર્શિકા પણ જાહેર કરવામાં આવી છે.

જાહેર કાર્યક્રમો ઉપરાંત 3 જુલાઈએ વિદેશી પ્રતિનિધિઓ માટે અલગ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, અંદાજે 30 દેશોના પ્રતિનિધિઓ આમાં સામેલ થશે. ઈરાને યુરોપીય દેશોને સત્તાવાર આમંત્રણ મોકલ્યું નથી.

# પાકિસ્તાનમાં 125 વર્ષ જૂનું ગુરુદ્વારા તોડી પડાતા ભારતમાં આક્રોશ......

**ઈસ્લામાબાદ, તા.02**

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં એક સ્થાનિક બિઝનેસમેન દ્વારા 125 વર્ષ જૂના ઐતિહાસિક ગુરુદ્વારાને તોડી પાડવામાં આવ્યાના અહેવાલો પર ભારતે આકરી પ્રતિક્રિયા આપી છે. શેખુપુરા જિલ્લાના ફરૂખાબાદ સ્થિત ઐતિહાસિક ગુરુદ્વારા સાહિબનો ભાગ તોડી પાડવામાં આવતા ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે તેની આકરી નિંદા કરી છે. તેમણે પાકિસ્તાન સરકાર પાસે આ મામલે તપાસ અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.





આ મુદ્દે વિવાદ વકર્યા બાદ પંજાબ (પાકિસ્તાન)ના અલ્પસંખ્યક બાબતોના મંત્રી રમેશ સિંહ અરોરાએ બુધવારે 'ગુરુદ્વારા સિંહ સભા'ની મુલાકાત લીધી હતી અને તેના તાત્કાલિક જીર્ણોદ્ધારની જાહેરાત કરી. અરોરાએ સ્થાનિક શીખ સમુદાયના લોકોની ફરિયાદો પણ સાંભળી હતી. તમને જણાવી દઈએ કે, ઔકાફ વિભાગ પાકિસ્તાન સરકારનો એક સરકારી વિભાગ છે, જે ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતી સંપત્તિ, ટ્રસ્ટો અને પૂજા સ્થાનોની દેખરેખ, સંચાલન તેમજ સુરક્ષા કરે છે.

મીડિયા સાથે વાત કરતા મંત્રી રમેશ સિંહ અરોરાએ કહ્યું હતું કે, 'ઔકાફ વિભાગ દ્વારા આપવામાં આવેલી પ્રારંભિક માહિતી પ્રમાણે એક સ્થાનિક બિઝનેસમેને સંબંધિત વિભાગ પાસેથી NOC લીધા વિના જ ગુરુદ્વારાને તોડી પાડ્યું હતું.' તેમણે કહ્યું કે, 'મુખ્યમંત્રી મરિયમ નવાઝે સ્પષ્ટ કરી દીધું છે કે, સરકાર લઘુમતીઓના મૂળભૂત અધિકારોની રક્ષા કરવા અને તમામ પરિસ્થિતિઓમાં તેમના પૂજા સ્થાનોને સુરક્ષિત રાખવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.'

મંત્રીએ ઔકાફ વિભાગને 'ગુરુદ્વારા સિંહ સભા' જે જમીન પર આવેલું હતું, તેની માલિકી અને વર્તમાન સ્થિતિની તાત્કાલિક તપાસ કરવા નિર્દેશ આપ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે, પ્રારંભિક માહિતી પ્રમાણે આ મિલકત ઔકાફ વિભાગની જમીન તરીકે નોંધાયેલી ન હોવાના સંકેતો મળ્યા છે. મેં વ્યક્તિગત રીતે આ સ્થળનું નિરીક્ષણ કર્યું છે અને સંબંધિત અધિકારીઓને વહેલી તકે તથ્યો પર આધારિત અહેવાલ સોંપવા નિર્દેશ આપ્યો છે.

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું કે, 'અમને પાકિસ્તાનના ફર્રુખાબાદમાં આવેલા ઐતિહાસિક 125 વર્ષ જૂના પવિત્ર ગુરુદ્વારા શ્રી ગુરુ સિંહ સભા સાહિબને તોડી પાડવામાં આવ્યાના અત્યંત દુઃખદ સમાચાર મળ્યા છે. અમે આ આદરણીય શીખ ધાર્મિક સ્થળ વિરુદ્ધ કરવામાં આવેલી આ અત્યંત નિંદનીય અને જાણી જોઈને કરાયેલી તોડફોડની આકરી નિંદા કરીએ છીએ.'

તેમણે કહ્યું કે, ગુરુદ્વારાના હિસ્સાને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવા છતાં સ્થાનિક અધિકારીઓ અથવા 'ઈવેક્યુઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ' (ETPB) દ્વારા કોઈ કડક કાર્યવાહી ન કરવામાં આવી હોવાના અહેવાલો અત્યંત ગંભીર ચિંતાનો વિષય છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, આ કોઈ એકલી ઘટના નથી. આ પહેલા પણ ધાર્મિક લઘુમતીઓ અને તેમના પૂજા સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હોવાના આવા અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. પાકિસ્તાનમાં લઘુમતીઓ અને તેમના પવિત્ર ધાર્મિક સ્થળોને સતત નિશાન બનાવવાની ઘટનાઓ ચાલુ જ છે.

# દુનિયા ફરી ટેન્શનમાં, રશિયાએ કીવમાં બેલેસ્ટિક મિસાઈલ વરસાવતા યુક્રેનમાં હડકંપ, પોલેન્ડમાં એલર્ટ

**કીવ, તા.02**

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ ફરી એકવાર અત્યંત ભયાનક વળાંક પર પહોંચી ગયું છે. ગુરુવારે (બીજી જુલાઈ) વહેલી સવારે રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર અત્યાર સુધીનો સૌથી મોટો ગણી શકાય તેવો જોરદાર હવાઈ હુમલો કર્યો છે. રશિયન સેનાએ કીવને નિશાન બનાવીને એકસાથે ડઝનબંધ ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલોનો મારો ચલાવ્યો હતો. આ હુમલાને પગલે સમગ્ર યુક્રેનમાં હડકંપ મચી ગયો છે, તો બીજી તરફ પડોશી દેશ પોલેન્ડે પણ પોતાની સરહદો પર હાઈ એલર્ટ જાહેર કરી દીધું છે.



અહેવાલો અનુસાર, મોડી રાત્રે શરૂ થયેલા રશિયન મિસાઈલ હુમલાના કારણે સમગ્ર કીવ શહેરમાં એર રેડ (હવાઈ હુમલા) ના સાયરન ગૂંજવા લાગ્યા હતા. હુમલો એટલો તીવ્ર હતો કે જીવ બચાવવા માટે હજારો નાગરિકોને અડધી રાત્રે મેટ્રો સ્ટેશનો અને અંડરગ્રાઉન્ડ બંકરો તરફ ભાગવાની ફરજ પડી હતી. સમગ્ર આકાશ મિસાઈલો અને યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમના ટ્રેસર ફાયરના પ્રકાશથી ઓળખાઈ ગયું હતું. યુક્રેનના સંરક્ષણ દળોએ રશિયન મિસાઈલોને હવામાં જ તોડી પાડવા માટે આખી રાત જવાબી કાર્યવાહી કરી હતી. કીવના મેયર વિતાલી ક્લિત્સ્કોના જણાવ્યા અનુસાર, રશિયાના હુમલામાં શહેરના અનેક વિસ્તારોને મોટું નુકસાન થયું છે અને ઘણી જગ્યાએ ભીષણ આગ ફાટી નીકળી છે. મધ્ય કીવમાં આવેલા શેવચેન્કો બુલેવાર્ડ પર એક હોટલના ઉપરના માળે મિસાઈલ અથડાતા આગ લાગી હતી, જેની જ્વાળાઓ માઈલો દૂરથી જોઈ શકાતી હતી. એક રહેણાંક વિસ્તારમાં આવેલી 9 માળની એપાર્ટમેન્ટ બિલ્ડિંગનો એક મોટો ભાગ મિસાઈલના પ્રહારથી પત્તાની જેમ ધરાશાયી થઈ ગયો હતો.

રશિયન પ્રહારોમાં એક એમ્બ્યુલન્સ સ્ટેશનને પણ સીધી ટક્કર વાગી હતી, જેમાં એક પેરામેડિક સ્ટાફ મેમ્બર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હોવાના અહેવાલ છે. પ્રાથમિક માહિતી મુજબ આ હુમલામાં 11થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને કાટમાળ હટાવવાની કામગીરી ચાલુ હોવાથી જાનહાનિનો આંકડો વધવાની આશંકા છે. યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીએ આ હુમલા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'દેશની ગુપ્તચર એજન્સીઓએ રશિયા દ્વારા આવા કોઈ મોટા હુમલાની ચેતવણી અગાઉથી જ આપી દીધી હતી.' પરિસ્થિતિની ગંભીરતાને જોતા રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકીએ પોતાનો આયર્લેન્ડના ડબલિનનો સત્તાવાર પ્રવાસ અધવચ્ચેથી જ ટૂંકાવી દીધો હતો અને તાત્કાલિક યુક્રેન પરત ફરવાનો નિર્ણય કર્યો હતો.

# શરીરમાંથી હૃદય, મગજ, કિડની સહિતનાં તમામ અંગો ગાયબ: વેનેઝુએલાથી આવેલા ભારતીય નાવિકનાં મૃતદેહમાં 22 કટ મળ્યા

**નવી દિલ્હી, તા.02**

વેનેઝુએલામાં ફરજ દરમિયાન જીવ ગુમાવનાર ભારતીય નાવિક રાકેશ ચૌહાણ (33) ના શરીરમાંથી મગજ, ફેફસાં, હૃદય, લીવર, કિડની સહિતના ઘણા અંગો ગાયબ મળ્યા છે. આ આરોપ ચૌહાણના પરિવારે લગાવ્યો છે.

ફોરવર્ડ સીમેન યુનિયન ઓફ ઈન્ડિયા (FSUI) એ આ માહિતી સોશિયલ મીડિયા પોસ્ટમાં આપી. પીડિત પરિવારનો આરોપ છે કે મૃતદેહનું ફરીથી પોસ્ટમોર્ટમ થયું ત્યારે શરીર પર 22 ટાંકા મળ્યા. શરીરમાંથી સ્વાદુપિંડ (પેન્ક્રિયાસ), આંતરડાં, થાઈરોઈડ ગ્રંથિ, વોઈસ બોક્સ અને શ્વાસનળી પણ ગાયબ હતા.



રાકેશ ચૌહાણ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના રહેવાસી હતા. તેમણે નવેમ્બર 2025માં મર્ચન્ટ નેવી જોઈન કરી હતી અને વેનેઝુએલામાં મરીન ફિટર તરીકે કામ કરી રહ્યા હતા.

પરિવારના જણાવ્યા અનુસાર, 7 મેના રોજ કંપનીએ ફોન કરીને જણાવ્યું કે રાકેશ જહાજ પરથી પડી ગયા છે અને તેમને ગંભીર ઈજાઓ થઈ છે. બીજા દિવસે 8 મેના રોજ પરિવારને કહેવામાં આવ્યું કે તેમના બચવાની શક્યતા માત્ર 5% છે.

તે જ સાંજે કંપનીએ તેમના મૃત્યુની જાણ કરી. કંપનીનો દાવો હતો કે ચક્કર આવવાથી પડી ગયા બાદ સારવાર દરમિયાન હાર્ટ એટેકથી તેમનું મૃત્યુ થયું.

પરિવારે જણાવ્યું કે રાકેશનો મૃતદેહ ભારતમાં પહોંચ્યા પછી ડોકટરોની ટીમે તેનું પરીક્ષણ કર્યું, પરંતુ પોસ્ટમોર્ટમ કર્યું નહીં. કહેવામાં આવ્યું કે વેનેઝુએલામાં પહેલાંથી જ પોસ્ટમોર્ટમ થઈ ચૂક્યું હતું. ત્યારબાદ દેવરિયાના કલેક્ટર મધુસૂદન હુલગીના નિર્દેશ પર બીજું પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું.

પરિવાર અનુસાર, તપાસમાં જાણવા મળ્યું કે રાકેશના શરીરમાંથી મગજ, હૃદય, યકૃત, ફેફસાં, બંને કિડની, સ્વાદુપિંડ, પિત્તાશય (ગૉલ બ્લેડર), આંતરડાં, મૂત્રાશય અને અન્ય ઘણા આંતરિક અંગો ગાયબ હતા. તેથી મૃત્યુના સાચા કારણની ફોરેન્સિક તપાસ પણ શક્ય બની શકી નહીં.

પરિવારે જણાવ્યું કે બીજા પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, રાકેશના શરીર પર ગરદનથી નીચે સુધી એક કાનથી બીજા કાન સુધી કુલ 22 ટાંકા હતા. અમને આ વિશે પણ પહેલાં કોઈ જાણકારી આપવામાં આવી ન હતી.

ફૉરવર્ડ સીમેન યુનિયન ઑફ ઈન્ડિયા (FSUI) એ કહ્યું, 'પરિવારની સંમતિ વિના રાકેશના શરીરમાંથી બધા મહત્વપૂર્ણ અંગો કેમ કાઢી લેવામાં આવ્યા. પરિવારને ત્યાં સુધી અંધારામાં કેમ રાખવામાં આવ્યો, જ્યાં સુધી તેમણે ભારતમાં ફરીથી પોસ્ટમોર્ટમની માગ ન કરી.'

યુનિયને એવો પણ આરોપ લગાવ્યો કે શબ પ્રાપ્તિની રસીદમાં પત્ની રંજના ચૌરસિયાની જગ્યાએ 'અંજના ચૌરસિયા'ના નામથી હસ્તાક્ષર નોંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત, એમ્પ્લોયમેન્ટ એગ્રીમેન્ટમાં જે જહાજનું નામ હતું, રાકેશની તૈનાતી તેનાથી અલગ જહાજ પર દર્શાવવામાં આવી હતી. આ બધી વાતો કેસમાં ગડબડી અને સંભવિત ષડયંત્ર તરફ ઈશારો કરે છે.

રાકેશના પરિવારે આરોપ લગાવ્યો છે કે કંપનીએ મૃત્યુ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી છુપાવી. પરિવારે સમગ્ર મામલાની વિસ્તૃત તપાસ, દોષિતો પર કાર્યવાહી અને આર્થિક વળતરની માગ કરી છે.

પરિવારે જણાવ્યું કે રાકેશની માતાનું કોવિડ દરમિયાન અવસાન થયું હતું. રાકેશને વેનેઝુએલા મોકલવામાં લાખો રૂપિયા ખર્ચ્યા હતા. તેની પત્ની રંજના 6 મહિનાના પુત્ર સાથે પિયરમાં રહે છે. પરિવારે કંપની સામે કાર્યવાહીની માગ કરી છે. FSUI એ પણ કહ્યું કે નાવિકોના જીવ અને સન્માન સાથે આવો વ્યવહાર સ્વીકાર્ય નથી.

# સંકટમાં મિત્રની વહારે ભારત, પેટ્રોલ-ડીઝલ માટે તરસતાં રશિયાને જ ઇંધણ વેચી કરી મદદ

**નવી દિલ્હી, તા.02**

ભારતે રશિયા સાથેની પોતાની વર્ષો જૂની દોસ્તીની ફરજ ફરી એકવાર નિભાવી છે. અગાઉ જ્યારે પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે મોટાભાગના દેશો રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતા ડરતા હતા, ત્યારે ભારતે રેકોર્ડ સ્તરે રશિયન ઓઈલ ખરીદીને તેને આર્થિક ટેકો આપ્યો હતો. હવે ફરી એકવાર સંકટના સમયે ભારત રશિયાની વહારે આવ્યું છે. તફાવત માત્ર એટલો છે કે આ વખતે ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી નથી રહ્યું, પરંતુ રશિયામાં સર્જાયેલી ઈંધણની તંગીને દૂર કરવા માટે અહીંથી ગેસોલિન એટલે કે પેટ્રોલની સપ્લાય કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, યુક્રેનના હુમલાને કારણે સર્જાયેલી ઈંધણની કટોકટી વચ્ચે રશિયાએ દરિયાઈ માર્ગે ભારતમાંથી પેટ્રોલની આયાત કરવાનું શરૂ કરી દીધું છે.



રિપોર્ટ અનુસાર, યુક્રેન દ્વારા સતત કરવામાં આવી રહેલા ડ્રોન હુમલાના કારણે રશિયાની અસંખ્ય ઓઈલ રિફાઈનરીઓને મોટું નુકસાન પહોંચ્યું છે. આ હુમલાઓને કારણે રશિયામાં પેટ્રોલનું સ્થાનિક ઉત્પાદન ખોરવાઈ ગયું છે અને દેશમાં ઈંધણની ભારે અછત સર્જાઈ છે. હાલમાં રશિયાના ઘણા વિસ્તારોમાં પેટ્રોલનું રેશનિંગ કરવું પડી રહ્યું છે, પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી લાઈનો જોવા મળી રહી છે અને ગેસોલિનના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. આ કપરી પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે રશિયાએ ભારત પાસેથી દરિયાઈ માર્ગે ગેસોલિન મંગાવ્યું છે.

અહેવાલો મુજબ, ભારત તરફથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછું 60 હજાર મેટ્રિક ટન ગેસોલિન (પેટ્રોલ) રશિયા મોકલવામાં આવી ચૂક્યું છે. શરૂઆતી તબક્કામાં બે મોટા દરિયાઈ ટેન્કરોમાં આશરે 30 હજારથી 40 હજાર ટન ઈંધણ લોડ કરીને રવાના કરવામાં આવ્યું છે. જોકે, સુરક્ષા અને વ્યાપારિક કારણોસર ભારતની કઈ રિફાઈનરી આ સપ્લાય પૂરી પાડી રહી છે તેની સત્તાવાર વિગતો હજી સામે આવી નથી. રશિયા માત્ર ભારત પર નિર્ભર રહેવા માંગતું નથી, તેથી તે ભારત ઉપરાંત બેલારુસ જેવા પાડોશી દેશો પાસેથી પણ દર મહિને અંદાજે 4 લાખ ટન ગેસોલિન આયાત કરવાનું આયોજન કરી રહ્યું છે.

પ્રમુખ વ્લાદિમીર પુતિને પણ સ્વીકાર્યું છે કે યુક્રેનના ડ્રોન હુમલાઓએ દેશની ઓઈલ રિફાઈનિંગ ક્ષમતાને પ્રભાવિત કરી છે. રશિયામાં સામાન્ય રીતે ઉનાળાની સીઝનમાં દરરોજ અંદાજે 1.10 લાખ ટન ગેસોલિનની વપરાશ થાય છે. આવી સ્થિતિમાં સ્થાનિક ઉત્પાદન ઘટતાં રશિયન સરકાર માટે ઈંધણની આયાત કરવી અનિવાર્ય બની ગઈ છે. આ કટોકટીને પહોંચી વળવા માટે તાજેતરમાં જ રશિયાની સંસદે ટેક્સના નિયમોમાં ફેરફાર કરીને ઈંધણની આયાતને પ્રોત્સાહન આપવા અને સબસિડી આપવાનો પણ નિર્ણય કર્યો છે.

આ સમગ્ર મામલામાં સૌથી રસપ્રદ વાત એ છે કે ભારત એક તરફ રશિયાને પેટ્રોલ મોકલી રહ્યું છે, તો બીજી તરફ તે રશિયાના ક્રૂડ ઓઈલનો વિશ્વમાં સૌથી મોટો ખરીદદાર દેશ પણ બનેલો છે. શિપ ટ્રેકિંગ ડેટા અનુસાર, જૂન મહિનામાં ભારતે રશિયા પાસેથી દરરોજ આશરે 27 લાખ બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરી છે, જે અત્યાર સુધીનો હાઈએસ્ટ રેકોર્ડ છે. ભારતે કુલ આયાત કરેલા ક્રૂડ ઓઈલમાં રશિયન ઓઈલનો હિસ્સો 50%થી વધુ રહ્યો છે. વૈશ્વિક સ્તરે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતીય રિફાઈનરીઓએ રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદવાનું વધુ ઝડપી બનાવ્યું છે.

# અરબ સાગરમાં અમેરિકન નેવીનું હેલિકોપ્ટર ક્રેશ, ઈમરજન્સી વૉટર લેન્ડિંગ બાદ 1 ક્રૂ મેમ્બર્સ ગુમ

**વૉશિંગ્ટન, તા.02**

અરબ સાગરમાં અમેરિકન નેવીના એક હેલિકોપ્ટરનું કટોકટીની સ્થિતિમાં દરિયામાં લેન્ડિંગ (ઈમરજન્સી વૉટર લેન્ડિંગ) કરાવવું પડ્યું હોવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર ચાર ક્રૂ મેમ્બર્સમાંથી ત્રણને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે, જ્યારે એક ક્રૂ મેમ્બર હજી પણ ગુમ છે. યુએસ નેવી દ્વારા ગુમ થયેલા જવાનને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.



યુએસ નેવીના સેન્ટ્રલ કમાન્ડ દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, MH-60S સીહોક (Seahawk) હેલિકોપ્ટરે અમેરિકન એરક્રાફ્ટ કેરિયર 'યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ' પરથી નિયમિત ઉડાન ભરી હતી. સ્થાનિક સમય મુજબ બપોરે આશરે 1 વાગ્યાની આસપાસ કોઈ તકનીકી ખામી કે અન્ય કારણોસર હેલિકોપ્ટરને દરિયાના પાણી પર જ લેન્ડિંગ કરવું પડ્યું હતું.

અકસ્માત સર્જાતાની સાથે જ નેવી દ્વારા તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. હેલિકોપ્ટરમાં સવાર 4 સભ્યોમાંથી 3 ક્રૂ મેમ્બર્સને સમયસર દરિયામાંથી બહાર કાઢી સુરક્ષિત રીતે એરક્રાફ્ટ કેરિયર પર પરત લાવવામાં આવ્યા છે. હાલ ત્રણેય જવાનોની સ્થિતિ સ્થિર છે. જો કે, ચોથા ક્રૂ મેમ્બરનો હજી સુધી કોઈ પતો લાગ્યો નથી, જેને શોધવા માટે નૌકાદળની ટીમો સતત પ્રયત્નશીલ છે.

નૌકાદળના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે હેલિકોપ્ટર પર કોઈ પ્રતિકૂળ હુમલો થયો હોય કે તેને તોડી પાડવામાં આવ્યું હોય તેવા કોઈ સંકેતો મળ્યા નથી. ઈમરજન્સી લેન્ડિંગ પાછળનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરના વિવાદોને પગલે ભારે તણાવનો માહોલ છે. જો કે હાલ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ અમલી છે, તેમ છતાં સમયાંતરે બનતી નાની-મોટી ઘટનાઓને કારણે અમેરિકન લશ્કરી દળોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

યુએસએસ જ્યોર્જ એચ. ડબલ્યુ. બુશ એપ્રિલ મહિનાના અંતથી પશ્ચિમ એશિયાના દરિયાઈ વિસ્તારમાં તહેનાત છે. આ પ્રદેશમાં દરિયાઈ વેપાર માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને પ્રાદેશિક સ્થિરતા જાળવવા માટે યુએસ નેવીના જે બે એરક્રાફ્ટ કેરિયર્સ તહેનાત કરાયા છે, તેમાંથી આ એક છે.

અનુસાર, દરિયાના પાણી પર હેલિકોપ્ટરનું કટોકટીનું ઉતરાણ અત્યંત જોખમી અને પડકારજનક પ્રક્રિયા છે. હેલિકોપ્ટરનું ઉપરનું માળખું ભારે હોવાને કારણે પાણી પર લેન્ડિંગ કરતી વખતે તે પલટી જાય તેવી પૂરેપૂરી સંભાવના રહે છે. આવા સંજોગોમાં ક્રૂ મેમ્બર્સ માટે બહાર નીકળવું અને બચાવ કામગીરી કરવી મુશ્કેલ બને છે. જો કે, યુએસ નેવીના પાઈલટ્સ આ પ્રકારની કટોકટીનો સામનો કરવા માટે ખાસ તાલીમબદ્ધ હોય છે, જેના કારણે ત્રણ જવાનોના જીવ બચાવી શકાયા છે. યુએસ નેવીના સેન્ટ્રલ કમાન્ડ દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, MH-60S સીહોક (Seahawk) હેલિકોપ્ટરે અમેરિકન એરક્રાફ્ટ કેરિયર 'યુએસએસ જ્યોર્જ એચ. ડબલ્યુ. બુશ' પરથી નિયમિત ઉડાન ભરી હતી. સ્થાનિક સમય મુજબ બપોરે આશરે 1 વાગ્યાની આસપાસ કોઈ તકનીકી ખામી કે અન્ય કારણોસર હેલિકોપ્ટરને દરિયાના પાણી પર જ લેન્ડિંગ કરવું પડ્યું હતું.

## તંત્રી લેખ

# અતિ ઉત્સાહી 117 જણએ મોદી-શહબાઝને પત્ર લખ્યો

બધા જાણે છે એમ ભારત અને પાકિસ્તાન વચ્ચે કદી સુમેળભર્યા સંબંધો રહેવાના નથી. આમ છતા 'અમન કી આશા'નો નારો લગાવીને કેટલીક વ્યક્તિઓ વારંવાર ભાઈચારાની વાત કરતી રહે છે. હવે ભારત - પાકિસ્તાન વચ્ચે સંબંધ સુધારવા માટે બંને દેશોના અતિ ઉત્સાહી ૧૧૭ લોકોએ વડાપ્રધાન મોદી અને પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફને પત્ર લખ્યો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ઝઘડાનો નહીં, પરંતુ વાતચીતનો રસ્તો પસંદ કરો. જેને કારણે દક્ષિણ એશિયામાં શાંતિ અને વિકાસનો રસ્તો સાફ થાય. આ ૧૧૭ વ્યક્તિઓમાં ભૂતપૂર્વ અધિકારીઓ, સામાજીક કાર્યકરો અને રાજકીય વિશ્લેષકોનો સમાવેશ થાય છે. ભારત તરફથી જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુખ અબ્દુલ્લા, મહેબુબા મુફ્તી અને આરજેડીના સાંસદ મનોજ ઝા સહિત ૬૧ લોકો આશાવાદી છે. પાકિસ્તાન તરફથી ભૂતપૂર્વ વિદેશ મંત્રી ખુરશીદ મહેમુદ કસુરી સહિત ૫૬ લોકો ઉત્સાહીત છે.

શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના મુખપત્ર સામનાએ ભારતીય જનતા પાર્ટી પર બરાબર આક્રમણ કર્યું છે. ભાજપની દેશભક્તિ અને હિન્દુત્વ ફક્ત દેખાડો હોવાનો આક્ષેપ અખબારે કર્યો છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)એ આરોપ મૂક્યો છે કે, ભાજપનું વર્તન રાવણના વંશજો જેવું છે. ભાજપને ટોણો મારતા કહેવામાં આવ્યું છે કે, 'ભલે ભાજપ રાવણને વિલન માનતી હોય, પરંતુ હિન્દુ સમાજે યાદ રાખવું જોઈએ કે, રાવણ દંભી નહોતો. એણે ભાજપની માફક રામ મંદિરો કે દાનની ચોરી કરી નહોતી.' તંત્રી લેખમાં કહેવામાં આવ્યું છે કે ભગવાન રામના નામ પર થઈ રહેલી લૂંટ, દેશની જમીન પર ગેરકાયદેસર કબજો, લોકતંત્ર અને બંધારણને નબળુ પાડવાના બની રહેલા બનાવ જોઈને કોઈને દુ:ખ અને શરમ નથી થતા. જો આમ જ ચાલ્યું તો વિષ્ણનો ૧૩મો અવતાર પણ દેશને બચાવી નહીં શકે.'

દિલ્હી - એનસીઆરમાં ગરમી ઘટવાને બદલે વધી રહી છે. ગરમીની અસર ફક્ત માણસો પર નહીં, પરંતુ પક્ષીઓ અને વન્યજીવો પર પણ દેખાઈ રહી છે. હીટ સ્ટ્રોક, ડીહાઈડ્રેશન અને અપુરતા પાણીને કારણે મોટી સંખ્યામાં પક્ષીઓ અને બીજા જાનવરો બીમાર પડી રહ્યા છે. ગરમીને કારણે એમને ડાયેરિયા તેમજ લુ લાગવાની સમસ્યા થઈ રહી છે. જરૂરી ખોરાક પણ તેઓ લઈ શકતા નથી. કેટલાક પક્ષીઓ અને જનાવરો ટપોટપ મરી રહ્યા છે. ચિંતાની વાત એ છે કે કેટલાક પક્ષીઓ આકાશમા ઉડીને આશરો લઈ રહ્યા છે તો કેટલાક પોતાના માળામાં પાછા નથી ફરી રહ્યા. સૌથી વધુ અસર ગરુડ, કબુતર અને બીજા શહેરી પક્ષીઓ પર પડી રહી છે. પશુ-પક્ષી હોસ્પિટલમાં દરરોજ લોકો હીટ સ્ટ્રોકથી ઘાયલ પક્ષીઓને લઈને પહોંચી રહ્યા છે. ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીના થોડા મહિના પહેલા વિધાનસભામાં સમાજવાદી પાર્ટીના ચીફ વ્હીપ એટલે કે મુખ્ય દંડક પદેથી ધારાસભ્ય કમાલ અખ્તરએ રાજીનામું આપી દીધું છે. કમાલ મુરાદાબાદની કાંઠ બેઠક પરથી ચૂંટાયા હતા. તેઓ સપાના સિનિયર નેતા અને અખિલેશ યાદવના ખાસ મનાતા હતા. રાજીનામાં બાબતે કમાલ અખ્તરનું કહેવું છે કે એમને રાજીનામું આપવાનો હુકમ અખિલેશ યાદવએ કર્યો હતો. સમાજવાદી પાર્ટીના સાંસદ રૂચી વિરા સાથે કમાલ અખ્તરને સમસ્યા થઈ હતી. ત્યાર પછી લખનૌમાં સપા હાઈકમાન્ડની બેઠક મળી હતી. એ વખતે અખિલેશ યાદવએ કમાલને રાજીનામું આપવા કહી દીધું હતું. આ પહેલા મનોજ પાંડે સમાજવાદી પાર્ટીના દંડક હતા જેમણે ક્રોસ વોટીંગ કરીને સપા છોડી દીધી હતી. હમણા તેઓ ભાજપ સરકારમાં મંત્રી છે. કાશ્મીર ખીણ પ્રદેશમાં મટનના વેપારીઓની હડતાળને કારણે બજારમાંથી મટન ગાયબ થઈ ગયું છે. આ સંકટ માટે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાએ ફરીથી પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને પત્ર લખ્યો છે. પંજાબ થઈને પસાર થતા વાહનો પાસેથી ખંડણી વસુલીને એમને હેરાન કરવામાં આવે છે જે બાબતે પગલાં લેવા માટે પંજાબના મુખ્યમંત્રીને કહેવામાં આવ્યું છે. ઉંમર અબ્દુલ્લાએ 'ઓલ કાશ્મીર હોલસેલ મટન ડીલર્સ યુનિયન'એ જે મુદ્દા ઉઠાવ્યા હતા એનો ઉલ્લેખ કર્યો છે.

**યુરોપના લોકોના ડીએનએમાં જ ગરમી સહન કરવાની ક્ષમતા નથી, તેઓ સદીઓથી ઠંડીમાં રહેવા ટેવાયેલા છે જ્યારે ભારતીયો સદીઓથી ગરમીમાં રહેવા ટેવાયેલા છે તેથી તેમને ઠંડા પ્રદેશોમાં તકલીફ પડે છે. યુરોપીયોનોને એકાએક વધેલી ગરમી હવે નડી રહી છે : છેલ્લા આ ૧૨ દિવસમાં યુરોપમાં જે ગરમી વધી છે તે અકલ્પનીય છે. બ્રિટન સહિત યુરોપના 30 દેશોના ૮૫0 શહેરોમાંથી ૪૫ ટકા શહેરોમાં ગરમીનો પારો રેકોર્ડ સ્તરે વધી ગયો. હીટ સ્ટ્રેસમાં ગરમી વધી ગઈ અને બફારો પણ વધી ગયો. તેના કારણે લોકોના મોત પણ થવા લાગ્યા**

# યુરોપમાં બે દાયકામાં ગરમી 200 ગણી વધી ગઈ!

## ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના દોષનો ટોપલો ગરીબ દેશો ઉપર નાખનારા યુરોપને હવે ગરમી સહન થતી નથી



જાણકારોના મતે તાપમાનનો પારો ભલે ગમે તેટલો ઉપર જાય પણ ગરમીનો અનુભવ અને અન્ય કારકો તેની અસર ઉપર પ્રભાવ પાડતા હોય છે. ખાસ કરીને ભૌગોલિક સ્થિતિ, સૂર્યના કિરણોનો કોણ, હવાની ગુણવત્તા, જે તે સ્થળનું માળખું, મકાનોનું નિર્માણ અને મકાનોની બનાવવાની શૈલી વગેરે પણ વ્યાપક રીતે અસર કરતા હોય છે

યુરોપમાં હાલમાં ભયાનક ગરમી પડી રહી છે. અહીંયા દિવસ અને રાત્રી બંને દરમિયાન અસહ્ય ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. તાપમાન દિવસ અને રાતનું એટલું વધી ગયું છે કે, લોકો માટે રહેવું અને જીવવું અસહ્ય થઈ રહ્યું છે. અત્યંત ઠંડક માટે જાણીતા આ યુરોપના દેશોમાં ૪૩ ડિગ્રી સુધી ગરમીનો પારો જતો રહ્યો છે. જે દેશોમાં હીટર ચાલુ રહેતા હતા ત્યાં લોકો એસી અને પંખા લેવા માટે પડાપડી કરી રહ્યા છે. અહીંયા રસ્તા ઓગળી રહ્યા છે, રેલવે ટ્રેક વાંકા થઈ ગયા છે, વાહનોના પૈડા ઓગળી રહ્યા છે અને લોકોનાં મોત થઈ રહ્યા છે. ફ્રાન્સમાં ૪૧ ડિગ્રી તાપમાન પહોંચ્યું ત્યાં તો ૧૫૦૦થી વધુનાં મોત થઈ ગયા. યુરોપ અત્યારે અગનભઠ્ઠી બનેલું છે જે સતત લોકોનો ભોગ લઈ રહ્યું છે.

તાજેતરમાં જ વર્લ્ડ વેધર એટ્રિબ્યુશન એટલે કે ડબ્લ્યૂડબલ્યૂએ નામની સંસ્થાએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે, ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ વગર આવી ગરમી વધવી શક્ય જ નથી.

જાણકારોના મતે અત્યાર સુધી ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જનો દોષનો ટોપલો ગરીબ દેશો અને એશિયાના દેશો ઉપર નાખનારા પશ્ચિમી દેશોને તેમના કર્મોનું ફળ મળ્યુ છે. અહીંયા પણ ક્લાઈમેટ ચેન્જને કારણે જ ગરમીમાં ભયાનક વધારો થયો છે. આજથી પાંચ દાયકા પહેલાં એટલે કે ૧૯૭૬માં જે ગરમીની કલ્પના પણ થઈ શકતી નહોતી તે છેલ્લાં બે દાયકામાં ધીમે ધીમે વધી છે. જાણકારોના અહેવાલ પ્રમાણે યુરોપના દેશોમાં છેલ્લાં ૨૦ વર્ષમાં ગરમીમાં ૨૦૦ ગણો વધારો થયો છે. ફ્રાન્સ, ઈટાલી, સ્પેન, બ્રિટન સહિતના દેશોમાં ગરમી ૪૦ ડિગ્રીને વટાવી ગઈ છે. અહીંયા રાતનું તાપમાન પણ ૨૫ થી ૩૦ ડિગ્રીની આસપાસ રહેવા લાગ્યું છે. અહીંયા લોકોને આવો તાપ સહન કરવાની આદત જ નથી તેથી તેમના માટે આ સ્થિતિ અસહ્ય થઈ રહી છે.

યુરોપના વાતાવરણના ભૂતકાળ ઉપર નજર કરીએ તો તેમાં ઘણો ફેરફાર આવ્યા છે પણ તેની ગંભીરતાથી નોંધ લેવામાં આવી નથી. સંશોધકોએ જણાવ્યું કે, ૧૯૭૬થી ૨૦૦૩ની વચ્ચે તાપમાનમાં ઘણો ફેરફાર થયો છે. ૧૯૭૬માં દિવસનું તાપમાન સરેરાશ કરતા ૩.૫ ડિગ્રી ઓછું રહેતું હતું. રાતનું તાપમાન સરેરાશ કરતા ૨.૫ ડિગ્રી ઓછું થઈ જતું હતું. ૨૦૦૩ સુધી તેમાં દિવસ અને રાતના તાપમાનમાં અનુક્રમે ૨ અને ૧.૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. ત્યારબાદ જે પરિવર્તન આવવાનું શરૂ થયું તેણે યુરોપની હાલત ખરાબ કરી નાખી. ગ્લોબલ વોર્મિંગની અસરે ધીમે ધીમે યુરોપને ગરમીના સકંજામાં જકડી લીધું હતું.

ચિંતાજનક બાબત એ છે કે, ડબ્લ્યૂડબ્લ્યૂએ દ્વારા ૧૮ જૂનથી ૩૦ જૂન સુધીની ગરમીનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. આ ૧૨ દિવસમાં યુરોપમાં જે ગરમી વધી છે તે અકલ્પનીય છે. બ્રિટન સહિત યુરોપના ૩૦ દેશોના ૮૫૦ શહેરોમાંથી ૪૫ ટકા શહેરોમાં ગરમીનો પારો રેકોર્ડ સ્તરે વધી ગયો. હીટ સ્ટ્રસમાં ગરમી વધી ગઈ અને બફારો પણ વધી ગયો. તેના કારણે લોકોનું શરીર દબાણ અનુભવવા લાગ્યું અને શરીરને ઠંડક મળવાની ઓછી થઈ ગઈ. તેના કારણે લોકોની હાલત ખરાબ થવા લાગી. સંશોધકોના મતે આ વખતે ગરમી અને ખાસ કરીને બફારો ધરાવતી ગરમીનું પ્રમાણ વધી ગયું જે લોકો માટે અસહ્ય છે. સામાન્ય રીતે યુરોપમાં જુલાઈ અને ઓગસ્ટમાં ગરમી પડતી હોય છે પણ આ વખતે મે મહિનાથી જ લોકો માટે અસહ્ય ગરમી પડી રહી છે. તેમાંય જૂનમાં તો ગરમીએ તમામ રેકોર્ડ તોડી કાઢયા.

ચિંતાજનક બાબત એવી પણ છે કે, સંશોધકોએ યુરોપને વધુ ગરમી સહન કરવાનું શીખવાની ચેતવણી આપી દીધી છે. યુરોપમાં જે ગરમી પડી રહી છે તેની વાસ્તવિક સ્થિતિ અને અસર વધારે ગંભીર છે. યુરોપમાં હવે આવી ગરમીની લહેર વારંવાર આવશે. સંશોધકોના મતે ધીમે ધીમે યુરોપમાં આવી ગરમીની અવધી વધુ લાંબી થશે અને તેની અસર પણ વધુ ઘાતક થતી જશે. યુરોપની આ ગરમી ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની અસરની સૌથી મોટી ચેતવણી છે.

આ સ્થિતિ સમગ્ર દુનિયાને અનુભવ કરાવી રહી છે ક્લાઈમેટ ચેન્જની શું અસર થઈ છે અને ભવિષ્યમાં શું થઈ શકે છે. યુરોપ જેવા વિકસિત કોન્ટિનેન્ટનું સ્વાસ્થ્ય તંત્ર અને અર્થતંત્ર બધું જ હાંફી ગયું છે.

તાજેતરમાં ડબ્લ્યૂડબ્લ્યૂએના સંશોધકોએ જણાવ્યું કે હવે આપણે આ ગરમીની આદત પાડવી પડશે. જ્યાં સુધી કાર્બન ઉત્સર્જન ઉપર કામ કરવામાં નહીં આવે, જ્યાં સુધી ક્લાઈમેટ ચેન્જને કન્ટ્રોલ નહીં કરવામાં આવે, જ્યાં સુધી અવિચારી અને આંધળુકિયા વિકાસને અટકાવવામાં નહીં આવે ત્યાં સુધી લોકોની હાલત ખરાબ જ રહેશે. લોકોને આરામ મળશે નહીં, સ્વાસ્થ્ય સુવિધાઓ હાંફી જશે. હવે સૌથી પહેલાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના મૂળ કારણોને દૂર કરવા જરૂરી છે. કોલસા, ક્રૂડ, ગેસ વગેરેનો ઉપયોગ ઘટાડવો પડશે અને પૂન:પ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતનો વપરાશ વધારવો પડશે. સોલાર, વિન્ડ અને ન્યુક્લિયર એનર્જીના વિકલ્પો તરફ વધારે ભાર મુકવો પડશે.

યુરોપની ગરમીની સાથે સાથે ભારતની ગરમીની પણ ચર્ચા ચારેકોર થઈ રહી છે. તાજેતરમાં યુરોપની વધી રહેલી ગરમી વચ્ચે ભારતમાં પણ આવી જ ગરમી પડે છે છતાં લોકોનાં મોત એટલા થતા નથી તેવી ચર્ચાએ વેગ પકડયો છે. સામાન્ય રીતે જોવાયું છે કે, ભારતમાં ૪૮ ડિગ્રી સુધી તાપમાન જતું રહેતું હોય છે. રાજસ્થાનના કેટલાક ભાગમાં ૫૦ ડિગ્રી સુધી તાપમાન ગયું છે પણ ગરમીના કારણે લોકોનાં મોત થતા નથી. બીજી તરફ યુરોપમાં ૪૦ ડિગ્રી તાપમાન જતું રહ્યું ત્યાં ૧૫૦૦ લોકાનાં મોત થઈ ગયા. જાણકારોના મતે તાપમાનનો પારો ભલે ગમે તેટલો ઉપર જાય પણ ગરમીનો અનુભવ અને અન્ય કારકો તેની અસર ઉપર પ્રભાવ પાડતા હોય છે. ખાસ કરીને ભૌગોલિક સ્થિતિ, સૂર્યના કિરણોનો કોણ, હવાની ગુણવત્તા, જે તે સ્થળનું માળખું, મકાનોનું નિર્માણ અને મકાનોની બનાવવાની શૈલી વગેરે પણ વ્યાપક રીતે અસર કરતા હોય છે.

જાણકારોના મતે જો વૈશ્વિક સ્તરે ભૌગોલિક તફાવતો જોઈએ તો ભારત કરતા યુરોપ વધારે ઉત્તર અક્ષાંશ તરફ છે. તે ઉત્તર તરફ વધારે છે તેથી અહીંયા ઉનાળા દરમિયાન દિવસ મોટા થઈ જાય છે.

અહીંયા રૂસૂર્યના કિરણો પણ અલગ ખુણેથી અને લાંબા સમય સુધી આવતા હોય છે. તેના કારણે ઈમારતો અને રસ્તા આખો દિવસ તાપ પડવાથી તપવા લાગે છે. ભારતમાં સૂર્ય વધારે ઉપર જ છે અને આકરો છે છતાં તેનો ખૂણો અને તેના સમયમાં ઘણો તફાવત છે અને તેથી જ તેનો અનુભવ પણ જુદો થાય છે.

બીજી વાત એવી છે કે, યુરોપના દેશો સદીઓથી ઠંડા રહ્યા છે. અહીંયા ગરમીનો અસહ્ય પ્રકોપ આવી શકે તેની કોઈ કલ્પના પણ કરતું નહોતું.

યુરોપના લોકો જન્મજાત ઠંડી માટે ટેવાયેલા છે. તેમનાથી ગરમી સહન થાય તેમ જ નથી. તેઓ ઠંડા પ્રદેશોમાં અસ્તિત્વ ટકાવી શકે પણ ગરમીમાં ટકી ન શકે. અહીંયા મોટાભાગના જૂના મકાનોમાં આજે પણ પંખા અને એસી નથી. આ ઉપરાંત શહેરોમાં પણ બહારના એલિવેશન ખરાબ ન થાય તે માટે તેમાં પણ એસી લગાવાયા નથી. તેના કારણે લોકો માટે હવે એકાએક આવેલી ગરમી અસહ્ય થઈ રહી છે. ભારતની વાત કરીએ તો ભારતના લોકો જન્મજાત ગરમી માટે ટેવાયેલા છે.

ભારતીયો જ જ્યારે એવરેસ્ટ ઉપર કે કેદારનાથ જેવી જગ્યાઓએ જાય છે ત્યારે તેમની તબિયત ખરાબ થાય છે, ઘણા લોકોનાં મોત થાય છે કારણ કે આપણે ઠંડા વાતાવરણ માટે ટેવાયેલા જ નથી. ત્યાં રહેતા સ્થાનિકો સિવાય ત્યાં કોઈ ટકી શકતું નથી. આપણે ગરમી સહન કરી શકીએ પણ ઠંડી નહીં.

ભારત અને યુરોપની ગરમીની સરખામણી દરમિયાન સંશોધકોને એક વિચિત્ર અને આશ્ચર્યજનક પાસુ પણ જોવા મળ્યું હતું. સંશોધકોએ જણાવ્યું કે, ભારતના ઘણા શહેરોમાં ભયાનક પ્રદુષણ રહેતું હોય છે. તેના કારણે પણ અહીંયા ગરમી ઓછી પડે છે, સૂર્યના કિરણો સીધા નીચે સુધી પહોંચી શકતા નથી. તેમના મતે આ પ્રદુષિત શહેરોમાં હવામાં ધૂળના કણો ખૂબ જ વધારે હોય છે. ધૂળના આ કણો સૂર્યના કિરણોને વિખેરી કાઢે છે. તેના કારણે તેની તિવ્રતા ઓછી થઈ જાય છે. બીજી તરફ યુરોપમાં વાતાવરણ સાફ છે, પ્રદુષણ ઓછું અને આકાશ ચોખ્ખું હોય છે તેથી અહીંયા તાપ વધારે આકરો લાગે છે. સૂર્યના કિરણો સીધા જ જમીન સુધી આવે છે અને ચામડી દઝાડે છે. તેનો અર્થ એવો નથી કે પ્રદુષણ લાભદાયક છે પણ આ એક મુદ્દે પ્રદુષણ ગરમીની તિવ્રતા ઘટાડી દેતી હોવાનું નોંધાયું છે. આ ઉપરાંત અહીંયા હીટવેવની બીજી નકારાત્મક બાબત એ છે કે, અહીંયા ગરમી દરમિયાન હવા લગભગ બંધ થઈ ગઈ છે. ઝાડના પાંદડા પણ હાલે તેટલો પવન આવતો નથી. તેના કારણે ગરમી સખત વધી ગઈ. ગરમી દરમિયાન પરસેવો થાય તેને ઠંડો કરતો પવન આવતો નથી તેથી ગરમીની અસર વધારે આકરી થઈ ગઈ. આ સિવાય યુરોપના મકાનોની બનાવટ પણ મોટી અસર કરે છે. અહીંયાના મકાનો શિયાળા અને આકરી ઠંડીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે. શિયાળામાં અહીંયા જાડી દીવાલો, મજબૂત ઈન્સ્યુલેશન, લાકડાના ભોંયતળિયા, લાકડાની છત વગેરે ગરમી ટકાવી રાખવામાં મદદરૂપ થાય છે. હવે ગરમી વધવાથી આ જ મકાનોમાં રહેવું પણ મુશ્કેલ થઈ ગયું છે. ગરમી અને બફારો મકાનમાંથી બહાર જતા જ નથી. અહીંયા વેન્ટિલેશની જોઈએ તેવી સુવિધા થતી જ નથી તેથી લોકો હવે ઈમારતોમાં અસહ્ય ગરમીમાં બફાવા લાગ્યા છે.

# મીઠાશ,ખારાશ કે કડવાશ બીજની કમાલ સંકટ સમયે છાંયો આપે,એ જ સાચો સંબંધી વિશાળ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



આપણે સૌ એક જ આકાશ નીચે જીવીએ છીએ. સૂર્યનો તડકો, વરસાદનું પાણી, હવાનો શ્વાસ- કુદરત કોઈનો પક્ષપાત કરતી નથી. છતાં જીવનના બગીચામાં કોઈ મીઠું બને છે, કોઈ ખાટું, કોઈ કડવું તો કોઈ તીખું. કોઈ સંબંધમાં અજવાળું પાથરે છે તો કોઈ અંધારું. આ ભેદ કુદરતનો નથી. આ ભેદ છે 'બીજ'નો,'ભાવ'નો અને 'સાચા પ્રકાશ'ની સમજણનો. આ ત્રણ સત્ય સમજી લઈએ તો દુઃખનું કારણ અને સુખનો માર્ગ બંને સ્પષ્ટ થઈ જાય.

પાણી એક,પણ ફળ જુદાં: વિચારનું વાવેતર જ ભાગ્ય છે

ખેતર એક,પાણી એક,ખેડૂત એક. છતાં શેરડીમાં મીઠાશ, દ્રાક્ષમાં ખટાશ, કારેલામાં કડવાશ અને મરચામાં તીખાશ ક્યાંથી આવી? પાણીએ પક્ષપાત કર્યો નથી. ભેદ છે બીજનો.

આપણું મન પણ એક ખેતર છે. રોજ જે વિચારો આપણે સ્વીકારીએ છીએ, જે ભાવનાને પાણી પાઈએ છીએ, તે જ આપણા જીવનનું ફળ બને છે.

-મીઠાશનું બીજ કૃતજ્ઞતા, ક્ષમા, પ્રેમ. આ વાવશો તો સંબંધોમાં શેરડી જેવી મીઠાશ ઉગશે. લોકો તમારી હાજરીથી ઠરશે.-ખટાશ નું બીજફરિયાદ, ઈર્ષ્યા,તુલના. આ રોપશો તો દ્રાક્ષ જેવી ખટાશ આવશે.મોઢું મચકોડાવનારા સંબંધો જ બનશે.

કડવાશનું બીજ વેર,નિંદા, અહંકાર.આ ઉગાડશો તો કારેલા જેવું જીવન થશે.તમે સાચા હશો તો પણ લોકો તમને સ્વીકારતા અચકાશે.

-તીખાશનું બીજ ક્રોધ,આકરા વેણ, ઉતાવળ. મરચું ઉગશે. તમારો સ્પર્શ બીજાને દઝાડશે.

જગત તમને સંજોગરૂપી પાણી તો સરખું જ આપશે. તકલીફ, સુખ, લાભ, નુકસાન - બધાને આવે છે. પણ તમે કયું બીજ વાવ્યું છે તેના પર તમારી પ્રતિ ક્રિયા અને પરિણામ નક્કી થશે. માટે રોજ સવારે મનના ખેતરનું નિરીક્ષણ કરો. કચરો વીણી લો, સારાં બીજ વાવો. કારણ કે તમે જે વાવશો, એ જ લણશો. બીજા કોઈને દોષ દેવાનો અર્થ નથી.

હેરાન કોણ થાય છે? મૂલ્યોની કિંમત અને ચાપલૂસીની સરળતા દુનિયાનો એક કડવો નિયમ જોઈ લો: સૌથી વધુ હેરાન 'મદદગાર', 'વફાદાર' અને 'મનના સાફ' લોકો થાય છે. કેમ? મદદગાર હંમેશા બીજાનું વિચારે. પોતાનું નુકસાન કરીને પણ સામેવાળાનું કામ કરે. દુનિયા તેને 'સહેલાઈથી મળી જનાર' માણસ સમજી લે છે.

વફાદાર એક જગ્યાએ,એક સિદ્ધાંત પર ટકી રહે. બદલાતા સમય સાથે રંગ ન બદલે. દુનિયા તેને 'જૂનવાણી' કે 'ભોળો' કહે.

મનના સાફ લોકોના દિલમાં જે હોય તે જીભે હોય.ઢોંગ ન આવે એટલે દુનિયા તેમની સ્પષ્ટતાને 'આકરાપણું' સમજીને દૂર ભાગે.

સામે પક્ષે, 'બેય બાજુ ઢોલકી વગાડવાવાળા' અને 'ચાપલૂસ' લોકો ગમે ત્યાં ફિટ થઈ જાય છે. તેમની પાસે પોતાનો કોઈ રંગ નથી. સામેવાળાને ગમે તે રંગ ધારણ કરી લે. તેમને ક્યાંય ઘર્ષણ ન નડે, એટલે હેરાનગતિ પણ ઓછી. તો શું આપણે પણ ચાપલૂસ બની જવું? ના. આ જ તો કસોટી છે. ખાંડ અને મીઠું બંને સફેદ દેખાય,પણ ગુણ અલગ છે. સંકટ સમયે ખબર પડે કે કોણ શું છે. મદદગાર, વફાદાર અને સાફ દિલના માણસને શરૂઆતમાં તકલીફ પડે, પણ અંતે તેનું જ નામ અમર થાય છે. ચાપલૂસનો મહેલ રેતી પર હોય છે.એક તણખો પડે ને ખાખ થઈ જાય. માટે હેરાન થવાથી ડરો નહીં. તમારા મૂલ્યો એ તમારું સોનું છે.કાટ લાગે પણ કિંમત ઘટે નહીં.રામે વનવાસ વેઠ્યો,પણ રાજા રામ જ કહેવાયા. રાવણ સોનાની લંકાનો રાજા હતો, પણ અંતે શું થયું?

દીવાનું કોડિયું નહીં,પ્રકાશ મહત્ત્વનો:સંબંધની સાચી પરીક્ષા આપણે સંબંધોને ઘણીવાર કોડિયાથી મૂલવીએ છીએ.આ મારો સગો સોનાનું કોડિયું છે - બંગલાવાળો, ગાડીવાળો, પૈસાવાળો.પેલો માટીનું કોડિયું છે સામાન્ય, ગરીબ.પણ અંધારું થાય ત્યારે કોડિયું નહીં,દીવો કામ આવે. અને દીવાની કિંમત તેના પ્રકાશથી છે.

સંકટ એ જીવનનું અંધારું છે. એ સમયે જે તમારી આંગળી પકડીને ઉભો રહે, જે ફોન ઉપાડે, જે 'હું છું ને' કહે, એ જ સાચો સંબંધી છે. એ અમીર હોય કે ગરીબ, ભણેલો હોય કે અભણ, શું ફરક પડે?

માટીનું કોડિયું કદાચ તમારો એ મિત્ર જેની પાસે મોટી ગાડી નથી, પણ તમારી આંખમાં આંસુ જોઈને તેની બાઈક લઈને હોસ્પિટલ દોડી આવે છે. તેનો પ્રકાશ સોનાના કોડિયા કરતાં અનેકગણો છે.

સોનાનું કોડિયું કદાચ એ સગું જે સ્ટેટસવાળું છે,પણ તમારા ખરાબ સમયે ફોન ઉપાડવાનું ટાળે છે, બહાના કાઢે છે. તે કોડિયાની કિંમત શું?

માટે સંબંધોની એફડી નહીં, એની ઉપયોગિતા જુઓ. કોની હાજરીથી તમારા જીવનમાં અજવાળું થાય છે તે જુઓ. દિવાળીએ આપણે માટીના દીવા જ પ્રગટાવીએ છીએ. કેમ? કારણ કે પ્રકાશનો સંબંધ ભાવ સાથે છે, વસ્તુ સાથે નહીં. જે સંબંધ દિલથી પ્રગટે તે જ અંધારામાં માર્ગ બતાવે.

ત્રણ દીવા પ્રગટાવો આ ત્રણ મુદ્દા જીવનના ત્રણ દીવા છે.પહેલો દીવો જાગૃતિનોરોજ વિચારોનું વાવેતર તપાસો. મીઠાશનું બીજ વાવો. સંજોગોને નહીં,પોતાના બીજને જવાબદાર ગણો.

બીજો દીવો હિંમતનોમદદગાર, વફાદાર અને સાફ દિલના રહો. હેરાન થશો તો પણ ડગશો નહીં. ચાપલૂસીની શોર્ટકટ કરતાં મૂલ્યો નો રાજમાર્ગ લાંબો પણ સલામત છે.

ત્રીજો દીવો સમજણનો સંબંધો ને કોડિયાથી નહીં,પ્રકાશથી મૂલવો. સંકટ સમયે કામ આવે તે જ તમારું સાચું ધન છે.

પાણી તો ઈશ્વર બધાને સરખું આપે છે. હવે તમારા ખેતરમાં શું ઉગાડવું છે તે તમારે નક્કી કરવાનું છે. કોડિયું ભલે માટીનું રહે, પણ તમારો પ્રકાશ એવો રાખો કે આખી ખલકમાં અજવાળું થઈ જાય. કારણ કે અંતે હિસાબ બીજનો, ભાવનો અને પ્રકાશનો જ થવાનો છે. બાકી બધું રાખનું રાખ થઈ જશે.અસ્તુ.

# ત્રીજા પ્રશ્ન ઉપનિષદનો પ્રશ્ન પંચ પ્રાણના સ્વરૂપ ને કંઈ રીતે સમજાવે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હાલનાં સમયમાં સુખ સુવિધાનાં સાધનોની રોજ શોધ થાય છે, અને તેથી એક વસ્તુ ઘરમાં આવે તો તરત જ બીજાની ઈચ્છા થાય ! અને એટલે જ વાસ્તવિકતા ગમે તે હોય પણ માનવીની કલ્પનામાં પણ સુખ અને ભોગ જ હોય છે. પરંતુ સાચું ધન સંતોષ છે! એ જ્યાં સુધી સમજાય નહીં, ત્યાં સુધી આ દોડાદોડી યથાવત રહેશે! માટે જ સમય છે ત્યાં ઈશ્વર વિશે જરાં ખોજ કરી લઈએ! મૃત્યુ પછી સ્વર્ગ મળશે જ, એટલે કે શ્રીધામ જ્યાં નિરંતર ઈશ્વરનો વાસ છે, અને પછી તો એની સાથે જ રહેવાનું છે, એવું વિચાર્યા વગર આ સમયને જ સ્વર્ગ એટલે કે શ્રેષ્ઠ બનાવીએ, અને હરિને ત્યાં જ રહેવું પડે એવું જીવીએ! સામાન્ય જીવનમાં પણ ઘણાં પ્રશ્નો હોય છે, પરંતુ આધ્યાત્મિક જીવન એટલે જે પરમ તત્વ અધ્યાર છે એની વિશે જોવું, જાણવું, અને માણવું સાધનાની એ સફરને આધ્યાત્મિક સફર કહેવાય છે, અને અહીં જીજ્ઞાસા એટલે એવાં પ્રશ્નોની ઝડી કે જે તત્વતઃ બ્રહ્મનાં સ્વરૂપ અને કાર્ય વિશેની સહજ સમજ, જે માત્રને માત્ર એક ગુરુ પોતાના શિષ્યને આપી શકે છે, અને શિષ્ય પરમ તત્વ વિશેની સરળ સહજ સમજથી સત્ય રુપી બ્રહ્મની નિષ્ઠામાં જીવન વ્યતીત કરવાનો સંકલ્પ કરે છે. તો આજે શુક્રવાર અને એટલે ત્રીજા ઉપનિષદીય સૂત્રોને સદગુરુ કૃપાથી સરળ બનાવવાં ચિંતન કરીશું.

ત્રીજા ઉપનિષદનો ત્રીજો પ્રશ્ન ઋષિ કૌશલ્ય આશ્વલાયન દ્વારા ગુરુ પિપ્પલાદ ઋષિને પૂછવામાં આવે છે. આ પ્રશ્નનો મુખ્ય વિષય પ્રાણનું સ્વરૂપ, તેનો ઉદ્ભવ, શરીરમાં પ્રવેશ, પાંચ વિભાગો અને તેની કાર્યપદ્ધતિ છે.

**અથ હૈનં કૌશલ્યશ્ચાશ્વલાયનઃ પપ્રચ્છ।
ભગવન્! કુત એષઃ પ્રાણો જાયતે?
કથમાયાત્યસ્મિન્શરીરે?
આત્માનં વા પ્રવિભજ્ય કથં પ્રતિષ્ઠતે?
કેન ઉત્ક્રામતિ? કથં બાહ્યમભિધત્તે?
કથમધ્યાત્મમિતિ?

"હે ભગવન! આ પ્રાણ ક્યાંથી ઉત્પન્ન થાય છે? તે શરીરમાં કેવી રીતે આવે છે? પોતાને વિવિધ ભાગોમાં વહેંચીને શરીરમાં કેવી રીતે સ્થિર રહે છે? શરીરમાંથી કેવી રીતે નીકળે છે? બહારના જગતનું સંચાલન કેવી રીતે કરે છે અને શરીરની અંદર કેવી રીતે કાર્ય કરે છે? પ્રાણ એટલે માત્ર શ્વાસ વિશે નથી. તે જીવનશક્તિનું મૂળ શું છે, જીવ અને આત્માનો સંબંધ શું છે, અને સમગ્ર જીવનને ચલાવતી દિવ્ય શક્તિ કેવી રીતે કાર્ય કરે છે.

**આત્મન એષઃ પ્રાણો જાયતે।
યથૈષા પુરુષે છાયા
એ ત સ્મિ ન્ને ત દા ત તં।
મનોકૃતેનાયાત્યસ્મિન્શરીરે॥

પ્રાણ આત્મામાંથી ઉત્પન્ન થાય છે. જેમ મનુષ્યની છાયા મનુષ્ય સાથે રહે છે, તેમ પ્રાણ આત્મા સાથે જોડાયેલો છે. મનના સંસ્કારો અનુસાર તે શરીરમાં પ્રવેશ કરે છે.

પ્રાણનું મૂળ આત્મા છે; તે સ્વતંત્ર નથી. મનની વૃત્તિઓ અને કર્મોના આધારે જીવને યોગ્ય શરીર મળે છે. તેથી મનને શુદ્ધ કરવું આધ્યાત્મિક માર્ગમાં અત્યંત મહત્વનું છે.

**યથા સમ્રાડેવાધિકૃતાન્ વિનિયુંક્તે,
એતાન્ ગ્રામાનેતાન્ ગ્રામાનધિતિષ્ઠસ્વ
ઈતિ; એવમેવૈષ પ્રાણ ઈતરાન્,
પ્રાણાન્ પૃથક્ પૃથગેવ સન્નિધત્તે।

જેમ રાજા પોતાનાં અધિકારીઓને જુદા જુદા પ્રદેશોમાં કાર્ય સોંપે છે, તેમ મુખ્ય પ્રાણ બીજા પ્રાણોને જુદા જુદા કાર્યો માટે નિયુક્ત કરે છે.

આપણા શરીરમાં એક જ જીવનશક્તિ વિવિધ રૂપે કાર્ય કરે છે. બધાં કાર્યો પાછળ એક જ ચેતન શક્તિ કાર્યરત છે.

*'પાયૂપસ્થયોરપાનઃ।
ચક્ષુઃશ્રોત્રે મુખનાસિકાભ્યાં પ્રાણઃ।
મધ્યે તુ સમાનઃ।

અપાન નીચેનાં ભાગોમાં કાર્ય કરે છે, પ્રાણ આંખ, કાન, નાક અને મુખમાં કાર્ય કરે છે અને સમાન નાભિ પ્રદેશમાં પાચનનું કાર્ય કરે છે.

શરીરની દરેક ક્રિયા પાછળ દિવ્ય વ્યવસ્થા કાર્ય કરે છે. યોગમાં પ્રાણનાં આ વિભાગોને સમજીને મન અને ચેતનાને સ્થિર કરવામાં આવે છે.

*'હૃદિ હ્યેષ આત્મા।
અત્રૈતદેકશતં નાડીનામ્
તસાં શતમેકૈકસ્યા દ્વાસપ્તતિઃ સહસ્રાણિ
ભવન્તિ।
આસુ વ્યાનશ્ચરતિ॥

આત્માનું મુખ્ય સ્થાન હૃદય છે. ત્યાંથી 101 મુખ્ય નાડીઓ નીકળે છે, તેમની અનેક શાખાઓમાં વ્યાન પ્રાણ સંચાર કરે છે.

હૃદય માત્ર શારીરિક અંગ નથી; તે ચેતનાનું કેન્દ્ર માનવામાં આવ્યું છે. સમગ્ર શરીરમાં ચેતનાશક્તિનું વિતરણ વ્યાન દ્વારા થાય છે.

**શંકરાચાર્ય કહે છે કે પ્રાણ આત્મા નથી; પ્રાણ આત્માની શક્તિ છે. મંત્રમાં કહેવામાં આવ્યું છે:

'આત્મન એષઃ પ્રાણો જાયતે।' તેનો અર્થ એ નથી કે આત્મામાં કોઈ ફેરફાર થઈને પ્રાણ બને છે. આત્મા તો સદા અપરિવર્તિત છે. પ્રાણ આત્માની ઉપસ્થિતિથી પ્રગટ થતી જીવનશક્તિ છે.જેમ રાત કે દિવસ થાય પણ સૂર્ય પોતે બદલાતો નથી, છતાં તેનાં પ્રકાશથી સમગ્ર જગત પ્રકાશિત થાય છે; તેમ આત્મા બદલાતો નથી, પરંતુ તેની ઉપસ્થિતિથી પ્રાણ અને શરીરની તમામ ક્રિયાઓ શક્ય બને છે.

** સ્વામી ચિન્મયાનંદ પ્રાણને માત્ર શ્વાસ તરીકે સમજવાનું અધૂરું માને છે. તેમના મત પ્રમાણે પ્રાણ એ સમગ્ર જીવનને ગતિ આપતી ચેતનાશક્તિ છે. પાવર હાઉસ એક જ હોય છે, પરંતુ એ જ વીજળીથી બધાં ઉપકરણ કાર્ય કરે છે, શક્તિ એક જ છે. તેવી જ રીતે પાંચ પ્રાણો કાર્યમાં જુદા છે, પરંતુ જીવનશક્તિ એક જ છે.

**સ્વામી રંગનાથાન માનવજીવનને વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક બંને દ્રષ્ટિએ સમજાવે છે. શરીરમાં અનેક પ્રક્રિયાઓ ચાલે છે, પરંતુ તેમની પાછળ એક સંકલિત જીવનવ્યવસ્થા છે.

એક મોટી કંપનીમાં ઉત્પાદન, હિસાબ, વેચાણ અને વ્યવસ્થાપન જેવા વિભાગો અલગ હોય છે, છતાં બધું એક કેન્દ્રિય નેતૃત્વ હેઠળ ચાલે છે. તેવી જ રીતે પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન અલગ કાર્ય કરે છે, પરંતુ એક જ મુખ્ય પ્રાણના આધારે.

**સ્વામી શિવાનંદજી નાં મતે જે વ્યક્તિ પ્રાણને સમજે છે, અને તેને યોગ દ્વારા સંતુલિત કરે છે, તેનું મન પણ સ્થિર થવા લાગે છે. પ્રાણ અને મન એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

જ્યારે ગુસ્સો આવે ત્યારે શ્વાસ ઝડપી થઈ જાય છે; જ્યારે મન શાંત હોય ત્યારે શ્વાસ પણ ધીમો અને સમતોલ બને છે. તેથી પ્રાણાયામ દ્વારા મન પર પણ અસર થાય છે.

## જનતાના કરોડોના ખર્ચે બનાવેલો રોડ એક જ મહિનામાં બેસી ગયો

# સ્માર્ટ સિટી સુરત 'ખાડાનગરી' બન્યું: ડિંડોલીમાં 40 મીટરનો રસ્તો જમીનમાં ગરકાવ, ભ્રષ્ટાચારની પોલ ખુલી!

**સુરત, તા.02**

સુરતના ડિંડોલી વિસ્તારમાં પડેલો ભુવો અને બેસી ગયેલો રસ્તો માત્ર કાગળ પરની ફરિયાદ કે આક્ષેપ નથી, પરંતુ એક નરી વાસ્તવિકતા છે જે સીધી આંખે દેખાઈ રહી છે. ડિંડોલીના જી-૧ સર્કલ પાસે 40 મીટર લાંબો રસ્તો અચાનક જમીનમાં ગરકાવ થઈ જતાં એક મોટો ખાડો પડી ગયો છે. આ મસમોટો ખાડો અને ધસી પડેલો રસ્તો સ્માર્ટ સિટીની કહેવાતી 'સ્માર્ટ' અને પ્રી-મોન્સૂન કામગીરીની સીધી ચાડી ખાઈ રહ્યો છે. સ્થળ પરની પરિસ્થિતિ એટલી ભયાવહ છે કે રસ્તાની ખરાબ હાલત કોઈનાથી છુપાવી શકાય તેમ નથી.

સુરત શહેર સહિત જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. આ વરસાદી માહોલ વચ્ચે સુરત મહાનગર પાલિકાની તકલાદી કામગીરી વધુ એક વખત ચર્ચાનો વિષય બની છે. દર વર્ષે ચોમાસાનાં પ્રારંભ સાથે જ સ્માર્ટ સિટી તરીકે ઓળખાતું સુરત શહેર 'ખાડાનગરી' તરીકે પ્રસ્થાપિત થઈ જતું હોય છે. વરસાદનાં આગમન સાથે જ શહેરભરનાં વિવિધ વિસ્તારોમાં ભુવાઓ પડવા અને જર્જરિત રસ્તાઓને કારણે વાહન ચાલકોની હાલત કફોડી થવા પામી છે. અલબત્ત, આ વર્ષે હજી સુધી વરસાદે પૂરતું જોર પકડ્યું નથી, તેમ છતાં છેલ્લા માત્ર ત્રણ દિવસમાં જ શહેરમાં મોટા ભુવા પડવાની ચાર જેટલી ઘટનાઓ નોંધાઈ ચુકી છે.

શહેરમાં રસ્તાઓ ધોવાઈ જવાની ઘટનાઓમાં હવે નવો ઉમેરો ડિંડોલી વિસ્તારનો થયો છે. બે દિવસ પહેલાં મોટા વરાછામાં રસ્તાનાં ધોવાણ બાદ હવે ડિંડોલી વિસ્તારમાં પણ મસમોટો ભુવો પડતાં વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ડિંડોલીમાં રસ્તા પરથી પસાર થઈ રહેલ એક પાણીનું ટેન્કર ખાડામાં ખાબક્યું હતું અને લગભગ 40 મીટર સુધીનો રોડ જમીનમાં બેસી ગયો હતો. આ ઘટનાને પગલે વાહન વ્યવહાર પણ એક તબક્કે સંપૂર્ણપણે ખોરવાયો હતો. જો કે, ઘટનાની જાણ થતાં લિંબાયત ઝોન દ્વારા તાત્કાલિક ધોરણે પુરાણ કરીને રોડ લેવલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ડિંડોલીની ઘટના એકમાત્ર નથી, પરંતુ છેલ્લા થોડા દિવસોમાં સુરતના અન્ય વિસ્તારોમાં પણ આવી ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. બે દિવસ પૂર્વે મોટા વરાછા વિસ્તારમાં 400 મીટરનો રોડ જમીનમાં ગરકાવ થઈ ગયો હોય તેવા ભયાવહ દ્રશ્યો જોવા મળ્યા હતા. આ ઉપરાંત, ગત રોજ ઉધના ખાતે એસટી બસ ખાડામાં ખાબકતાં તેમાં સવાર મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આટલું ઓછું હોય તેમ લિંબાયત ગરનાળા પાસે વિદ્યાર્થીઓથી ભરેલી એક વાન પણ ખાડામાં ખાબકી હતી. આ દુર્ઘટનાને પગલે વાનમાં સવાર



માસૂમ વિદ્યાર્થીઓનાં જીવ પણ થોડા સમય માટે તાળવે ચોંટી ગયા હતા.

ડિંડોલીમાં જે સ્થળે રોડ બેસી ગયો છે, તે જી-૧ સર્કલ પાસેનો વિસ્તાર છે. જાણવા મળ્યા મુજબ આ વિસ્તારમાં સ્ટ્રોમ ડ્રેનેજ વિભાગ દ્વારા થોડા સમય પૂર્વે જ નવી ડ્રેનેજની લાઈન નાંખવામાં આવી હતી. આ નવી ડ્રેનેજ લાઈન નાખ્યા બાદ તેની ઉપર નવો રસ્તો બનાવવામાં આવ્યો હતો. પરંતુ, આજે સવારે આ વિસ્તારમાં પડેલા ભુવાની ઘટનાએ કામગીરીની પોલ ખોલી નાખી છે. આ ઘટનાની જાણ થતાં જ લિંબાયત ઝોનનાં રોડ વિભાગ દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને જીએસબી થકી પુરાણ કરી રોડ લેવલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ સમગ્ર ઘટનાક્રમ અને રસ્તાઓ બેસી જવાના મુદ્દે ઘટના સ્થળે પહોંચેલા નેતા મુરલીધર ચૌધરી દ્વારા મીડિયા સમક્ષ પ્રતિક્રિયા આપવામાં આવી હતી. તેઓએ સ્વીકાર્યું હતું કે, નવી નાખેલી ડ્રેનેજ લાઈન વરસાદના કારણે બેસી ગઈ છે અને રોડ પર ખાડા પડ્યા છે તે સ્પષ્ટ દેખાય છે. તેમણે જણાવ્યું હતું કે, 'ત્રણ મહિના પહેલા જ અહીંયા ડ્રેનેજ લાઈન નાખી હતી અને એકથી દોઢ મહિના પહેલા આ કામ પૂરું થયું હતું, પરંતુ તરત જ વરસાદ આવતા લાઈન બેસી ગઈ છે'. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આ વિસ્તાર કોનો લાગે છે, ત્યારે તેમણે જણાવ્યું હતું કે આ વિસ્તાર અડધો સુડાનો અને અડધો મહાનગરપાલિકાનો લાગે છે, પરંતુ ડ્રેનેજ કોર્પોરેશને નાખી હોવાથી જવાબદારી કોર્પોરેશનની જ બને છે.

લોકોના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે થતી કામગીરીમાં ભ્રષ્ટાચાર અંગે જ્યારે નેતાને સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે, વરાછાના બનાવમાં કોન્ટ્રાક્ટર અને અધિકારીઓને નોટિસ આપવામાં આવી છે. ડિંડોલીના બનાવ અંગે તેમણે ખાતરી આપતા કહ્યું હતું કે, 'આજે ફરીથી અમે સંકલન કરીને ચર્ચા કરીશું અને જે પણ જવાબદાર અધિકારી કે કોન્ટ્રાક્ટર હશે તેના પર અમે ચોક્કસ પગલાં ભરીશું'. મીડિયા દ્વારા વારંવાર સવાલ પૂછવામાં આવ્યો કે અધિકારીઓ સ્પોટ પર કેમ જોવા મળતા નથી, જેના જવાબમાં નેતાએ બચાવ કરતા કહ્યું હતું કે અધિકારીઓને જાણ કરવામાં આવી છે અને જો તેઓ નહીં આવે તો જવાબદાર અધિકારી સામે પગલાં લેવાશે.

પ્રી-મોન્સૂન કામગીરી પાછળ ખર્ચાયેલા કરોડો રૂપિયા છતાં રસ્તાઓ બેસી જવા મુદ્દે લોકોમાં ભારે રોષ છે. નેતા મુરલીધર ચૌધરીએ બચાવ કરતા જણાવ્યું હતું કે જ્યારે સ્ટ્રોમ લાઈન બેક મારે ત્યારે ખાડીપૂર જેવું પાણી આવતું હોય છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું સામાન્ય નાગરિક તરીકે તમને આમાં ભ્રષ્ટાચાર લાગે છે? ત્યારે તેમણે સ્વીકાર્યું હતું કે, 'બિલકુલ 100 ટકા વાત સાચી છે, ભ્રષ્ટાચાર છે કે નથી તે સામે આવીને આપણે જોઈશું'. તેમણે અંતમાં સ્પષ્ટતા કરી હતી કે કામ કર્યા પછી વોટર વર્કિંગ અને પુરાણ યોગ્ય રીતે થયું છે કે કેમ તેની ચકાસણી થશે, અને તપાસ કર્યા બાદ જે પણ અધિકારી કે કોન્ટ્રાક્ટર ગુનેગાર સાબિત થશે તેને ચોક્કસ સજા મળશે.

સુરતના ડીંડોલી વિસ્તાર ખાતે જી-નાઈન સર્કલ પર લગભગ 40 મીટર રોડ બેસી ગયો છે. આ ઘટનાની જાણ થતાં ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરી ઘટનાસ્થળે પહોંચ્યા હતા, પરંતુ તેઓ આ અંગે યોગ્ય જવાબ આપી શક્યા નહોતા. તેઓએ ગોળ ગોળ વાત કરીને માત્ર એટલું જ કહ્યું હતું કે જવાબદાર અધિકારી અને એજન્સી સામે કાર્યવાહી કરવામાં આવશે.આટલું જ નહીં, જ્યારે રોડ બેસી ગયો ત્યારે હદ વિસ્તારને લઈને પણ કર્મચારીઓ વચ્ચે વિવાદ સર્જાયો હતો.

મનપાના કર્મચારીઓ આ વિસ્તારને સુડાનો (SUDA) કહી રહ્યા હતા અને સુડાના અધિકારીઓ તેને મનપાનો વિસ્તાર જણાવી રહ્યા હતા. આ અંગે સુધાકર ચૌધરીએ જણાવ્યું હતું કે, અડધો વિસ્તાર સુડાનો અને અડધો વિસ્તાર મનપાનો છે, તેમ છતાં અહીં પાલિકા દ્વારા પુરાણની કામગીરી કરવામાં આવી રહી છે. સૌથી મહત્વની વાત એ છે કે, સુધાકર ચૌધરીએ કબૂલાત કરી છે કે સુરતમાં ખાડા પણ પડી રહ્યા છે અને રોડ પણ બેસી રહ્યા છે પરંતુ, તેમાં ભ્રષ્ટાચાર છે કે નહીં તે કહેવામાં તેમને તકલીફ થતી જોવા મળી હતી. તેઓએ માત્ર પગલાં (એક્શન) લેવામાં આવશે તેવી જ વાત કરી હતી.

## દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલ મા ગ્રામ્ય ની પ્રજા સાથે રેસિડન્ટ ડોક્ટરો નો તોછડો વર્તાવ....

**દેવગઢ બારીઆ, તા.02**

દેવગઢ બારીઆ નગર મા આવેલ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે આવતી ગ્રામ્ય ની પ્રજા સાથે તોછડો વ્યવહાર કરવા મા આવે છે અને સમજાવવા ની જગ્યા એ ડોક્ટર અને સ્ટાફ સારવાર કરાવવા આવેલા દર્દીઓ અને તેમના સગા સાથે પણ તોછડું બોલી અપમાન થાય તેવું બોલે છે અને સારવાર કરવા મા આવતી નથી જેમાં સગર્ભા માતા ની નોર્મલ ડિલિવરી થવા ની હોય તો પણ તેને ગંભીર પરિસ્થિતિ બતાવી દર્દી ના સગા સબંધીઓ ને ડરાવી નાખે છે તથા દર્દી સારવાર માટે આવતા હોય છે તેમની સારવાર આ દેવગઢ બારીઆ હોસ્પિટલ સારવાર થતી હોય તો પણ તેમને ગોધરા દાહોદ રિફર કરી દેવા મા આવે જેના કારણે ગરીબ ગ્રામ્ય ની પ્રજા ને ખાનગી હોસ્પિટલ નો સહારો લેવો પડે છે તથા અમુક ગ્રામ્ય ની ગરીબ ભોળી પ્રજા ને દવાખાના મા ખબર ના પડતી હોય તો તેઓ દ્વારા સામાજિક કાર્યકર તથા તેમાં વેપારી માણસો બોલાવી પૂછપરછ કરાવતા હોય છે તો તેમની સાથે પણ આ સરકારી દવાખાના ડોક્ટર અને સ્ટાફ ખુબ જ ખોટો વ્યવહાર ગ્રામ્ય ની પ્રજા સાથે કરે છે જેના કારણે ગ્રામ્ય ની ગરીબ પ્રજા ને સારવાર કરાવવા માટે ખૂબ મુશ્કેલીઓ ભોગવવી પડે છે દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલ મા સ્ટાફ અને ડોક્ટર દ્વારા વારંવાર ગરીબ ગ્રામ્ય ની પ્રજા સાથે તોછડો સ્વભાવ અને ભેદભાવ ની નીતિ રાખી અપમાન કરતા હોય તેવું પણ સ્પષ્ટ દેખાઈ આવે છે આ બાબત રજૂઆત વારંવાર હોપિટલ ના સત્તાધીશો ને કરવા છતાં પણ કોઈ નક્કર પરિણામ મળતું નથી ગ્રામ્ય વિસ્તાર મા થી ગરીબ દર્દીઓ સાથે વ્યવહાર સારો રાખવા આવે તો સારૂ નહીં તો ઉચ્ચકક્ષા એ પણ રજૂઆત આ બાબત ની કરવા મા આવશે.

## દેવગઢ બારીઆ તાલુકાના ભડભા ગામે આવેલ રિસોર્ટ મા ભાજપા પ્રદેશ પ્રમુખ ની અધ્યક્ષતા મા બુથ સંવાદ અને યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો



**દેવગઢ બારીઆ, તા.02**

આજરોજ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા ખાતે ભારતીય જનતા પાર્ટીના માનનીય પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સાહેબ ના અધ્યક્ષ સ્થાને આયોજિત 'બૂથ સંવાદ' કાર્યક્રમ યોજાયો જેમાં વિશેષ ઉપસ્થિત ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહજી ચૌહાણ સાહેબ,દાહોદ જિલ્લા પ્રભારી શ્રી રાજેન્દ્રભાઈ પટેલ સાહેબ,જિલ્લા પ્રમુખ શ્રી સ્નેહલભાઈ ધરીયા સાહેબ,દાહોદ લોકસભાના લોકપ્રિય સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર સાહેબ,દેવગઢ બારીઆ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ સાહેબ,જિલ્લાના ઝોન મહામંત્રી શ્રી મુકેશભાઈ લબાના સાહેબ સાથે ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યું

આ અવસરે માનનીય પ્રદેશ અધ્યક્ષશ્રીએ બૂથ સ્તરના કર્મઠ કાર્યકર્તાઓ અને જનપ્રતિનિધિઓ સાથે સંગઠનલક્ષી વિવિધ વિષયો પર સવિસ્તાર ચર્ચા-વિચારણા કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

'મારું બૂથ, સૌથી મજબૂત' ના મંત્ર સાથે સંગઠનને પાયાના સ્તરેથી વધુ મજબૂત બનાવવા માટે સૌ કાર્યકર્તાઓ સાથે મળીને આ બેઠકમાં સહભાગી થયા.

## વરાછામાં રિક્ષાચાલક અને મુસાફર વચ્ચે ફિલ્મી ડ્રામા: ગીતાંજલિ ચાર રસ્તા પાસે છૂટ્ટા હાથની મારામારી થતાં ટ્રાફિકજામ

**સુરત, તા.02**

સુરતનો વરાછા વિસ્તાર અવારનવાર તેની લાઈવ ઘટનાઓને કારણે ચર્ચામાં રહે છે, ત્યારે આજે ફરી એકવાર વરાછાનો ગીતાંજલિ ચાર રસ્તા વિસ્તાર અખાડામાં ફેરવાઈ ગયો હતો. ગીતાંજલિ ચાર રસ્તા પાસે સામાન્ય બાબતમાં એક રિક્ષાચાલક અને પેસેન્જર વચ્ચે કોઈ વાતને લઈને બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બંને વચ્ચે રસ્તા પર જ છૂટ્ટા હાથની મારામારી શરૂ થઈ ગઈ હતી.

બંને જણા રસ્તાની વચ્ચે જ એકબીજા પર તૂટી પડ્યા હતા અને લાતો-મુક્કાનો વરસાદ કરી દીધો હતો. ધોળા દિવસે જાહેર રોડ પર ફિલ્મી સ્ટાઈલમાં ચાલી રહેલા આ હંગામાને કારણે આસપાસથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ એક પળ માટે સ્તબ્ધ થઈ ગયા હતા. રસ્તાની અધવચ્ચે જ આવી રીતે ધીંગાણું શરૂ થતાં આસપાસના વેપારીઓ પણ પોતાની દુકાનો છોડીને બહાર દોડી આવ્યા હતા.



જોતજોતામાં ઘટનાસ્થળે લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. વરાછાના સૌથી વ્યસ્ત ગણાતા આ ચાર રસ્તા પર લોકોનો જમાવડો થતાં થોડી જ વારમાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. કીડીયારાની જેમ ઉભરાયેલા ટ્રાફિકને કારણે વાહનચાલકો અટવાયા હતા અને ગણતરીની મિનિટોમાં જ ચક્કાજામ જેવા દ્રશ્યો સર્જાયા હતા. આશ્ચર્યની વાત એ હતી કે શરૂઆતમાં લોકો બંનેને છૂટા પાડવાને બદલે પોતાના મોબાઈલમાં આ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારવામાં મશગૂલ દેખાયા હતા. બંને ઈસમો વચ્ચેનો મામલો વધુ બિચકતા અને રોડ પર ટ્રાફિકની સમસ્યા વકરતા આખરે ટોળામાંથી કેટલાક જવાબદાર સ્થાનિકો અને રાહદારીઓ આગળ આવ્યા હતા.

## ધ્રુવતારક સોસાયટીમાં ચાલતા દારૂના કટિંગ પર દરોડો: સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સેલવાસથી લવાયેલા દારૂ સાથે ત્રણ ઝડપાયા

**સુરત, તા.02**

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના ચુસ્ત પાલન માટે સ્ટેટ મોનિટરિંગ સેલએ ફરી એકવાર સુરત શહેરમાં મોટી કાર્યવાહી કરી છે. ચોકબજાર પોલીસ મથકની હદમાં આવતા વેડરોડ વિસ્તારની એક સોસાયટીમાં વિદેશી દારૂનું મોટાપાયે કટિંગ (ગેરકાયદેસર હેરાફેરી અને વહેંચણી) ચાલી રહ્યું હોવાની પાકી બાતમી SMCની ટીમને મળી હતી. આ બાતમીના આધારે રેડિંગ ઓફિસર અને પોલીસ ઈન્સ્પેક્ટર વાય. જે. રાઠોડની આગેવાનીમાં SMCની ટીમે ધ્રુવતારક સોસાયટીમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસને સ્થળ પરથી લાખો રૂપિયાની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને મોંઘીદાટ ગાડી મળી આવી હતી, જેને પગલે સમગ્ર વિસ્તારના બૂટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. SMCની ટીમે ઘટનાસ્થળેથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો છે. પોલીસના સત્તાવાર અહેવાલ મુજબ, કુલ 76 પેટી તેમજ છૂટક બોટલો અને ટીન મળીને કુલ 2,341 નંગ દારૂ



ઝડપાયો છે, જેની બજાર કિંમત આશરે રૂ. 7,91,654 જેટલી થાય છે. આ ગેરકાયદેસર હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતી અંદાજે રૂ. 10 લાખની કિંમતની મહીન્દ્રા SUV500 કાર (નંબર પ્લેટની તપાસ ચાલુ છે) પણ જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત સ્થળ પરથી આરોપીઓ પાસેથી રૂ. 40,950 ની રોકડ રકમ અને મોબાઈલ ફોન મળી આવ્યા છે. આમ, SMCએ આ આખી રેડ દરમિયાન કુલ રૂ. 18,32,604/- નો મુદ્દામાલ (મુદ્દામલ) પોતાના હસ્તક લીધો છે. પોલીસે આ દરોડા દરમિયાન દારૂના કટિંગ અને વેપારમાં સંડોવાયેલા 3 મુખ્ય આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં ભરત છગનભાઈ મેવાડા અને વિજય અર્જનભાઈ પરમાર (બંને રહેવાસી: જી/2 શિવરંજન એપાર્ટમેન્ટ, વેડરોડ, કતારગામ, સુરત) નો સમાવેશ થાય છે. જ્યારે ત્રીજો આરોપી મદારામ જોગારામ પુરોહિત છે, જે મૂળ રાજસ્થાનના ઝાલોર જિલ્લાના બાગોર તાલુકાના નારાસણા ગામનો રહેવાસી છે. રાજસ્થાનના આરોપીની સંડોવણીથી સ્પષ્ટ થાય છે કે આ દારૂના નેટવર્કના તાર આંતરરાજ્ય કક્ષાએ જોડાયેલા છે અને સુરતમાં મોટા પાયે સપ્લાય ચેઈન ચલાવવામાં આવી રહી હતી. આ કેસમાં પ્રાથમિક પૂછપરછ દરમિયાન અન્ય 4 મુખ્ય સૂત્રધારોના નામ પણ સામે આવ્યા છે, જેમને પોલીસે વોન્ટેડ જાહેર કરીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. વોન્ટેડ લિસ્ટમાં દારૂનો જથ્થો પૂરો પાડનાર મુખ્ય સપ્લાયર 'સોનુ', સેલવાસ (દાદરા અને નગર હવેલી) થી દારૂ મોકલનાર અજાણ્યો સપ્લાયર, મહીન્દ્રા SUV કારનો ચાલક 'શિવમ' તેમજ આ લક્ઝુરિયસ ગાડીના અસલી માલિકનો સમાવેશ થાય છે. સેલવાસથી સુરત સુધી આટલો મોટો જથ્થો પોલીસની નજર ચૂકવીને કેવી રીતે ઘૂસાડવામાં આવ્યો, તે દિશામાં હવે પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. આ સમગ્ર મામલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પકડાયેલા અને વોન્ટેડ આરોપીઓ સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમો 65(A)(E), 81, 83, 98(2), 116(B) ઉપરાંત નવી લાગુ થયેલી ભારતીય ન્યાય સંહિતા-2023 (BNS) ની ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (સંગઠિત ગુનાખોરી) ને લગતી કલમો 111(2)(b), 111(3), અને 111(4) હેઠળ ગુનો નોંધીને આગળની કાનૂની તપાસ શરૂ કરવામાં આવી છે.

## ઠાસરા તાલુકાના ડાકોર ખાતે પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો

**નડિયાદ, તા.02**

રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તેમજ ખેડૂતો દ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશો સીધી ગ્રાહકો સુધી પહોંચે તેવા હેતુસર ઠાસરા તાલુકાના ડાકોર ખાતે ગવર્મેન્ટ પાર્કિંગ શોપિંગ સેન્ટરની દુકાન નં. ૧૩ અને ૧૪ ખાતે પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો. ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમારના હસ્તે આ વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ વેચાણ કેન્દ્રમાં ઠાસરા તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ઉત્પાદિત શાકભાજી, અનાજ, કઠોળ, બાજરી, ફળો તેમજ પશુપાલન આધારિત દૂધ સહિતની પૌષ્ટિક અને ગુણવત્તાયુક્ત કૃષિ પેદાશો



ગ્રાહકોને વાજબી ભાવે ઉપલબ્ધ થશે. આ પહેલથી ખેડૂતોને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળશે તેમજ નાગરિકોને રસાયણમુક્ત અને તાજા કૃષિ ઉત્પાદનો સરળતાથી પ્રાપ્ત થશે.

આ પ્રસંગે ઠાસરા તાલુકાના પ્રાંતઅધિકારી કરણભાઈ પ્રજાપતિ, ખેતી નિયામક (તાલીમ) સી.આર. પટેલ, આત્મા પ્રોજેક્ટ, ખેડૂત તાલીમ કેન્દ્ર, પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના અધિકારીઓ તથા ઠાસરા તાલુકાના આશરે ૫૦ જેટલા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્ટેટ ઓફ રામધણી, ધાર્યું ધણીનું થાય ફિલ્મની પાયરસી: ગુજરાતી ફિલ્મ ડાઉનલોડ કરી આપતો દુકાનદાર ઝડપાયો

**સુરત, તા.02**

દસ દિવસ અગાઉ જ રિલીઝ થયેલી સ્ટેટ ઓફ રામધણી, ધાર્યું ધણીનું થાય ફિલ્મ ડાઉનલોડ કરી આપી કોપીરાઈટ હક્કોનું ઉલ્લંઘન કરી નિર્માતાઓને આર્થિક નુકશાન પહોંચાડનાર વરાછાના દુકાનદાર સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. વરાછાનાં દુકાનદાર નિલેશ ઢેબરીયાએ નિર્માતાને જ પેનડ્રાઈવમાં માત્ર 20 રૂપિયામાં ફિલ્મ આપી દીધી હતી.

મળતી માહિતી અનુસાર અમદાવાદ જિલ્લાના બાળવા સ્થિત મહિસાગરપાર્કમાં રહેતા સંદીપ ઓધારભાઈ રબારી ફિલ્મ પ્રોડ્યુસર છે. તેઓ બાબારી ફિલ્મ નામથી પ્રોડ્યુસર તથા લેખક તરીકે કામ કરે છે. તેમણે ફિલ્મ બનાવવા સારૂ ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર એસોસિએશન ખાતેથી મેમ્બરશિપ પણ લીધી છે. સંદીપ રબારીએ બાબા રામદેવપીરના પરચાઓ સંબધે ગુજરાતી ફિલ્મ લખી હતી.

ત્યારબાદ તેમણે તેમના મિત્રો શત્રુધન રઘુભાઈ ભરવાડ, વિષ્ણુ નારણભાઈ રબારી, પુનમ





મેરાજભાઈ રબારી, વિષ્ણુ ઓધારભાઈ રબારી અને વિપુ અમરશીભાઈ મંડલી (પ્રજાપતિ) સાથે મળી ફિલ્મ બનાવવાનું શરૂ કર્યું હતું. જાન્યુઆરી/2026માં બાબારી ફિલ્મ પ્રોકડશન હેઠળ અમદાવાદ, રાજસ્થાન, ચાંણોદ, દ્વારકા, સોમનાથ, કાલાવાડ નવા રણુજા વિગેરે અલગ અલગ જગ્યાએ શુટીંગ કરી ફિલ્મ તૈયાર કરી હતી. જેનું નામ સ્ટેટ ઓફ રામાધણી, ધાર્યું ધણીનું થાય એવું રાખવામાં આવ્યું હતું. બાદમાં સેન્સર બોર્ડનું સર્ટિફિકેટ લઈ આ ફિલ્મ રૂપમ એન્ટરટેઈનમેન્ટ કંપની હસ્તક 19 જૂને રીલિઝ કરવામાં આવી હતી. ફિલ્મ રીલિઝ થયાના દસમાં દિવસે ડિરેક્ટર ભાવેશ ગોરસીયાએ કોલ કરી જણાવ્યું હતું કે, આપણી ફિલ્મ લીક થઈ ગઈ છે એમ કહી એક લિંક મોકલાવી હતી. જેના કારણે સંદીપ રબારીએ આઈટીનું કામ કરતા હેત જોશી મારફત આ લિંક હટાવડાવી દીધી હતી. બાદ ગોરસીયાએ આ ફિલ્મની એમકેવી ફાઈલ મોકલી હતી. આ ફાઈલ બાબતે રબારીએ તપાસ કરતાં તે સુરતમાં વરાછા રોડ ઉપર રચના સોસાયટી પાસે બોમ્બે કોલોની સ્થિત ખોડિયાર મૂવી નામની દુકાનનાં માલિક નિલેશ ઢેબરીયા દ્વારા મોકલાઈ હોવાનું જાણવા મળ્યું હતું. રબારીએ તપાસ માટે ઢેબરીયાની દુકાને જઈ સ્ટેટ ઓફ રામાધણી, ધાર્યું ધણીનુ થાય ફિલ્મ ડાઉનલોડ કરી આપવા કહ્યું હતું, નિલેશ ઢેબરીયાએ પેનડ્રાઈવ લઈ માત્ર 20 રૂપિયામાં ફિલ્મ ડાઉનલોડ કરી આપી હતી. કોપી રાઈટ હક્ક વિના ફિલ્મ નિર્માતાઓને આર્થિક નુકસાન પહોંચાડવાના ઈરાદે ફિલ્મ કોપી કરી આપનારા નિલેશ મનુભાઈ ઢેબરીયા (રહે, શિવ દર્શન સોસાયટી, યોગીચોક પાસે, સરથાણા) સામે રબારીએ વરાછા પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી.

## નકલી દાગીનાનું અસલી સર્ટિફિકેટ બનાવી બેંક પાસેથી 8.99 લાખની લોન લેનાર ભેજાબાજોને અડાજણ પોલીસે ઝડપ્યા

**સુરત, તા.02**

સુરતના અડાજણ વિસ્તારમાં આરોપીઓએ બેંક સાથે છેતરપિંડી કરવા માટે એક સુનિયોજિત કાવતરું ઘડ્યું હતું. આ ભેજાબાજોની મોડસ ઓપરેન્ડી એટલી શાતિર હતી કે સામાન્ય માણસ તો શું, બેંકના અધિકારીઓ પણ થાપ ખાઈ ગયા. આરોપીઓએ ખૂબ જ ચાલાકીથી જાણી જોઈને ખોટા સોનામાંથી નકલી અને બનાવટી દાગીના તૈયાર કરાવ્યા હતા. આ દાગીનાનો દેખાવ અને વજન બિલકુલ અસલી સોના જેવા જ રાખવામાં આવ્યા હતા.

ત્યારબાદ આ નકલી દાગીનાઓને બેંકમાં અસલી અને સાચા તરીકે રજૂ કરવામાં આવ્યા. બેંકિંગ સિસ્ટમની આંખમાં ધૂળ નાખવા માટે આરોપીઓએ છેતરપિંડીનો આ હાઈટેક કીમિયો અપનાવ્યો હતો, જેમાં તેઓ શરૂઆતમાં સફળ પણ રહ્યા હતા.

કોઈપણ બેંકમાં જ્યારે ગોલ્ડ લોન લેવામાં આવે છે, ત્યારે બેંકના માન્ય વેલ્યુઅર (મૂલ્યાંકનકાર) દ્વારા સોનાની ખરાઈ કરવામાં આવતી હોય છે. પરંતુ આ કૌભાંડમાં વાડ જ ચીભડાં ગળી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો હતો. બેંકના વેલ્યુઅરની ભૂમિકા ભજવતા આરોપી દ્વારા જ આ નકલી સોનાને પ્રમાણિત કરવામાં આવ્યું હતું. ખોટા દાગીનાને અસલી સોના તરીકે પ્રમાણિત કરતા મૂલ્યાંકન પ્રમાણપત્રો (વેલ્યુએશન રિપોર્ટ) બનાવવામાં આવ્યા અને તે બેંકમાં રજૂ કરાયા.

આ બોગસ રિપોર્ટના આધારે બેંકે દાગીના જમા કરીને આરોપીઓને કુલ રૂ. 8,99,400/- ની માતબર રકમની લોન મંજૂર કરી દીધી હતી. લોનના લાખો રૂપિયા હાથમાં આવી ગયા બાદ, આરોપીઓએ બેંકના હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. જ્યારે બેંક દ્વારા ઉઘરાણી કરવામાં આવી ત્યારે આરોપીઓ જુદા-જુદા બહાના કાઢીને બેંકના લોનના પૈસા પરત ચૂકવતા ન હતા.

બેંકના અધિકારીઓને આખરે શંકા ગઈ અને દાગીનાની ઊંડી



તપાસ કરાવતા તે નકલી હોવાનું અને બેંક સાથે ઈરાદાપૂર્વક વિશ્વાસઘાત અને મોટી છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું હતું. એકબીજાની મદદગારીથી છેતરવાના હેતુથી જ આ સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ અંગે સુરત શહેર અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. અડાજણ પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પોલીસની અલગ-અલગ ટીમો કામે લાગી હતી, તે દરમિયાન અડાજણ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે નકલી અને બનાવટી દાગીના બનાવી અસલી સોના તરીકે બેંકમાં રજૂ કરી લાખોની છેતરપિંડી કરનાર આરોપીઓ અડાજણ વિસ્તારમાં જ ફરી રહ્યા છે.

બાતમી મળતાની સાથે જ અડાજણ પોલીસની ટીમે સમયનો જરા પણ વ્યય કર્યા વિના તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે વોચ ગોઠવીને બંને આરોપીઓને કોર્ડન કરી લીધા હતા અને ગણતરીના કલાકોમાં જ તેમને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ અને તપાસમાં તેમના નામ અને સરનામા સામે આવ્યા છે. જેમાં મુખ્ય બે આરોપીઓમાં પહેલો આરોપી યોગેશ દિનેશચંદ્ર સોની (ઉંમર વર્ષ 53, વ્યવસાયે છૂટક કામકાજ) છે, જે ઘર નં-બી/401, સાંઈ પેલેસ, સાંઈ બાબા મંદિરની પાછળ, સરોલી ગામ, ઓલપાડ, સુરત ખાતે રહે છે. જ્યારે બીજો આરોપી પટેલ હેમલ લાલજીભાઈ છે, જે પ્લોટ નં-એ/160, શિવદર્શન સોસાયટી, વરાછા, સુરત શહેરનો રહેવાસી છે.

અડાજણ પોલીસે હાલ બંને આરોપીઓની વિધિવત ધરપકડ કરી લીધી છે અને સદર ગુનાના કામે તેઓને લોકઅપના સળિયા પાછળ ધકેલી દીધા છે. પોલીસે હવે આ બંને આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. પોલીસ તપાસ કરી રહી છે કે આ કૌભાંડમાં બેંકના અન્ય કોઈ કર્મચારીઓની સંડોવણી છે કે કેમ તેમજ આ બંને ગઠિયાઓએ ભૂતકાળમાં સુરત શહેરની અન્ય કોઈ સરકારી કે ખાનગી બેંકો અથવા ફાઈનાન્સ કંપનીઓ સાથે આવી જ રીતે નકલી સોનું પધરાવીને છેતરપિંડી આચરી છે કે કેમ.

આ ઘટના બાદ સુરત પોલીસે શહેરની તમામ બેંકો અને ફાઈનાન્સ સંસ્થાઓને ગોલ્ડ લોન આપતી વખતે સોનાની ખરાઈ કરવામાં વધુ સતર્કતા દાખવવા અને વેલ્યુઅરના રિપોર્ટનું ક્રોસ-વેરિફિકેશન કરવા માટે અપીલ કરી છે.

# ફિફા વર્લ્ડ કપમાં જીતનો જશ્ન માતમમાં બદલાયો, મેક્સિકોની ઐતિહાસિક જીત બાદ 4 ફેન્સના કરૂણ મોત

નવી દિલ્હી, તા.02

ફિફા વર્લ્ડ કપ 2026માં ઈક્વાડોર સામે મેક્સિકોની શાનદાર જીત બાદ દેશભરમાં શરૂ થયેલો જશ્ન તે સમયે માતમમાં ફેરવાઈ ગયો જ્યારે મેક્સિકો સિટીમાં ભારે ભીડ વચ્ચે ગૂંગળામણ થવાથી 4 ફૂટબોલ ફેન્સે પોતાના જીવ ગુમાવ્યા. મેક્સિકોની ટીમે ઈક્વાડોરને 2-0થી હરાવીને રાઉન્ડ ઓફ 16માં પોતાની જગ્યા પાકી કરી લીધી હતી. આ ઐતિહાસિક જીત બાદ સમગ્ર દેશમાં ખુશીનો માહોલ હતો અને હજારોની સંખ્યામાં પ્રશંસકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પરંતુ રાજધાની મેક્સિકો સિટીમાં સર્જાયેલી અરાજકતા અને ભારે ભીડના કારણે આ ખુશી લાંબો સમય ટકી શકી નહીં.



મેક્સિકોની જીતનો વ્હીસલ વાગતાની સાથે જ રાજધાનીના ડાઉનટાઉન વિસ્તારમાં લોકોના ટોળેટોળા જમા થવા લાગ્યા હતા. હાથમાં રાષ્ટ્રીય ધ્વજ લઈને ચાહકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને મોડી રાત સુધી સેલિબ્રેશન ચાલ્યું હતું. શહેરના પ્રખ્યાત 'એન્જલ ઓફ ઈન્ડિપેન્ડન્સ' સ્મારક પાસે પણ હજારો પ્રશંસકો એકઠા થયા હતા. આ અતિશય ભીડ વચ્ચે જ 4 લોકો બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા.

સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં 2 મહિલાઓ અને 2 પુરુષનું મોત નીપજ્યું છે. મૃતકોની ઉંમર 48, 44, 30 અને 19 વર્ષ હોવાનું સામે આવ્યું છે. ત્રણેય પીડિતો રસ્તા પર અલગ-અલગ જગ્યાએ બેભાન હાલતમાં પડ્યા હતા અને એક પુરુષને હોસ્પિટલમાં લઈ જતી વખતે કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ઈમરજન્સી મેડિકલ ટીમો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી હતી અને તેમને બચાવવાના તમામ પ્રયાસો કર્યા હતા, પરંતુ કમનસીબે તેમને બચાવી શકાયા નહોતા.

મેક્સિકો સિટીના મેયર ક્લેરા બ્રુગાડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા આ દુઃખદ ઘટનાની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે પ્રશાસન અને મેડિકલ ટીમોએ સ્થિતિને કાબૂમાં લેવા માટે તમામ જરૂરી પગલાં લીધા હતા, પરંતુ 4 નાગરિકોના જીવ બચાવી શકાયા નથી જે અત્યંત ખેદજનક છે. મેયરે નાગરિકોને ભાવુક અપીલ કરતા કહ્યું કે, કોઈપણ જીત કે ખુશીની ઉજવણી કરતી વખતે સાવધાની રાખવી અને જવાબદારીપૂર્વક વર્તવું અત્યંત જરૂરી છે.

મેક્સિકો-ઈક્વાડોર મેચ પૂરી થયા બાદ સમગ્ર રાજધાનીમાં ફટાકડા ફોડીને અને રોશની કરીને ભવ્ય આતિશબાજી કરવામાં આવી હતી. હજારો મેક્સિકન ફેન્સ ઝોકાલોથી લઈને ચાપુલ્ટેપેક પાર્ક સુધી ફેલાયેલા 'પાસેઓ દે લા રિફોર્મા' માર્ગ પર એકત્રિત થઈ ગયા હતા. આશરે 5 કિલોમીટર લાંબા આ રૂટ પર ચારેય તરફ માત્ર માનવ મહેરામણ જ દેખાતો હતો.

ફૂટબોલ જેવા વૈશ્વિક અને મોટા ટૂર્નામેન્ટમાં પ્રશંસકોનો આવો ઉન્માદ અવારનવાર જોવા મળતો હોય છે. પરંતુ આવી વિશાળ ભીડમાં પોતાની સુરક્ષાનું ધ્યાન રાખવું પણ એટલું જ મહત્ત્વનું છે. અતિશય ભીડ, ગરમી અને રસ્તાઓ પર લાંબો સમય વિતાવવાના કારણે ઓક્સિજનની કમી અથવા ગૂંગળામણ જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ સર્જાઈ શકે છે. આ કરુણ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે વિજયના ઉત્સાહમાં પણ સુરક્ષા પ્રત્યેની સહેજ પણ બેદરકારી મોટી આફત નોતરી શકે છે.

# અભિષેક શર્મા અને શ્રેયસ અય્યરની ફિફ્ટી એળે ગઈ, વરસાદમાં ધોવાઈ મેચ

નવી દિલ્હી, તા.02

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચેસ્ટર-લે-સ્ટ્રીટના રિવરસાઈડ ગ્રાઉન્ડ પર બુધવારે રાત્રે રમાયેલી પ્રથમ T20 મેચ વરસાદના કારણે રદ થઈ છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 189 રન બનાવ્યા હતા. ત્યારબાદ વરસાદના કારણે બીજી ઈનિંગ શરૂ જ ન થઈ શકી. વરસાદ ધીમે-ધીમે વધતો ગયો. આવી સ્થિતિમાં અંતે અમ્પાયર્સે મેચ રદ કરવાનો નિર્ણય લીધો. 5 મેચોની આ સીરિઝની બીજી T20 મેચ 4 જુલાઈના રોજ રમાશે.

મેચની વાત કરીએ તો ભારતની શરૂઆત ખરાબ રહી હતી અને બીજી ઓવરમાં જ ટીમને 2 ઝટકા લાગ્યા હતા. ચોથા બોલ પર સંજૂ સેમસન કેચ આઉટ થયો હતો, તેણે માત્ર 1 રન બનાવ્યો હતો. જ્યારે ઓવરના અંતિમ બોલ પર ઈશાન કિશન રન આઉટ થયો હતો, ઈશાન તો ખાતું પણ નહોતો ખોલી શક્યો. જોકે, ત્યારબાદ અભિષેક



શર્માને કેપ્ટન શ્રેયસ અય્યરનો સાથ મળ્યો. અભિષેકે બેખૌફ અંદાજમાં બેટિંગ કરતા માત્ર 20 બોલમાં ફિફ્ટી ફટકારી દીધી હતી. આ દરમિયાન તેણે પોતાના 100 છગ્ગા પણ પૂરા કર્યા હતા.

અભિષેકની 20 બોલમાં ફિફ્ટી એ ઈંગ્લેન્ડમાં T20I મેચોમાં કોઈ ભારતીય દ્વારા ફટકારવામાં આવેલી સૌથી ઝડપી ફિફ્ટી છે. આ પહેલા કે.એલ. રાહુલે વર્ષ 2018માં માન્ચેસ્ટરમાં 27 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. અભિષેકે 24 બોલમાં 59 રનની શાનદાર ઈનિંગ રમી. પોતાની આ ઈનિંગ દરમિયાન તેણે 6 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા. તેના અને શ્રેયસ વચ્ચે ત્રીજી વિકેટ માટે 38 બોલમાં 82 રનની પાર્ટનરશિપ રહી હતી.

વાઈસ કેપ્ટન તિલક વર્મા 13 બોલમાં માત્ર 13 રન જ બનાવી શક્યો હતો. ત્યારબાદ શ્રેયસ અય્યરે પોતાની 9મી T20I ફિફ્ટી પૂરી કરી હતી, જેના માટે તેણે 38 બોલ લીધા હતા. આ સાથે જ તે ઈંગ્લેન્ડમાં 50+ રન બનાવનારો પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો છે. આ પહેલા ઈંગ્લેન્ડમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ વિરાટ કોહલીના નામે હતો, કોહલીએ વર્ષ 2018માં કાર્ડિફમાં 47 રન બનાવ્યા હતા.

શ્રેયસના આઉટ થયા બાદ હર્ષિત રાણાને મેદાન પર મોકલવામાં આવ્યો હતો, જેથી તે ઝડપથી રન બનાવી શકે. જોકે, રાણા ખાતું પણ ખોલાવી શક્યો નહોતો. 20મી ઓવરના અંતિમ બોલ પર અક્ષર પટેલ રન આઉટ થયો હતો, જ્યારે શિવમ દુબે 21 બોલમાં 42 રન બનાવીને અણનમ રહ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી સાકિબ મહમૂદે સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી.

# ટીમ ઈન્ડિયાનો નવો સિક્સર કિંગ: ઈંગ્લેન્ડમાં અભિષેક શર્માએ બનાવ્યા બે ઐતિહાસિક રેકોર્ડ

નવી દિલ્હી, તા.02

ભારતીય ક્રિકેટના યુવા ઓપનર અભિષેક શર્માએ ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં માત્ર 20 બોલમાં અડધી સદી ફટકારીને એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ તોફાની ઈનિંગ્સ સાથે જ ઈંગ્લેન્ડની ધરતી પર T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી ફિફ્ટી ફટકારવાનો રેકોર્ડ હવે અભિષેકના નામે થઈ ગયો છે.

ઈંગ્લેન્ડ સામેની આ પ્રથમ મેચમાં અભિષેકે માત્ર 20 બોલમાં પોતાના 50 રન પૂરા કર્યા હતા. આ મુકાબલામાં તેણે કુલ 24 બોલ રમીને 59 રન બનાવ્યા હતા, પરંતુ આઉટ થતાં પહેલાં તે કે.એલ. રાહુલનો એક મોટો રેકોર્ડ ધ્વસ્ત કરી ગયો હતો. અભિષેક શર્મા હવે ઈંગ્લેન્ડની ધરતી પર ભારત તરફથી સૌથી ઝડપી T20 અડધી સદી લગાવનાર બેટ્સમેન બની ગયો



છે. આ અગાઉ આ રેકોર્ડ સ્ટાર બેટ્સમેન કે.એલ. રાહુલના નામે હતો, જેણે વર્ષ 2018માં માન્ચેસ્ટર ખાતે ઈંગ્લેન્ડ સામે 27 બોલમાં અડધી સદી પૂરી કરી હતી. અભિષેકે પોતાની આ વિસ્ફોટક ઈનિંગ્સ દરમિયાન 6 ચોગ્ગા અને 4 ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા.

અભિષેક શર્મા માટે આ UK પ્રવાસ અત્યાર સુધી ઉતાર-ચઢાવવાળો રહ્યો છે. આયરલેન્ડ સામેની પ્રથમ મેચમાં તેણે તોફાની અંદાજમાં 49 રન બનાવ્યા હતા, પરંતુ બીજી મેચમાં તે ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયો હતો. જોકે, ઈંગ્લેન્ડ સામે કમબેક કરીને તેણે પોતાની T20 આંતરરાષ્ટ્રીય કરિયરની 11મી અડધી સદી ફટકારી દીધી છે.

આ જ મેચ દરમિયાન અભિષેક શર્માએ આંતરરાષ્ટ્રીય T20 ક્રિકેટમાં સૌથી ઝડપી 100 સિક્સર પૂરી કરવાનો નવો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. અભિષેકે માત્ર 785 બોલ રમીને સિક્સરની સેન્ચુરી પૂરી કરી છે. આ મામલે તેણે વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન એવિન લુઈસનો રેકોર્ડ તોડ્યો છે, જેણે 100 છગ્ગા પૂરા કરવા માટે 789 બોલ રમ્યા હતા. અભિષેક શર્મા T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં 1000 કરતા ઓછા બોલ રમીને 100 છગ્ગા ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે. ભારતીય ખેલાડીઓની યાદીમાં બીજા સ્થાને સૂર્યકુમાર યાદવ છે.

# સેમસન સહિત 3 સ્ટાર્સ પર લટકી તલવાર, વાઈસ-કેપ્ટન પર પણ ખતરો મંડરાયો

નવી દિલ્હી, તા.02

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ T20 મેચ વરસાદના કારણે રદ થઈ ગઈ હતી. આ મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે 20 ઓવરમાં 7 વિકેટે 189 રન બનાવ્યા હતા. કેપ્ટન શ્રેયસ અય્યર અને ઓપનર અભિષેક શર્માએ શાનદાર અડધી સદી ફટકારી હતી, જ્યારે શિવમ દુબેએ 21 બોલમાં અણનમ 42 રનની તોફાની ઈનિંગ રમી હતી. જોકે, વરસાદના કારણે મેચનું કોઈ પરિણામ આવી શક્યું નહોતું, પરંતુ કેટલાક ભારતીય ખેલાડીઓનું નબળું પ્રદર્શન ટીમ મેનેજમેન્ટ માટે ચિંતાનો વિષય બન્યું છે. આ ખેલાડીઓમાં સંજુ સેમસન, ઈશાન કિશન અને વાઈસ કેપ્ટન તિલક વર્માનો સમાવેશ થાય છે.



વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસનનું બેટ આ UK પ્રવાસ પર અત્યાર સુધી તદ્દન શાંત રહ્યું છે. આયરલેન્ડ સામેની T20 સીરિઝમાં પણ તે કોઈ મોટી ઈનિંગ રમી શક્યો નહોતો અને ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 મેચમાં પણ તે સસ્તામાં આઉટ થઈ ગયો હતો. સતત ફ્લોપ પ્રદર્શનના કારણે હવે પ્લેઈંગ ઈલેવનમાં તેના સ્થાન પર સવાલો ઉઠવા લાગ્યા છે. જો આગામી મેચોમાં પણ તે રન નહીં બનાવી શકે, તો ટીમ મેનેજમેન્ટ તેને પડતો મૂકીને અન્ય વિકલ્પ પર વિચાર કરી શકે છે.

ICC T20 રેન્કિંગમાં નંબર-1 બેટ્સમેન બનેલા ઈશાન કિશન માટે પણ આ પ્રવાસ અત્યાર સુધી ઘણો નિરાશાજનક રહ્યો છે. આયરલેન્ડ સામે તે માત્ર 1 અને 12 રન જ બનાવી શક્યો હતો, જ્યારે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20માં તે ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન પરત ફર્યો હતો. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે છેલ્લી ત્રણ ઈનિંગ્સમાંથી તે બે વાર રનઆઉટ થયો છે. જો આગામી મેચોમાં ઈશાન પોતાની લય પાછી નહીં મેળવે, તો તેની જગ્યા પણ જોખમમાં આવી શકે છે.

ભારતીય ટીમના વાઈસ કેપ્ટન તિલક વર્માએ આ પ્રવાસ પર રન ચોક્કસ બનાવ્યા છે, પરંતુ તેનો સ્ટ્રાઈક રેટ સવાલોના ઘેરામાં છે. નંબર-5 પર બેટિંગ કરતા તેણે છેલ્લી ત્રણ ઈનિંગ્સમાં અનુક્રમે 19 (21 બોલ), 55 (46 બોલ) અને 13 (13 બોલ) રન કર્યા છે. મિડલ ઓર્ડરના આ ક્રમ પર બેટ્સમેન પાસેથી ઝડપી ગતિએ રન બનાવવાની અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ તિલક હજુ સુધી આ ભૂમિકામાં સંપૂર્ણપણે સફળ સાબિત થયો નથી.

ઈશાન કિશન અને તિલક વર્માને આ સીરિઝમાં હજુ વધુ તકો મળે તેવી પૂરેપૂરી સંભાવના છે. જોકે, જો તેમનું ફોર્મ સતત ખરાબ રહેશે તો ટીમ મેનેજમેન્ટ મોટો નિર્ણય લઈ શકે છે. બીજી તરફ, સંજુ સેમસન માટે ખતરાની ઘંટી સૌથી વધુ વાગી રહી છે, કારણ કે તેના સ્થાને યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી ડેબ્યૂની રાહ જોઈ રહ્યો છે. આ ઉપરાંત, જો મિડલ ઓર્ડરમાં તિલક વર્માના સ્થાને કોઈ ફેરફાર કરવાની જરૂર પડશે, તો ટીમ મેનેજમેન્ટ પાસે રિંકુ સિંહ અથવા હાર્દિક પંડ્યા જેવા શાનદાર વિકલ્પો પણ ઉપલબ્ધ છે.

# 'સ્પિરિટ' જોવીએ એક ખાસ અનુભવ હશે તૃપ્તિ ડિમરી



મુંબઈ, તા.02

તૃપ્તિ ડિમરી હાલમાં સફળતાના શિખરે છે. 2026માં વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'ઓ'રોમિયો'માં તેનાં અભિનયની પ્રશંસા થઈ હતી. તૃપ્તિએ ત્યારબાદ 'મા બહેન' દ્વારા પણ દર્શકોનું દિલ જીત્યું છે. હવે તે સંદીપ રેડ્ડી વાંગાના નિર્દેશનમાં બની રહેલી અને લાંબા સમયથી ચર્ચામાં રહેલી ફિલ્મ 'સ્પિરિટ'માં પ્રભાસ સાથે જોવા મળશે. તાજેતરમાં આપેલા એક ખાસ ઈન્ટરવ્યુમાં તૃપ્તિએ ફિલ્મને લઈને ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તૃપ્તિએ જણાવ્યું કે, "'સ્પિરિટ'ને લઈને હું ખુબ જ ઉત્સાહિત છું. ફિલ્મ ખુબ જ ખાસ રીતે આકાર લઈ રહી છે. હાલમાં તેના વિશે વધુ કંઈ કહી શકું તેમ નથી, પરંતુ યોગ્ય સમયે દર્શકોને ચોક્કસ કંઈક ખાસ જોવા મળશે." તેનાં આ નિવેદનથી ફિલ્મને લઈને ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે.

'સ્પિરિટ'માં તૃપ્તિ ફરી એકવાર સંદીપ રેડ્ડી વાંગા સાથે કામ કરી રહી છે. આ અગાઉ બંનેએ સુપરહિટ ફિલ્મ 'એનિમલ' (2023)માં સાથે કામ કર્યું હતું. ફિલ્મમાં પ્રથમ વખત તૃપ્તિ અને પ્રભાસની જોડી મોટા પડદા પર જોવા મળશે. થોડા સમય પહેલાં જાહેર કરાયેલા પોસ્ટરને પણ દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ફિલ્મ 5 માર્ચ, 2027ના રોજ થિએટરમાં રિલીઝ થવાની છે.

નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી 'મા બહેન'ને મળેલા સારા પ્રતિસાદ બાદ તેની સિક્વલ અંગે પણ ચર્ચાઓ શરૂ થઈ છે. આ અંગે પૂછવામાં આવતા તૃપ્તિએ કહ્યું, "ફિલ્મને મળેલા પ્રેમ માટે હું ખુબ આભારી છું. સિક્વલ બનશે કે નહીં તે નિર્ણય નિર્માતાઓનો છે. યોગ્ય સમય આવશે ત્યારે તેઓ જ તેની સત્તાવાર જાહેરાત કરશે."

# પ્રિયદર્શન અક્ષય કુમાર સાથે નવમી ફિલ્મ કરશે

મુંબઈ, તા.02


પ્રિયદર્શને હેરા ફેરી 3માંથી અલગ થયા બાદ હવે પોતાની આગામી ફિલ્મ અંગે મહત્વની જાહેરાત કરી છે. પ્રિયદર્શને જાહેરાત કરી છે કે તેમની આગામી ફિલ્મમાં ફરી એકવાર અક્ષય કુમાર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ બંનેની સાથેની નવમી ફિલ્મ હશે.

તાજેતરમાં નિર્માતા ફિરોઝ નડિયાદવાલાએ જાહેર કર્યું હતું કે પ્રિયદર્શન હવે હેરા ફેરી 3નું ડિરેક્શન નહીં કરે. ત્યારબાદ પ્રિયદર્શને પણ આ વાતની સત્તાવાર પુષ્ટિ કરતા ચાહકોની આશાઓને ઝટકો લાગ્યો હતો.

હવે આ અંગેના અહેવાલો અનુસાર, પ્રિયદર્શનની આગામી ફિલ્મ એક કોમેડી-થ્રિલર હશે, જેમાં હાસ્ય અને રોમાંચનું અનોખું મિશ્રણ જોવા મળશે. ફિલ્મનું નિર્માણ ટિપ્સ કરશે અને તેનું શૂટિંગ 2026ના અંતમાં, લગભગ ડિસેમ્બરમાં, શરૂ થવાની શક્યતા છે.

સુત્રોના જણાવ્યા મુજબ, પ્રિયદર્શને ફિલ્મની મૂળ વાર્તા તૈયાર કરી છે અને હવે તેઓ લેખક રોહન શંકર સાથે મળીને તેની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. રોહન શંકરે અગાઉ પ્રિયદર્શન સાથે ભૂત બંગલામાં પણ તેની સાથે કામ કર્યું હતું.

અહેવાલો મુજબ, પ્રિયદર્શને અગાઉ અનેક કોમેડી અને થ્રિલર ફિલ્મો બનાવી છે, પરંતુ આ ફિલ્મ બંને શૈલીને અલગ અંદાજમાં રજૂ કરશે. તેમનું માનવું છે કે આ એવો પ્રકારનો પ્રોજેક્ટ છે, જે તેમણે અગાઉ ક્યારેય કર્યો નથી.



અગાઉ એવી ચર્ચા હતી કે પ્રિયદર્શન પહેલા પંકજ ત્રિપાઠી સાથે ડ્રામેડી ફિલ્મ અને ત્યારબાદ મોહનલાલ સાથેનો પ્રોજેક્ટ શરૂ કરશે. જોકે, હવે બંને ફિલ્મો હાલ પુરતી મોકુફ રાખવામાં આવી હોવાનું કહેવાય છે.

પ્રિયદર્શને તાજેતરમાં આ નવા પ્રોજેક્ટ અંગે પુષ્ટિ કરતાં માત્ર એટલું જ કહ્યું, "મારી આગામી ફિલ્મ અક્ષય કુમાર અને ટિપ્સ સાથે છે."

અક્ષય કુમાર અને પ્રિયદર્શનની જોડી અત્યાર સુધી હેરા ફેરી, ગરમ મસાલા, ભૂલ ભુલૈયાસ ભાગમ ભાગ, જેવી અનેક સુપરહિટ ફિલ્મો આપી ચૂકી છે. હાલમાં બંને ભૂત બંગલા અને હૈવાનમાં પણ સાથે કામ કરી રહ્યા છે. હવે આ નવી કોમેડી-થ્રિલર સાથે બંને ફરી એકવાર દર્શકોને મનોરંજનનો નવો અનુભવ કરાવશે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

# બોબી દેઓલ આશ્રમ સીઝન 4 માટે ફરી બાબા નિરાલા બનશે

મુંબઈ, તા.02

ઓટીટી પર સૌથી વધુ ચર્ચિત અને લોકપ્રિય બનેલી વેબ સિરીઝ 'એક બદનામ... આશ્રમ' હવે તેની ચોથી સીઝન સાથે ફરી દર્શકો સામે આવવા તૈયાર છે. આ અંગેના અહેવાલો અનુસાર, ઓગસ્ટ 2026થી સીઝન 4નું શૂટિંગ શરૂ થવાનું છે. આ નવા અધ્યાયમાં ફરી એકવાર બોબી દેઓલ પોતાના યાદગાર પાત્ર બાબા નિરાલા તરીકે પરત ફરશે. તેની સાથે આદિતિ પોહનકર, ચંદન રોય સાન્યાલ અને અન્ય મુખ્ય કલાકારો પણ ફરી જોવા મળશે. સિરીઝનું દિગ્દર્શન હંમેશાની જેમ પ્રકાશ ઝા સંભાળશે. 2020માં શરૂ થયેલી 'એક બદનામ... આશ્રમ' ભારતની સૌથી સફળ ઓટીટી સિરીઝમાંની એક બની હતી. આધ્યાત્મિક ગુરુના વેશમાં સમાજ, રાજકારણ અને સત્તાના દુરુપયોગનું જાળું રચતા બાબા નિરાલાની કહાનીને દર્શકોએ ભારે પસંદ કરી હતી. ધર્મ, રાજકીય પ્રભાવ, ભ્રષ્ટાચાર અને શોષણ જેવા ગંભીર મુદ્દાઓને રજૂ કરતી આ સિરીઝે ભારતીય સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર અલગ ઓળખ ઊભી કરી હતી.

સિરીઝની સૌથી મોટી ખાસિયત બોબી દેઓલનું બાબા નિરાલાનું પાત્ર રહ્યું છે. આ નકારાત્મક અને જટિલ ભૂમિકાએ તેમની કારકિર્દીને નવી દિશા આપી હતી. લાંબા સમય પછી બોબી દેઓલે આ સિરીઝ દ્વારા જોરદાર કમબેક કર્યું અને ત્યારબાદ ફિલ્મો તેમજ વેબ



સિરીઝમાં તેમને અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ મળ્યા.

'એક બદનામ... આશ્રમ' સીઝન 3 પાર્ટ 2ના અંતે અનેક પ્રશ્નો અધૂરા રહી ગયા હતા. બાબા નિરાલાના સામ્રાજ્ય સામે ઊભા થયેલા પડકારો, પમ્મીની લડત અને ભોપા સ્વામીના બદલાતા સમીકરણોએ આગામી સીઝન માટે ઉત્સુકતા વધારી હતી. સીઝન 4માં આદિતિ પોહનકર ફરી પમ્મીના પાત્રમાં જોવા મળશે, જ્યારે ચંદન રોય સાન્યાલ ફરી એકવાર ભોપા સ્વામી તરીકે મહત્વની ભૂમિકા ભજવશે. ઉપરાંત દર્શન કુમાર, અનુપ્રિયા ગોયંકા, વિક્રમ કોચર, ત્રિધા ચૌધરી, અધ્યયન સુમન અને રાજીવ સિદ્ધાર્થ સહિતના કલાકારો પણ ફરી જોડાશે.

# મારા માટે ફરી એક વખત ફિલ્મ કરવાનો અનુભવ અદ્ભુત રહ્યો - એશા

મુંબઈ, તા.02

એશા ગુપ્તાએ આગામી કોમેડી ફિલ્મ ધમાલ 4માં પોતાનાં કમબૅકને લઈને ખુશી વ્યક્ત કરી છે. એશાએ જણાવ્યું કે આ ફિલ્મમાં ફરી કામ કરવાનો અનુભવ તેનાં માટે ખુબ જ યાદગાર રહ્યો છે અને આખી ટીમ સાથે ફરી જોડાવું તેમના માટે ખાસ રહ્યું છે.

એશા ગુપ્તાએ જણાવ્યું કે જીવનના આ તબક્કે તે માત્ર એવા લોકો સાથે કામ કરવા માંગે છે, જેમની સાથે કામ કરવાની મજા આવે. તેણે કહ્યું, "સાચું કહું તો આ અનુભવ અદ્ભુત રહ્યો. હવે હું જીવનના એવા તબક્કે છું જ્યાં હું માત્ર સારા લોકો સાથે જ કામ કરવા માંગું છું. કુમારજી અને ઈન્દ્રાજીનો ફોન આવ્યો કે 'ધમાલ 4' બનાવી રહ્યા છીએ અને તમારે તેનો ભાગ




બનવાનું છે. ટી-સીરીઝ, અજય, અર્શદ અને સમગ્ર ટીમ સાથે ફરી કામ કરવાની તક મળવી મારા માટે ખુશીની વાત હતી. મારા અને મારી ટીમ માટે આ ફરી એકવાર શાનદાર અનુભવ રહ્યો."

ધમાલ ફ્રેન્ચાઈઝીની અગાઉની ફિલ્મમાં એશા ગુપ્તા અને અજય દેવગનની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રીને દર્શકોએ પસંદ કરી હતી. હવે બંને ફરી ધમાલ 4માં સાથે જોવા મળશે, જેને ફિલ્મનું એક મોટું આકર્ષણ માનવામાં આવી રહ્યું છે. આ ફિલ્મમાં અજય દેવગણ અને એશા ગુપ્તા ઉપરાંત અર્શદ વારસી, રિતેશ દેશમુખ, જાવેદ જાફરી, સંજય મિશ્રા, સંજીદા શેખ, અંજલી આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પેટકર અને રવિ કિશન મહત્વમા રોલમાં જોવા મળશે.

# સેન્સેક્સમાં 400 પોઈન્ટની તેજી: 77,300 પર કારોબાર કરી રહ્યો છે, નિફ્ટીમાં પણ 100 પોઈન્ટોનો ઉછાળો, IT અને મેટલ શેર્સમાં વધુ ખરીદી

**મુંબઈ, તા.02**

શેરબજારમાં આજે એટલે કે ૨ જુલાઈએ સતત બીજા દિવસે ધમાકેદાર તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે અને રોકાણકારોમાં ભારે ઉત્સાહ છે. વૈશ્વિક સ્તરે અનેક પડકારો હોવા છતાં ભારતીય શેરબજારના બંને મુખ્ય સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી, શરૂઆતી કારોબારથી જ મજબૂત ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યા છે. મુંબઈ સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ આશરે ૪૦૦ પોઈન્ટ જેટલો મોટો વધારો નોંધાવીને ૭૭,૩૦૦ ના ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ સ્તર પર પહોંચી ગયો છે. બજારના આ સેન્ટિમેન્ટને કારણે ટ્રેડિંગ વોલ્યુમમાં પણ સારો ઉછાળો જોવા મળી રહ્યો છે. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી પણ મજબૂત ગતિ જાળવી રહ્યો છે અને તેમાં ૧૦ પોઈન્ટથી વધુનો આકર્ષક સુધારો નોંધાયો છે. આ મજબૂત સ્પીડના જોરે નિફ્ટીએ ૨૪,૧૦૦ ની મનોવૈજ્ઞાનિક સપાટી સફળતાપૂર્વક વટાવી દીધી છે અને હાલ બજાર આ જ ઊંચા લેવલ પર ટકી રહેવા માટે પૂરા પ્રયાસો કરી રહ્યું છે. બજારના આજના આ પોઝિટિવ ટ્રેન્ડ પાછળ મુખ્યત્વે આઈટી અને મેટલ સેક્ટરના શેર્સમાં આવેલી તેજી જવાબદાર માનવામાં આવી રહી છે, કારણ કે આ બંને સેક્ટરમાં સવારથી જ રોકાણકારો તરફથી પ્રોત્સાહક ખરીદી અને મોટું આકર્ષણ જોવા મળી રહ્યું છે.



સ્થાનિક બજારની આ શાનદાર અને એકતરફી તેજી વચ્ચે જો વૈશ્વિક બજારોના સંકેતો અને સેન્ટિમેન્ટ પર નજર કરીએ તો ત્યાં પરિસ્થિતિ થોડી અલગ અને મિશ્ર જોવા મળી રહી છે. એશિયન બજારોમાં આજે ભારે અસ્થિરતાનો માહોલ છે, જેમાં સાઉથ કોરિયાનો ઈન્ડેક્સ કોસ્પી ૨૮૩ પોઈન્ટ એટલે કે આશરે ત્રણ ટકા જેટલો મોટો કડાકો બોલાવીને ૮,૦૫૧ ના સ્તરે આવી ગયો છે, જે સ્થાનિક રોકાણકારો માટે ચિંતાનો વિષય છે. આ ઉપરાંત જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ પણ વૈશ્વિક દબાણને કારણે ૮૮૩ પોઈન્ટ એટલે કે સવા ટકા જેટલા નોંધપાત્ર ઘટાડા સાથે ૬૯,૫૯૨ ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. જોકે આ ચોતરફી નકારાત્મકતા વચ્ચે હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાંથી ભારતીય બજારને થોડો સપોર્ટ મળ્યો છે, જેમાં ૨૪૧ પોઈન્ટ એટલે કે એક ટકાથી વધુનો સુધારો જોવા મળ્યો છે અને તે ૨૩,૧૨૨ ના સ્તરે પહોંચીને ટ્રેડ થઈ રહ્યો છે. આ આંતરરાષ્ટ્રીય પ્રવાહોની અસર સ્થાનિક સ્તરે મોટા રોકાણકારોના નિર્ણયો પર સ્પષ્ટ જોઈ શકાય છે.

વૈશ્વિક બજારની નબળાઈ માત્ર એશિયા પૂરતી સીમિત નથી, પરંતુ આ અગાઉ ગઈકાલના ટ્રેડિંગ સેશનમાં અમેરિકી શેરબજારો પણ લાલ નિશાનમાં અને ઘટાડા સાથે બંધ થયા હતા, જેની અસર આજે સવારે એશિયાઈ બજારો પર પડી હતી. અમેરિકાનો મુખ્ય ઈન્ડેક્સ ડાઉ જોન્સ સાધારણ ૧૪ પોઈન્ટના ઘટાડા સાથે ૫૨,૩૦૫ ના સ્તરે બંધ રહ્યો હતો, જેમાં કોઈ મોટો ફેરફાર થયો ન હતો. જોકે ટેકનોલોજી કંપનીઓના પ્રભુત્વવાળો નાસ્ડેક ઈન્ડેક્સ ૧૭૪ પોઈન્ટ એટલે કે અડધા ટકાથી વધુના ઘટાડા સાથે ૨૬,૦૪૦ ના સ્તરે બંધ થયો હતો, જેના કારણે વૈશ્વિક આઈટી સેક્ટરમાં થોડો ફફડાટ હતો પરંતુ ભારતીય આઈટી શેરોએ આજે આ ટ્રેન્ડને નકારી દીધો છે. આ સાથે જ એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ પણ ૧૬ પોઈન્ટ તૂટીને ૭,૪૮૩ ના સ્તરે બંધ રહ્યો હતો, જે દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે રોકાણકારો અત્યારે સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે અને મોટા જોખમો લેવાનું ટાળી રહ્યા છે.

ભારતીય બજારના આ વર્તમાન ટ્રેન્ડ વચ્ચે વિદેશી અને સ્થાનિક સંસ્થાગત રોકાણકારોના ચોખ્ખા આંકડા પણ બજારની દિશા સમજવા માટે ઘણા રસપ્રદ અને મહત્વના સાબિત થાય છે. છેલ્લા સાત દિવસના ટ્રેડિંગ સેશનની વાત કરીએ તો વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એટલે કે એફઆઈઆઈ ભારતીય બજારમાંથી સતત નાણાં પાછા ખેંચી રહ્યા છે અને તેમણે આ ટૂંકા ગાળામાં કુલ ૩,૯૦૭ કરોડ રૂપિયાના શેર વેચી નાખ્યા છે. માત્ર તાજેતરના દૈનિક આંકડાની વાત કરીએ તો પણ વિદેશી રોકાણકારોએ ૨,૫૫૭ કરોડ રૂપિયાની નેટ વેચવાલી નોધાવી છે, જ્યારે છેલ્લા ૩૦ દિવસનો લાંબો ગાળો જોવામાં આવે તો આ આંકડો ૩૬,૭૫૪ કરોડ રૂપિયાની જંગી અને ચિંતાજનક વેચવાલી પર પહોંચી ગયો છે. જોકે વિદેશી ફંડ્સની આ સતત વેચવાલી સામે સ્થાનિક સંસ્થાગત રોકાણકારો એટલે કે ડીઆઈઆઈએ ભારતીય બજારની ઢાલ બનીને તેને મજબૂત ટેકો આપ્યો છે અને બજારને તૂટવા દીધું નથી. ડીઆઈઆઈએ તાજેતરના સેશનમાં ૬,૮૪૨ કરોડ રૂપિયાની મજબૂત ખરીદી કરી છે, જ્યારે છેલ્લા સાત દિવસમાં ૯,૬૪૪ કરોડ રૂપિયાની અને છેલ્લા ૩૦ દિવસમાં બજારના સેન્ટિમેન્ટને પૂરેપૂરું સાચવી લેતા ૭૧,૧૦૨ કરોડ રૂપિયાની માતબર રકમની ચોખ્ખી ખરીદી કરીને બજારમાં લિક્વિડિટી જાળવી રાખી છે. વાસ્તવમાં બજારમાં આજે જે તેજી જોવા મળી રહી છે તેનો પાયો ગઈકાલે જ નખાઈ ગયો હતો, કારણ કે આ અગાઉ ગઈકાલે એટલે કે ૧ જુલાઈએ પણ ભારતીય બજારમાં આવી જ શાનદાર તેજીની રોનક જોવા મળી હતી અને બંને ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થયા હતા. તે ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ ૪૪૩ પોઈન્ટના મોટા ઉછાળા સાથે ૭૬,૯૨૨ ના સ્તરે બંધ આવવામાં સફળ રહ્યો હતો, જેના કારણે રોકાણકારોનો ભરોસો વધ્યો હતો. તેની સાથે જ નિફ્ટીમાં પણ ૧૪૦ પોઈન્ટની મજબૂત તેજી નોંધાઈ હતી અને તે ૨૪,૦૦૫ ની મહત્વની સપાટી પર બંધ થયો હતો.

# રોબોટ રમકડાં બનીને રહી ગયા, માનવ કાર્યોથી ઘણા દૂર: 2050 સુધીમાં દુનિયામાં 1 અબજ હ્યુમનોઈડ રોબોટ, ચીન લીડર બન્યું

**બીજિંગ, તા.02**

ગયા વર્ષે 'સ્પ્રિંગ ફેસ્ટિવલ ગાલા'માં હ્યુમનૉઇડ રોબોટ્સના ડાન્સથી પ્રેરિત થઈને, હાંગઝોઉના ઈ-કોમર્સ લાઈવ સ્ટ્રીમર આઈ લિને 25 લાખ રૂપિયામાં પહેલો એન્ડ્રોઇડ ખરીદ્યો અને ભાડાનો વ્યવસાય શરૂ કર્યો. 443 ડોલર/દિવસના ભાડા પર તેમને પ્રદર્શન, ઈવેન્ટ્સ માટે લેવામાં આવવા લાગ્યા. પરંતુ લિન કહે છે કે, 'હ્યુમનૉઇડ્સનું બજાર હજી ગતિ પકડી શક્યું નથી કારણ કે આજના રોબોટ્સ જાતે કામ કરી શકતા નથી. તેઓ ફક્ત મોટા કદના રમકડાં છે. આ ટેકનોલોજી માનવીય શ્રમને બદલવાથી વર્ષો દૂર છે. તેમ છતાં, ચીની સરકાર આર્થિક મંદી અને ઘટતા કાર્યબળ માટે તેના પર અબજો ડોલર ખર્ચી રહી છે. મોર્ગન સ્ટેનલીનો અંદાજ છે કે 2050 સુધીમાં વિશ્વમાં 1 અબજ હ્યુમનૉઇડ રોબોટ્સ હશે, જે 5 ટ્રિલિયન ડોલરથી મોટું બજાર બનાવશે. વિશ્વના લગભગ 90% હ્યુમનૉઇડ રોબોટ્સ ચીનથી આવી રહ્યા છે. વર્ષ 2024માં ચીન પાસે 20 લાખ ઔદ્યોગિક રોબોટ્સનો સ્ટોક હતો, જે જાપાન, અમેરિકા, દક્ષિણ કોરિયા અને જર્મનીના કુલ સરવાળા કરતાં વધુ છે.

બેઈજિંગ, શાંઘાઈ અને શેનઝેનમાં રોબોટ્સ ટ્રાફિક કંટ્રોલ, કોફી અને બીયર પીરસી રહ્યા છે. ટ્રેન્ડ ફોર્સ અનુસાર, ચીનમાં 140 થી વધુ હ્યુમનૉઇડ ઉત્પાદકો છે. પરંતુ ઓછી માગને કારણે આ 'ઈન્ડસ્ટ્રી બબલ' બની રહ્યું છે. ઓમિડિયાના મુખ્ય વિશ્લેષક લિયાન જે સૂ કહે છે, 'ચીન ઉભરતી ટેકનોલોજીમાં કેટલું મજબૂત છે તે દર્શાવવા માટે આ ઉદ્યોગને જાણી જોઈને અતિશયોક્તિભર્યો રજૂ કરવામાં આવ્યો છે.' ચીની સરકારી મીડિયા અનુસાર, દેશમાં 1,53,000 થી વધુ રોબોટ રેન્ટલ બિઝનેસ સક્રિય છે. અગ્રણી ઉત્પાદક અગિબોટે શેરબોટ નામની રેન્ટલ સબસિડિયરી શરૂ કરી છે, જે મુજબ આ બજાર 2026 ના અંત સુધીમાં 1.5 બિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. ગ્રાહકો દરરોજ 517 ડોલરમાં હ્યુમનૉઇડ રોબોટ, શિપિંગ અને માનવ ઓપરેટર મેળવી શકે છે. 8 રોબોટ્સમાં રોકાણ કરનાર 52 વર્ષીય ઝાઓ શિયાઓહોંગ કહે છે, "જ્યારે ટેકનોલોજી અટકી જાય છે અને બજારમાં એકસરખા રોબોટ્સ આવી જાય છે, ત્યારે શરૂઆતનો ઉત્સાહ થાકમાં બદલાઈ જાય છે અને ભાડા ઘટી જાય છે."



યીઝુઆંગના ટેક હબમાં રોબોટ લાયન ડાન્સ કરે છે અથવા બાસ્કેટબોલ ફેંકે છે, પરંતુ નજીકના કેન્દ્રમાં 120 હ્યુમનૉઇડ્સને માનવ ટ્રેનર્સ હાથમાં રિમોટ લઈને ડાયપર બદલવા અથવા પેકેજ સૉર્ટ કરવાનું શીખવી રહ્યા છે. તેમને તાલીમ આપવા માટે માનવીય ડેટાની ભારે અછત છે. ચીની ઉત્પાદકો 'ફિઝિકલ ઈન્ટરેક્શન ડેટા' માટે એક્સ-હ્યુમનૉઇડ જેવી કંપનીઓને પ્રતિ કલાક 14,180 રૂપિયા સુધી ચૂકવી રહ્યા છે.

# રેલવે ટિકિટ બુકિંગ સિસ્ટમ 5 ગણી ઝડપી બનશે: આથી એક મિનિટમાં 1.25 લાખ ટિકિટ બુક થશે, હાલ ક્ષમતા 25,000ની છે

**નવી દિલ્હી, તા.02**

ભારતીય રેલવે હવે ટેકનોલોજીના ક્ષેત્રમાં એક બહુ મોટો ક્રાંતિકારી બદલાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે, જેનાથી દેશના કરોડો મુસાફરોને સીધો ફાયદો થશે. રેલવે મંત્રાલય દ્વારા તેની વર્ષો જૂની પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમને સંપૂર્ણપણે અપગ્રેડ કરવામાં આવી રહી છે. આ આધુનિકીકરણ અને મોટા ફેરફાર બાદ રેલવેની નવી ટિકિટ બુકિંગ સિસ્ટમ એટલી ફાસ્ટ થઈ જશે કે તે દર મિનિટે ૧.૨૫ લાખ ટિકિટ બુક કરવાની અદભુત ક્ષમતા ધરાવતી હશે. રેલવેની આ નવી સ્પીડ તેની વર્તમાન બુકિંગ ક્ષમતા કરતાં પૂરા ૫ ગણી વધારે હશે, જે ડિજિટલ ઈન્ડિયાના વિઝનને રેલવે સેક્ટરમાં એક નવા સ્તરે લઈ જશે.



જો વર્તમાન પરિસ્થિતિની વાત કરીએ તો, અત્યારે રેલવેની ઓનલાઈન સિસ્ટમ એક મિનિટમાં માંડ ૨૫ હજાર ટિકિટ જ પ્રોસેસ કરી શકે છે. આ મર્યાદિત ક્ષમતાના કારણે જ્યારે પણ સવારે તત્કાલ બુકિંગ શરૂ થાય છે અથવા કોઈ તહેવારની સીઝનમાં વેબસાઈટ પર ભારે લોડ આવે છે, ત્યારે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ટિકિટ બુકિંગના મહત્વના કલાકોમાં આ જૂની સિસ્ટમ વારંવાર ધીમી પડી જાય છે અથવા અટકી જાય છે. સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ એટલે કે ક્રિસ (CRIS) દ્વારા બુધવારે તેના ૪૧મા સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન આ નવીનતમ ટેકનોલોજીકલ અપગ્રેડેશન અંગેની સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી છે. ક્રિસના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટિકિટ બુકિંગ ક્ષમતામાં આ ૫ ગણા જંગી વધારાથી આખી ઓનલાઈન સિસ્ટમની કામગીરી અને કાર્યક્ષમતામાં અભૂતપૂર્વ સુધારો જોવા મળશે. આ નવી ક્લાઉડ-આધારિત આધુનિક સિસ્ટમ આવવાથી ભારતીય રેલવે મુસાફરો તરફથી આવતી રિઝર્વેશનની સતત વધતી માગને ખૂબ જ સરળતાથી અને ઝડપથી પૂરી કરી શકશે. સામાન્ય અને મધ્યમ વર્ગના મુસાફરોને હવે સૌથી મોટી રાહત એ મળશે કે તત્કાલ ટિકિટ બુક કરતી વખતે અથવા પિક-અવર્સ દરમિયાન આઈઆરસીટીસી (IRCTC) ની ઓફિશિયલ એપ કે વેબસાઈટ વારંવાર હેંગ થઈ જવાની કે પેમેન્ટ ફેઈલ થવાની ગંભીર સમસ્યાઓમાંથી કાયમી મુક્તિ મળી જશે. આ ટેકનોલોજીકલ ક્રાંતિની સાથે-સાથે રેલવેની ડિજિટલ સેવાઓની લોકપ્રિયતા પણ આકાશ આંબી રહી છે. અધિકારીઓએ ગર્વપૂર્વક જણાવ્યું હતું કે ગયા વર્ષે જ લોન્ચ કરવામાં આવેલી રેલવેની ઓલ-ઈન-વન સુપર એપ 'રેલવન' ને દેશના નાગરિકો તરફથી અદ્ભુત પ્રતિસાદ મળી રહ્યો છે. આ એપની અત્યંત સરળ, આકર્ષક અને યુઝર-ફ્રેન્ડલી ડિઝાઈનના કારણે મુસાફરોને ટિકિટ બુકિંગથી લઈને લાઈવ સ્ટેટસ ચેક કરવાનો એક ઉત્કૃષ્ટ અનુભવ મળી રહ્યો છે. ટૂંકા ગાળામાં જ આ સુપર એપને અત્યાર સુધીમાં ૪.૩૫ કરોડથી વધુ વખત ડાઉનલોડ કરવામાં આવી ચૂકી છે અને હાલમાં આ એપના માધ્યમથી દેશભરમાં દરરોજ સરેરાશ ૧૦ લાખથી વધુ સક્સેસફુલ ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા છે.

# ચાંદી ₹3,800 વધીને ₹2.25 લાખ પ્રતિ કિલો થઈ: સોનું ₹1,700 વધીને ₹1.43 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, આ વર્ષે ₹10 હજાર મોંઘું થયું

**નવી દિલ્હી, તા.02**

સોના અને ચાંદીના ઘરેણાં ખરીદવા ઈચ્છતા લોકો અને રોકાણકારો માટે આજે એટલે કે ૨ જુલાઈએ બજારમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સ્થાનિક બજારમાં કિંમતી ધાતુઓના ભાવમાં એકાએક જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે આઈબીજેએ (IBJA) ના સત્તાવાર આંકડા અનુસાર, આજે ૨૪ કેરેટ શુદ્ધ સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૧,૭૪૮ રૂપિયાનો મોટો વધારો નોંધાયો છે અને આ તેજી સાથે સોનાની કિંમત ૧.૪૩ લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. સોનાની સાથે-સાથે ચાંદીના ભાવમાં પણ આજે ચોંકાવનારો ઉછાળો આવ્યો છે. ઔદ્યોગિક એકમો અને સિક્કા ઉત્પાદકો તરફથી માગ વધવાને કારણે ૧ કિલો ચાંદીના ભાવમાં એક જ દિવસમાં ૩,૮૬૩ રૂપિયાનો તોતિંગ વધારો થયો છે, જેના લીધે હવે ૧ કિલો ચાંદી ખરીદવા માટે રોકાણકારોએ ૨.૨૫ લાખ રૂપિયા ચૂકવવા પડી રહ્યા છે. બજારના આજના આ વલણથી જ્વેલર્સ અને ગ્રાહકો બંનેમાં ભારે હલચલ મચી ગઈ છે. આજના આ મોટા વધારા પહેલાં જો ગયા મહિનાના ટ્રેડિંગ પર નજર કરીએ તો જૂન મહિનામાં ગ્રાહકોને સોના-ચાંદીના ભાવમાં મોટી રાહત મળી હતી અને કિંમતોમાં મોટો ઘટાડો નોંધાયો હતો. ગયા મહિના દરમિયાન સોનાના ભાવમાં આશરે ૧૩ હજાર રૂપિયા અને ચાંદીના ભાવમાં ૩૪ હજાર રૂપિયાનો મોટો કડાકો બોલાયો હતો, જેનાથી લગ્નસરાની ખરીદી કરનારાઓને મોટી બચત થઈ હતી. આંકડાકીય વિશ્લેષણ કરીએ તો ૩૧ મેના રોજ જે સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૫૬,૪૬૩ રૂપિયા હતો, તે જૂન મહિનાના અંતે એટલે કે ૩૦ જૂને ઘટીને ૧,૪૩,૩૮૦ રૂપિયા થઈ ગયો હતો, જે દર્શાવે છે કે સોનું ૧૩,૦૮૩ રૂપિયા જેટલું સસ્તું થયું હતું. તેવી જ રીતે ચાંદી પણ ૩૧ મેના રોજ પ્રતિ કિલો ૨,૬૩,૩૫૦ રૂપિયાના ઊંચા સ્તરે હતી, જે ૩૦ જૂન સુધીમાં ઘટીને ૨,૨૯,૨૯૩ રૂપિયા પર આવી ગઈ હતી, એટલે કે ગ્રાહકોને સીધો ૩૪,૦૫૭ રૂપિયાનો ફાયદો મળ્યો હતો. પરંતુ જુલાઈની શરૂઆત થતાં જ બજારે ફરી એકવાર યુ-ટર્ન લીધો છે અને તેજીનો નવો દોર શરૂ થયો છે.



ચાલુ વર્ષ ૨૦૨૬ના એકંદર ટ્રેન્ડની વાત કરીએ તો સોના-ચાંદીના ભાવમાં સતત ભારે ઉતાર-ચઢાવ અને અસ્થિરતાનો માહોલ જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીના સમયગાળામાં સોનાના ભાવમાં એકંદરે ૧૦ હજાર રૂપિયાનો વધારો થઈ ચૂક્યો છે, જ્યારે તેની સરખામણીએ ચાંદીના ભાવમાં માત્ર એક હજાર રૂપિયા જેટલો સાધારણ ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૫ના છેલ્લા દિવસે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયાના સ્તરે હતો, જે આજના ઉછાળા બાદ હવે ૧.૪૩ લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. બીજી તરફ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ચાંદી પ્રતિ કિલો ૨.૩૦ લાખ રૂપિયા પર ટ્રેડ થઈ રહી હતી, જે અત્યારે ૨.૨૯ લાખ રૂપિયાની આસપાસ સ્થિર જોવા મળે છે. આ ચાલુ વર્ષ દરમિયાન બજારે ઘણા નવા રેકોર્ડ પણ બનાવ્યા છે, જેમાં ખાસ કરીને ૨૯ જાન્યુઆરીના રોજ સોનાએ પ્રતિ ૧૦ ગ્રામ ૧.૭base લાખ રૂપિયા અને ચાંદીએ પ્રતિ કિલો ૩.૮૬ લાખ રૂપિયાનો અત્યાર સુધીનો સૌથી સર્વોચ્ચ ઓલટાઈમ હાઈ સ્તર સ્પર્શ કર્યો હતો. આ વર્ષે સોના-ચાંદીની માસિક ચાલ પર નજર કરીએ તો દર મહિને કિંમતોમાં મોટા ફેરફાર થયા છે. વર્ષની શરૂઆતમાં ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સોનું ૧,૩૩,૧૯૫ રૂપિયા અને ચાંદી ૨,૩૦, pocket૨૦ રૂપિયા પર હતા. ત્યારબાદ જાન્યુઆરીના અંતે સોનું વધીને ૧,૬ canvas૭૯૫ રૂપિયા અને ચાંદી ૩,૩૯,૩૫૦ રૂપિયાના ભારે આકર્ષક સ્તરે પહોંચી ગયા હતા. ફેબ્રુઆરી મહિનામાં થોડો ઘટાડો આવતા સોનું ૧,૫૦,૯૯૭ રૂપિયા અને ચાંદી ૨,૬૬,૭૦૦ રૂપિયા પર બંધ થયા હતા. માર્ચ મહિનામાં આ ઘટાડો ચાલુ રહ્યો અને સોનું ૧,૪૬,૭૩૩ રૂપિયા તથા ચાંદી ૨,૩૦,૧૩૫ રૂપિયા પર આવી ગયા હતા. એપ્રિલ મહિનાથી ફરી બજાર ઉચકાયું અને સોનું ૧,૫૦,૨૬૩ રૂપિયા તથા ચાંદી ૨,૪૦,૩૩૧ રૂપિયા થયા હતા, જે મે મહિનામાં વધુ વધીને સોનું ૧,૫૬,૪૬૩ રૂપિયા અને ચાંદી ૨,૬૩,૩૫૦ રૂપિયા પર પહોંચ્યા હતા. જૂન મહિનામાં મોટો ઘટાડો આવતા સોનું ૧,૪૧,૨૮૬ રૂપિયા અને ચાંદી ૨,૨૫,૪૨૫ રૂપિયાના નીચલા સ્તરે બંધ થયા હતા, પરંતુ આજે ૨ જુલાઈએ ફરી તેજી આવતા સોનું ૧,૪૩,૩૮૦ રૂપિયા અને ચાંદી ૨,૨૯,૨૯૩ રૂપિયાના સ્તરે ટ્રેડ થઈ રહ્યા છે.

આવા ભારે ઉતાર-ચઢાવવાળા બજારમાં જ્યારે ગ્રાહકો જ્વેલર્સ પાસેથી સોનાની ખરીદી કરવા જાય ત્યારે કેટલીક અત્યંત મહત્વની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બને છે જેથી છેતરપિંડીથી બચી શકાય. સૌથી પહેલી બાબત એ છે કે હંમેશા સર્ટિફાઈડ ગોલ્ડની જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો જોઈએ. ગ્રાહકોએ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે બીઆઈએસ (BIS) નો હોલમાર્ક લગાવેલું સોનું જ ખરીદવું જોઈએ, જેના પર એક વિશિષ્ટ આલ્ફાન્યૂમેરિક કોડ લખેલો હોય છે જે હોલમાર્કિંગની અસલી ઓળખ છે અને તેનાથી સોનું કેટલા કેરેટનું છે તેની ચોક્કસ માહિતી મળે છે. આ ઉપરાંત બીજી મહત્વની બાબત એ છે કે ખરીદી કરતા પહેલાં સોનાની કિંમતને અલગ-અલગ સ્રોતો પરથી ક્રોસ ચેક કરવી જોઈએ.

# PF ઉપાડવાના નિયમોમાં ફેરફાર: ₹ 1 લાખના ફંડમાંથી હવે માત્ર ₹75 હજાર જ ઉપાડી શકાશે

**નવી દિલ્હી, તા.02**

કેન્દ્ર સરકારે નોકરિયાત વર્ગના હિતમાં અને તેમની સામાજિક સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. હવે દેશભરના લાખો કર્મચારીઓ બીમારી, ઉચ્ચ શિક્ષણ, સંતાનોના લગ્ન અને નવું ઘર બનાવવા કે ખરીદવા જેવી ગંભીર જરૂરિયાતો માટે પોતાના પ્રોવિડન્ટ ફંડ એટલે કે પીએફ ખાતામાંથી મોટી રકમ ઉપાડી શકશે. સરકારે વર્ષો જૂની 'EPF સ્કીમ 1952' ની વ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર કરીને હવે સામાજિક સુરક્ષા સંહિતા હેઠળ ૨૯ જૂનથી દેશમાં તદ્દન નવી 'EPF સ્કીમ 2026' સત્તાવાર રીતે લાગુ કરી દીધી છે. આ નવા નિયમોના કારણે પીએફ સબસ્ક્રાઈબર્સ માટે આંશિક ઉપાડની શરતો અને મર્યાદા સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે, જેની સીધી અસર કર્મચારીઓના પીએફ બેલેન્સ અને એડવાન્સ ઉપાડ પર પડવાની છે.

નવા ફેરફારને એકદમ સરળ ભાષામાં સમજીએ તો, હવે કોઈ પણ ઈપીએફઓ (EPFO) સભ્ય પોતાના પીએફ ખાતામાં જમા થયેલા પૂરેપૂરા પૈસા આંશિક ઉપાડ તરીકે એકસાથે કાઢી શકશે નહીં. સરકારે ભવિષ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક નવો નિયમ બનાવ્યો છે કે દરેક ગ્રાહકે પોતાના પીએફ ખાતામાં કુલ 'એલિજિબલ મેમ્બર બેલેન્સ' નો ઓછામાં ઓછો ૨૫ ટકા હિસ્સો ફરજિયાતપણે જાળવી રાખવો પડશે. આ ૨૫ ટકા મિનિમમ બેલેન્સને ખાતામાં જ લોક રાખવામાં આવશે અને ગમે તેવી ઈમરજન્સીમાં પણ આ રકમને ઉપાડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ ૨૫ ટકાની કપાત કર્યા પછી જે બાકીનો ૭૫ ટકા હિસ્સો બચશે, તેના પર કર્મચારી ૧૦૦ ટકા સુધીનો ઉપાડ ક્લેમ કરી શકશે.

આ ગણિતને એક સાદા ઉદાહરણ દ્વારા સમજીએ તો, જો કોઈ કર્મચારીના પીએફ ખાતામાં કુલ એલિજિબલ મેમ્બર બેલેન્સ ૧ લાખ રૂપિયા જમા હોય, તો નવા નિયમ અનુસાર તેમાંથી ૨૫ હજાર રૂપિયા ખાતામાં જ રાખવા ફરજિયાત બનશે. આ ૨૫ હજાર રૂપિયા સિવાય જે બાકીના ૭૫ હજાર રૂપિયા બચે છે, તેને જ કર્મચારી પોતાની જરૂરિયાત મુજબ ઉપાડી શકશે. સૌથી મહત્વની વાત એ છે કે આ મિનિમમ બેલેન્સનો નિયમ માત્ર કર્મચારીના પોતાના પગારમાંથી કપાતા હિસ્સા પર જ નહીં, પરંતુ એમ્પ્લોયર એટલે કે કંપની તરફથી મળતા હિસ્સા પર પણ સમાન રીતે લાગુ પડશે. નિયમો અનુસાર 'એલિજિબલ મેમ્બર બેલેન્સ'ની ગણતરી કરતી વખતે કર્મચારી અને કંપની બંનેના માસિક યોગદાનને ભેગું કરવામાં આવે છે અને તે કુલ સરવાળામાંથી જ ૨૫ ટકા રકમ અનામત રાખવામાં આવે છે.



જો કોઈ કર્મચારી પોતાના પીએફ ખાતામાંથી આ પૈસા ઓનલાઈન ઉપાડવા ઈચ્છે છે, તો તેની પ્રક્રિયા ઘણી સરળ છે. આ માટે કર્મચારીએ સૌથી પહેલાં ઈપીએફઓની સત્તાવાર વેબસાઈટ પર જઈને લોગિન કરવાનું રહેશે. વેબસાઈટના હોમ પેજ પર જમણી બાજુએ પોતાનો યુએએન (UAN) નંબર, ગુપ્ત પાસવર્ડ અને સ્ક્રીન પર દેખાતો કેપ્ચા કોડ દાખલ કરવાનો રહેશે. આ વિગતો ભર્યા પછી રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર એક વન ટાઈમ પાસવર્ડ એટલે કે ઓટીપી આવશે, જેને સબમિટ કરીને પ્રોસેસ આગળ વધારવાની રહેશે. ત્યારબાદ સ્ક્રીન પર દેખાતા ઓનલાઈન સર્વિસીસ ટેબ પર ક્લિક કરીને ડ્રોપ-ડાઉન યાદીમાંથી ફોર્મ-૩૧, ૧૯ અથવા ૧૦સી માંથી જરૂરિયાત મુજબનું ફોર્મ પસંદ કરવું પડશે. અહીં કર્મચારીએ પોતાનો લિંક થયેલો બેંક એકાઉન્ટ નંબર ભરીને તેને વેરિફાય કરવો પડશે. આ પ્રક્રિયા પૂરી થયા પછી આગામી પેજ પર એડવાન્સ ઉપાડ માટેનું ફોર્મ નંબર ૩૧ પસંદ કરવાનું રહેશે, જ્યાં કર્મચારીએ કેટલી રકમ ઉપાડવી છે, પૈસા ઉપાડવાનું ચોક્કસ કારણ શું છે અને પોતાનું વર્તમાન સરનામું જેવી તમામ વિગતો સચોટ રીતે ભરવાની રહેશે. આ બધી જ વિગતો બરાબર ચેક કર્યા પછી આધાર ઓટીપી મેળવવાના ઓપ્શન પર ક્લિક કરવાનું રહેશે અને ઓટીપી સબમિટ કરતાની સાથે જ પીએફ ઉપાડનો ક્લેમ ઓનલાઈન સબમિટ થઈ જશે.

આ નવી યોજનામાં સરકારે એવા કર્મચારીઓનું પણ ખાસ ધ્યાન રાખ્યું છે જેમને નોકરી શરૂ કર્યાને હજુ બહુ ઓછો સમય થયો છે. જો કોઈ કર્મચારીએ હજુ પોતાની નોકરીના ૧૨ મહિના એટલે કે પૂરો એક વર્ષ પણ પૂરો કર્યો નથી અને કોઈ કારણસર નોકરી છોડી દેવી પડી છે, તો તે કર્મચારી પણ નવી યોજનાની નિર્દિષ્ટ શરતો અને નિયમોને આધીન રહીને પોતાના પીએફ ખાતામાંથી આંશિક ઉપાડ માટે ક્લેમ કરી શકે છે. પહેલાના કડક નિયમોની સરખામણીમાં નવી સ્કીમમાં આ જોગવાઈને ઘણી લવચીક અને કર્મચારી-ફ્રેન્ડલી બનાવવામાં આવી છે, જેથી મુશ્કેલ સમયમાં યુવાનોને આર્થિક મુશ્કેલી ન પડે. નવી 'EPF સ્કીમ 2026' હેઠળ ઘર બનાવવા અથવા નવું આવાસ ખરીદવા સંબંધિત કાર્યોને પણ વ્યાપક પાયે આવરી લેવામાં આવ્યા છે. સભ્યો પોતાનું નવું ઘર કે ફ્લેટ ખરીદવા માટે, મકાન બાંધકામ અર્થે ખાલી પ્લોટ ખરીદવા માટે, પોતાના જૂના મકાનનું સમારકામ, સુધારણા કે રિનોવેશન કરાવવા માટે અથવા ચાલુ હોમ લોનની ચુકવણી કરવા માટે પીએફ ફંડમાંથી એડવાન્સ પૈસા ઉપાડી શકે છે.

# મેહલી મિસ્ત્રીનું ટાટાની ફેમિલી ઓફિસમાંથી રાજીનામું: ટાટા ટ્રસ્ટસમાંથી હટાવ્યાના થોડા મહિના પછી લીધું પગલું

**મુંબઈ, તા.02**

મેહલી મિસ્ત્રીએ તેમની ફેમિલી ઈન્વેસ્ટમેન્ટ ઓફિસ 'આરએનટી એસોસિએટ્સ'ના બોર્ડમાંથી રાજીનામું આપી દીધું છે. ટાટા ટ્રસ્ટ્સમાંથી બહાર કરાયાના થોડા મહિના પછી મિસ્ત્રીનું આ રાજીનામું સામે આવ્યું છે. આ પગલાથી ટાટા ગ્રુપ અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓ સાથે મેહલી મિસ્ત્રીનું અંતર વધુ વધી ગયું છે.



મેહલી મિસ્ત્રી માર્ચ 2023માં આરએનટી એસોસિએટ્સના બોર્ડમાં ડિરેક્ટર તરીકે સામેલ થયા હતા. બોર્ડને મોકલેલા તેમના રાજીનામા પત્રમાં મિસ્ત્રીએ લખ્યું, 'મારી અન્ય પ્રતિબદ્ધતાઓ અને વ્યસ્તતાઓને કારણે, હું આરએનટી એસોસિએટ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર પદ પરથી મારું રાજીનામું આપી રહ્યો છું, જે 1 જુલાઈ 2026થી અમલમાં આવશે.' મિસ્ત્રીએ આ પત્ર 30 જૂને બોર્ડ ઓફ ડિરેક્ટર્સને લખ્યો હતો.

આ રાજીનામું નવેમ્બર 2025માં ટાટા ટ્રસ્ટ્સમાંથી મિસ્ત્રીને હટાવ્યા બાદ આવ્યું છે. ટાટા ટ્રસ્ટ્સ એ જ સંસ્થા છે જે ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની 'ટાટા સન્સ'માં બહુમતી હિસ્સો ધરાવે છે. મિસ્ત્રીએ પોતાને ટ્રસ્ટમાંથી હટાવવાના નિર્ણયને મહારાષ્ટ્ર ચેરિટી કમિશનર સમક્ષ પડકાર્યો છે.

મિસ્ત્રીનું કહેવું છે કે તેઓ ટ્રસ્ટમાં પોતાની વાપસી નથી ઈચ્છતા, પરંતુ તેઓ ફક્ત તે કથિત ગેરરીતિઓને ઉજાગર કરવા માંગે છે જેના કારણે તેમને બહાર કરવામાં આવ્યા. આરએનટી એસોસિએટ્સમાંથી હટ્યા પછી પણ મેહલી મિસ્ત્રી હાલમાં 'ટાટા એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ'ના બોર્ડ મેમ્બર તરીકે યથાવત છે. આ ટ્રસ્ટ ટાટા ટ્રસ્ટ્સની સૌથી ધનિક એફિલિએટ સંસ્થાઓમાંની એક માનવામાં આવે છે. જોકે, તેઓ હવે ગ્રુપના મુખ્ય બિઝનેસ અને ઈન્વેસ્ટમેન્ટ નિર્ણયોથી સંપૂર્ણપણે દૂર થઈ ગયા છે.

આરએનટી એસોસિએટ્સની સ્થાપના માર્ચ 2009માં કરવામાં આવી હતી. તેના દ્વારા રતન ટાટા નવા સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરતા હતા. હાલમાં તેના બોર્ડમાં રતન ટાટાની બે બહેનો શિરીન જેજીભોય અને ડીના જેજીભોય, ટાટા સન્સના સિનિયર એક્ઝિક્યુટિવ જમશેદ પોંચા અને ટાટા સન્સના જનરલ કાઉન્સિલ સિદ્ધાર્થ શર્માનો સમાવેશ થાય છે.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**સિગ્નલીંગ ગિયર્સ અને ઈલેક્ટ્રોનિક્સ ઈન્ટરલોકિંગ સિસ્ટમના વિવિધ કામ**

**ટેન્ડર નં. DRMSnT-BVP-Sig13of26-27**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ડિવિઝન:- (i) સુરેન્દ્રનગર - ઢસા ૦૬ સ્ટેશનો ખાતે ટ્રેક મશીન સાઈડિંગ. ઢસા સ્ટેશન ખાતે EI માં ફેરફાર માટે સિગ્નલિંગ કામ. (ii) ઢસા - જેતલસર સેક્શન - બે સ્ટેશનો (ચિતલ અને કુકાવાવ) ખાતે ટ્રેક મશીન સાઈડિંગ માટે સાઈડિંગ સુવિધાઓની રચનાના સંબંધમાં ઢસા, કુકાવાવ અને ચિતલ સ્ટેશનો ખાતે સિગ્નલિંગ ગિયર્સની આપૂર્તિ, સંસ્થાપન, પરીક્ષણ, કમિશનિંગ કરવાનું તથા મેધા બનાવટની ઈલેક્ટ્રોનિક્સ ઈન્ટરલોકિંગ સિસ્ટમમાં ફેરફાર કરવાનું કામ. **અંદાજીત પડતર:** ₹ ૨,૫૬,૨૭,૨૯૫.૬૪/- (રૂા. બે કરોડ છપ્પન લાખ સત્યાવીસ હજાર બસો પંચાણું અને ચોંસઠ પૈસા પૂરા) બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: ૨૩/૦૭/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-074

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# જૂનાગઢના માંગરોળમાં જળબંબાકાર, 4 કલાકમાં 7 ઈંચ

## પ્રભાસ પાટણમાં બે બાળક-પિતા ગટરમાં ખાબક્યાં, ગુજરાતમાં એકસાથે 5 વેધર સિસ્ટમ સક્રિય, રેડ એલર્ટ

અમદાવાદ, તા.02






ગુજરાતમાં જુલાઈની શરૂઆતથી જ મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી રહી છે. સતત બીજા દિવસે સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. આજે રાજ્યના 85થી વધુ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં જૂનાગઢના માંગરોળમાં છેલ્લી ચાર કલાકમાં જ સાડા સાત ઈંચથી જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. વેરાવળમાં પણ ધોધમાર વરસાદથી નીચાળવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સાથે શિવ મંદિરમાં પાણી ઘૂસ્યા છે. બીજી તરફ સુરતના ડીંડોલી વિસ્તારમાં લગભગ 40 મીટર રોડ બેસી ગયો હતો, જેમાં વાહનો ફસાયા.

હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતમાં એકસાથે 5 વેધર સિસ્ટમ (ટ્રફ, શેયર ઝોન, લો પ્રેશર, સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) સક્રિય થવાના કારણે આગામી દિવસોમાં રાજ્યભરમાં અત્યંત ભારેથી અતિભારે વરસાદ ખાબકવાની આશંકા છે. આજે (2 જુલાઈ) દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ, અમરેલી, વડોદરા અને નર્મદા સહિતના જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ તથા દ્વારકા, જામનગર અને આણંદ પંથકમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

રાજકોટ-જેતપુર સિક્સ લેનની કામગરી ચાલુ છે, જેના કારણે અમુક ડાયવર્ઝનથી ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. ગોંડલના જામવાડી નજીક હાઈવે પર સિંગલ પટી રોડ પર વાહનોની લાઈન જોવા મળી રહી છે.

ગોંડલના અમુક વિસ્તારોમાં ભારે વરસાદ તો અમુક વિસ્તારોમાં હળવો વરસાદ જોવા મળ્યો હતો. બપોરે 12થી 2 વાગ્યા સુધીમાં 5 મિમી વરસાદ નોંધાયો છે. ગુંદાળા શેરીમાં વરસાદી પાણી વહેતા થયા હતાં. ખોડિયાર નગરના રેલવે અંડરબ્રિજમાં વરસાદી પાણી ભરાતા વાહન-વ્યવહાર અટવાયો.

ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણના વોર્ડ નં. 2માં વરસાદી પાણીથી ઢંકાયેલી ખુલ્લી ગટરમાં બે માસૂમ બાળકો સાથે એક સાયકલસવાર પિતા ખાબક્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેના CCTV ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. સદનસીબે આસપાસના લોકોએ તાત્કાલિક દોડી આવી ત્રણેયનો આબાદ બચાવ કર્યો હતો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરી અને ગંભીર બેદરકારી સામે ભારે રોષ ફેલાયો છે.

ગુલાબનગર, સાઈન કોલોની અને પ્યાદા કોલોની જેવા વિસ્તારોમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રથમ વરસાદે જ ગોઠણસમા પાણી ભરાઈ જતાં જનજીવન ખોરવાયું છે, અને તંત્ર દ્વારા સમસ્યાનો કાયમી ઉકેલ ન લાવવામાં આવતા લોકો વહીવટી તંત્ર સામે સવાલો ઉઠાવી રહ્યા છે.

# માણેકચોકમાં જ્વેલર્સની દુકાનમાંથી 2.80 લાખના દાગીનાની ચોરી.....

## ગ્રાહક બની આવેલા યુવકે મહિલા કર્મચારીની નજર ચૂકવી દાગીના સેરવી લીધા, ચોરીની ઘટના CCTVમાં કેદ

અમદાવાદ, તા.02



માણેકચોકમાં એક જ્વેલર્સ શોપમાં કસ્ટમર બનીને આવેલા એક યુવકે મહિલા સ્ટાફની નજર ચૂકવીને સોનાના દાગીનાની ચોરી કરી છે. દુકાનના સ્ટોકની ગણતરી કરતી વખતે દાગીનાની ઘટ પડી હતી. જેથી સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા ત્યારે કસ્ટમર બનીને આવેલા શખસે ચોરી કરી હોવાનું દેખાયુ હતું. આ અંગે ખાડિયા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

વાસણામાં રહેતા 40 વર્ષીય જીગરકુમાર શાહે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, માણેકચોકમાં જીનેશ્વર જ્વેલર્સ નામની સોનાના દાગીનાની દુકાન તેઓ ચલાવે છે. 30 જૂનના રોજ મહિનો પૂરો થતો હોવાથી તેઓ પોતાની દુકાનમાં દાગીનાનો સ્ટોક ટેલી કરી રહ્યા હતા. ત્યારે ગણતરીના દાગીના ઓછા હતા જેથી તેમણે સીસીટીવી ફૂટેજમાં તપાસ કરી હતી. 26 જૂને બપોરે અંદાજે 12:30 વાગ્યે એક અજાણ્યો યુવક દાગીના ખરીદવાના બહાને જીનેશ્વર જ્વેલર્સમાં આવ્યો હતો. તે સમયે દુકાનમાં નોકરી કરતા મહિલા કર્મચારી આ યુવકને સોનાના કાનના ઝુલા બતાવી રહ્યા હતા. દાગીના જોતી વખતે આ યુવકે મહિલાકર્મીની નજર ચૂકવીને 18 કેરેટના 30 ગ્રામ વજનના સોનાના એક કાનના ઝુલાનું પેકેટ પોતાની પાસે રહેલી બેગમાં મૂકી દીધું હતું.

આ પેકેટમાં આશરે 2,80,000ની કિંમતના 20થી 22 નંગ ઝુલા હતા. ચોરી કર્યા બાદ આ યુવકે હું પછી આવીને ખરીદી જઈશ તેમ કહીને ચાલતી પકડી હતી. CCTV ફૂટેજમાં આ સમગ્ર ઘટના કેદ થઈ હતી. પોલીસે યુવક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્પોર્ટ્સ પ્રોફેસરે નોકરી આપવાના બહાને ઠગાઈ કરી

## ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓને એરફોર્સમાં નોકરી અને ક્રિકેટની સ્ટેટ લેવલની મેચમાં સિલેક્શનના નામે પૈસા પડાવ્યા

અમદાવાદ, તા.02

અમદાવાદની જાણીતી ગુજરાત કોલેજમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓ સાથે કોલેજના જ સ્પોર્ટ્સ વિભાગના પ્રોફેસરે ઠગાઈ કરી છે. પ્રોફેસરે વિધાર્થીઓને એરફોર્સમાં નોકરી અને સ્ટેટ ક્રિકેટ એસોસિએશનમાં સિલેક્ટ કરાવવા અલગ અલગ રકમ પડાવી હતી. જે અંગે વિદ્યાર્થીઓએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.




સાણંદમાં રહેતો પ્રતીક મિશ્રા નામનો વિદ્યાર્થી ગુજરાત કોલેજમાં અભ્યાસ કરે છે. પ્રતીક ગુજરાત કોલેજના વોલીબોલ ગ્રાઉન્ડમાં પ્રેક્ટિસ કરવા માટે જતો હતો, ત્યારે કોલેજના સ્પોર્ટ્સ વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર ફરજ બજાવતા પ્રજ્ઞેશ બારહાટએ પ્રતિકને જણાવ્યું હતું કે, એરફોર્સમાં ભરતી આવી છે, તે નોકરીમાં સેટિંગ કરાવી આપીશ. જે માટે તારે 15000 રૂપિયા ફી પેટે આપવા પડશે. પ્રતિકને એરફોર્સમાં રસ ન હોવાથી ના પાડી હતી. પ્રોફેસરે સ્ટેટ લેવલ ક્રિકેટ મેચમાં સિલેક્શન કરાવી આપવાનું કહ્યું હતું. જેમાં સિલેક્શન માટે 45,500 આપવાનું જણાવ્યું હતું. પ્રતીક જે માટે સહમત થયો હતો. પ્રતિક અને તેના અન્ય મિત્રો બંનેનું સિલેક્શન કરાવવાનું હતું, જેથી પ્રતિકે તેના અને તેના મિત્રના મળીને 99,000 પ્રોફેસરને ટ્રાન્સફર કર્યા હતા. પ્રોફેસર દ્વારા ઈમેલ આવશે તેવું જણાવ્યું હતું. પરંતુ પ્રતિક પર કોઈ પણ ઈમેલ આવ્યો ન હતો. જે બાદ પ્રોફેસરને ફોન કરતા તેમનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. પ્રતિકને જાણ થઈ હતી કે પ્રોફેસરે કોલેજના અન્ય બે વિદ્યાર્થીઓ પાસેથી પણ એરફોર્સમાં નોકરી આપવાના બહાને 15 હજાર રૂપિયા પડાવ્યા છે. આમ કુલ વિદ્યાર્થીઓ સાથે 1.29 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

# પોલીસની ઓળખ આપી 600 ગ્રામ સોનાની લૂંટ

## અમદાવાદ એરપોર્ટ બહાર બે યુવકને ગાડીમાં બેસાડી ગાંધીનગર તરફ લઈ જઈ લૂંટી લેવાયા

અમદાવાદ, તા.02

ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના વેપારીએ વધુ પૈસા કમાવવાની લાલચે દુબઈથી મંગાવેલા 600 ગ્રામ સોનાની અમદાવાદ એરપોર્ટ બહારથી પોલીસની ઓળખ આપીને મહિલા સહિત ત્રણ લોકોએ લૂંટ કરી હોવાનો બનાવ બન્યો હતો. વેપારીના માણસો એરપોર્ટ પરથી સોનુ લઈને ચાલતા બહાર જતા હતા ત્યારે બે ગાડીમાં આવેલા શખસોએ બંનેને ગાડીમાં બેસાડીને પોલીસની ઓળખ આપી સોનુ લૂંટી લીધું હતું. ત્યારબાદ ગાંધીનગર એપોલો સર્કલ તરફ બ્રિજ પાસે લઈ જઈને બંનેને ઉતારીને ફરાર થઈ ગયા હતા. એરપોર્ટ પોલીસ દ્વારા ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે.



મળતી માહિતી મુજબ ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના ટાંડા ખાતે જુનેદ આરીફ નામનો વ્યક્તિ રાઈસ મીલ ધરાવે છે અને તેનો તમામ વ્યવહાર દિલ્હીથી ચાલે .છે દિલ્હી ખાતે નયા બજારની આબીદ જ્વેલર્સના માલિક આબીદ સાથે ઓળખાણ છે. મૂળ ગોધરાના રહેવાસી અરબાઝ અને તેની માતા સાથે દુબઈથી મોકલવામાં આવતા કપડાના વેપાર ધંધા સાથે પણ જુનેદ જોડાયા હતા.


23 જૂનના રોજ અરબાઝે કહ્યું હતું કે, તમે કપડાનો ધંધો કરો છો તેના કરતા સોનાની ખરીદી કરો તો તમને સારા એવા પૈસા મળશે. જેથી જૂનેદે કહ્યું હતું કે સોનામાં કેટલા પૈસા મળે ત્યારે અરબાઝે તેને સો ગ્રામ સોનું ખરીદો તો 1.16 લાખ રૂપિયા નફો મળશે તેવી વાત કરી હતી. જુનેદે નફાની લાલચમાં દુબઈથી 600 ગ્રામ સોનુ મંગાવ્યું હતું. 27 જૂનના રોજ મામા તેમજ માસીના દીકરા હારીશ અને ઐવેશ બંનેને અમદાવાદ ટ્રાવેલ્સ મારફતે સોનું લેવા માટે મોકલ્યા હતા. અમદાવાદ એરપોર્ટથી બંનેને સોનુ આપવા અનવર નામનો માણસ આવવાનો હતો જેનો ફોટો પણ મોકલી આપ્યો હતો. વહેલી સવારે 5:00 વાગ્યે એરપોર્ટ પહોંચી ગયા હતા અને સાત વાગ્યાની આજુબાજુ અનવર પાસેથી 600 ગ્રામ સોનું મેળવી લીધું હતું. બંને ચાલતા ચાલતા સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે આવ્યા હતા. ત્યારે પાછળ એક મહિલા અને બે શખસો કરી રહ્યા હતા.

તેઓ પીછો કરી રહ્યા હોવાના કારણે દોડી અને જતા હતા ત્યારે એક કાર આવીને ત્યાં ઊભી કરી દીધી હતી. બંને શખસોએ તેઓને ગાડીમાં બેસાડી દીધા હતા. ત્યારબાદ દરવાજા બંધ કરી દીધા હતા. પીછો કરતી મહિલા પણ એક ગાડીમાં બેસીને આવી ગઈ હતી. બંને શખસોને પૂછતાં તેમણે કહ્યું હતું કે, અમે પોલીસમાંથી છીએ જેના કારણે ગભરાઈ ગયા હતા અને ગાડી ગાંધીનગર એપોલો બ્રિજ તરફ લઈ ગયા હતા. રસ્તામાં બંનેને માર માર્યો હતો જે કંઈ પણ હોય એ આપી દેવા કહ્યું હતું અને પેન્ટના ખિસ્સામાં રહેલા 600 ગ્રામ સોનાની લૂંટ કરી દીધી હતી.

ગાડી ગાંધીનગર એપોલો સર્કલ પાસે ઉભી રાખી અને બંનેને ઉતારી કાર લઈને શખશો ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ આ બાબતે જુનેદને જાણ કરતાં તે અમદાવાદ આવ્યા હતા અને સોનાનું બિલ ન હોવાથી આ બાબતે તેમણે ફરિયાદ કરી નહોતી. જે બાદ તેમણે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં 600 ગ્રામ સોનાના લૂંટ બાબતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# પીપનું ઢાંકણું નીચે નાખી દેવા બાબતે હત્યા: અમદાવાદમાં મોઢું ધોવા આવેલા યુવકને ટોકતા બબાલ થઈ

અમદાવાદ, તા.02



અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં રબારી કોલોની પાસે મોડી રાત્રે મોઢું ધોવા માટે પાણીના પીપળાનું ઢાંકણું નીચે નાખી દેવા બાબતે યુવકની હત્યા કરવામાં આવી છે. મૃતક યુવકના ઘરની બહાર અન્ય યુવક મોઢું ધોવા માટે આવ્યો ત્યારે પીપના ઢાંકણાને નીચે નાખી દેવાનો અવાજ આવ્યો હતો. જેને લઈને બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આરોપીએ મૃતકને છરી મારી દીધી હતી. જેના કારણે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ થઈ ગયું હતું. અમરાઈવાડી પોલીસને જાણ થતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. હાલ પોલીસે આરોપીની ધરપકડની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અમરાઈવાડીના રબારી કોલોની પાસે વાઘજીભાઈ એસ્ટેટમાં સંગીતાબેન ચૌહાણ તેમના પતિ અને આઠ મહિનાના બાળક સાથે રહે છે. રાત્રિના સમયે ઘરની બહાર કંઈક અવાજ આવ્યો હતો જેથી બંને પતિ-પત્ની ઘરની બહાર આવ્યા હતા. ત્યારે પાંચેક જેટલા છોકરાઓ ઘરની આગળ ઊભા હતા. જેમાં 19થી 20 વર્ષની ઉંમરનો એક છોકરો જે અગાઉ ત્યાં દુકાન પાસે બેસતો હતો તેને સંગીતાબેન ઓળખતા હતા. યુવકે તેમના ઘરની આગળ રાખેલા પાણીના પીપમાં હાથ નાખીને મોઢું ધોતો હતો અને ઢાંકણું નીચે નાખી દીધું હતું જેથી સંગીતાબેનના પતિ કિશનભાઈએ તેને ટોક્યો હતો.

# દહેજ અને દીકરાની માંગે યુવતીનું જીવન બનાવ્યું નર્ક

## આસપાસના લોકોને જાણ ન થાય તે માટે પતિ ડોક્ટર પત્નીને મોઢે કપડું બાંધી માર મારતો, પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ

અમદાવાદ, તા.02



અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહેતી એક મહિલા ડોક્ટરે પતિ સહિત છ સાસરિયાઓ સામે ઘરેલુ હિંસા અને દહેજની માંગણીની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે. પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, લગ્નના થોડા દિવસો બાદથી જ પતિ અને સાસરિયાઓ દ્વારા શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

ફરિયાદ મુજબ યુવતીના લગ્ન વર્ષ 2016માં અહેમદ ( નામ બદલ્યું છે) સાથે થયા હતા. લગ્નના દસ દિવસ બાદથી જ પતિએ મારઝૂડ શરૂ કરી દીધી હતી. પડોશીઓ સુધી અવાજ ન પહોંચે તે માટે તે યુવતીનું મોઢું કપડાથી બાંધીને માર મારતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. યુવતીએ બે દીકરીઓને જન્મ આપ્યા બાદ સાસરિયાઓ દ્વારા મેણાટોણા મારવાનું શરૂ કરવામાં આવ્યું હતું.

'તું વંશને આગળ વધારી નહીં શકે, મારે બીજા લગ્ન કરવા પડશે' કહીને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. સાથે જ દહેજની માંગણી પણ કરવામાં આવતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સાસરિયાઓનો ત્રાસ સહન કર્યા બાદ યુવતી પતિથી અલગ રહેવા લાગી હતી અને ફતેવાડી વિસ્તારમાં પોતાનું ક્લિનિક શરૂ કર્યું હતું. આ દરમિયાન અહેમદ ( નામ બદલ્યું છે) પોતાની બીજી પત્નીને લઈને યુવતીના ક્લિનિક બહાર પહોંચ્યો હતો. ત્યારે યુવતીએ પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા અહેમદ ( નામ બદલ્યું છે) ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ છે કે બંને દીકરીને ગેરકાયદે રીતે લઈ જવાના ઈરાદે સોસાયટીની આસપાસ પતિ આંટાફેરા કરતો હતો. વધુમાં તેણે ત્રણ વખત તલાકની નોટિસ મોકલી હતી, જેમાં યુવતીએ માત્ર એક વખત સ્વીકાર કર્યો હતો.લાંબા સમયથી ચાલતા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને અંતે યુવતીએ પતિ, સસરા અને અન્ય 4 સામે પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

